શ્રી રાજ-સોભાગ સ્મારક ગ્રંથમાળા

પુષ્પ - ૮મું

# આરાધના શિબિર - ૧૦

(તા. ૨૫-૧૨-૯૨ થી તા. ૩૧-૧૨-૯૨)

## મોક્ષમાર્ગ પ્રવેશિકા


સંચાલન

બ્ર.નિ. શ્રી નલિનકાંત કોઠારી

સંકલન

શ્રી રસિકભાઈ શાહ



શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ

નેશનલ હાઈવે ૮-એ ઉપર

સાયલા-૩૬૩૪૩૦, ફોન નં. ૬૦૪

જી. સુરેન્દ્રનગર

**પ્રકાશન સમિતિ :**
શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ
શ્રી રાજ સોભાગ આશ્રમ,
સાયલા ૩૬૩૪૩૦
જિલ્લો સુરેન્દ્રનગર

**પ્રથમ આવૃત્તિ** - સંવત ૨૦૪૯ પોષ માસ
ઈ.સ. ૧૯૯૩ જાન્યુઆરી

**પ્રત - ૧૦૦૦**

**પ્રાપ્તિસ્થાન :**
(૧) **વરજીવનદાસ કલ્યાણજી શાહ**
૪૫/૪૯, બાબુ ગેનુ રોડ (નવી હનુમાન ગલી)
કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ફોન નં : ૩૧૯૯૭૯
(૨) **શ્રી રાજ સોભાગ આશ્રમ**
નેશનલ હાઈ વે-૮એ ઉપર
સાયલા ૩૬૩૪૩૦
ફોન નં : ૬૦૪

**મુદ્રણ :**
**દુન્દુભિ પ્રીન્ટર્સ**
અમદાવાદ

# પ્રસ્તાવના

આપણી સંસ્થા યોગાશ્રમ છે અને સાધના માર્ગમાં આગળ વધવા માટે સાધના શિબિરોનું આયોજન કરવામાં આવે છે. તેમાં આ દશમી આરાધના શિબિર તા. ૨૫-૧૨-૯૨ થી ૩૧-૧૨-૯૨ સુધી યોજવામાં આવી હતી. તેમાં યથાર્થ બોધ વિષે તથા યથાર્થ બોધના પરિણમન થવા માટે જરૂરી વૈરાગ્ય અને ઉપશમ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ શિબિરમાં પૂ. બાપુજી જે આપણા આધ્યાત્મિક માર્ગદર્શક છે. તેઓએ પણ દ્રવ્યાનુ યોગને ખૂબજ સરળ ભાષામાં સમજાવ્યો હતો. શિબિર દરમ્યાન જે કાંઈ કહેવામાં આવ્યું તેને પુસ્તક રૂપે આપવામાં આવી રહ્યું છે. કે જેને સાધકો વારંવાર વિચાર કરીને વિચારદશા પ્રગટાવી શકે અને પોતાની સાધનામાં આગળ વધે એ ભાવના સહ. આ પુસ્તકમાં લેવામાં આવેલ સાહિત્ય માટે મુખ્યત્વે 'શ્રીમદ રાજચંદ્ર' પુસ્તકનો આધાર લેવામાં આવેલ છે.

નલિનભાઈ કોઠારી

મેનેજીંગ ટ્રસ્ટી

શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ

સાયલા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પૂ. બાપુજીનું વક્તવ્ય | ૩ |
| ૨. | વૈરાગ્ય - ઉપશમ | ૧૬ |
| ૩. | નવતત્વ | ૪૨ |
| ૪. | સાધક બાધક કારણો | ૯૩ |
| ૫. | સમાધિભાવ | ૧૧૮ |

## ૧. પૂ.બાપુજી દ્વારા સમજાવેલ છ દ્રવ્યો

તા. ૨૫-૧૨-૯૨ થી ૩૧-૧૨-૯૨

(૧) આ શિબિર શરૂ થઈ છે. તેમાં છ દ્રવ્યોની સમજણ મને પ્રાપ્ત થયેલી છે, તેના આધારે કહીશ. આજે શિબિરનો પ્રથમ દિવસ છે તેથી છ દ્રવ્યમાંથી પ્રથમ ધર્માસ્તિકાય દ્રવ્યને વિષે કહેવા માંગુ છું. જૈન વિજ્ઞાનને હજી સુધી સંપૂર્ણ પણે આજનું ભૌતિક વિજ્ઞાન પહોંચી શક્યું નથી. જૈન વિજ્ઞાન કહે છે કે, આખું જગત ફક્ત છ દ્રવ્યનું જ બનેલું છે. તેમાં એક દ્રવ્ય ધર્માસ્તિકાય છે. તે અરુપી પદાર્થ છે. જેમ આત્મા અરુપી છે તેમ આ દ્રવ્ય એકજ છે અને તે આખા લોક પ્રમાણ છે. તે અસંખ્યાત પ્રદેશાત્મક છે. હવે એનો મુખ્ય ગુણ શું છે ? જેમ માછલીને તરવા માટે પાણીની જરૂર પડે છે તેમ બધા પદાર્થોને હલનચલન કરવું પડે છે. તેમાં સહાયક થવાનો ગુણ છે. જો આ દ્રવ્ય આ લોકમાં ન હોત તો કોઈ પણ પદાર્થ માટે હલન ચલન કરવું શક્ય બનત નહીં. લોક અને અલોકના બે ભાગ પડે છે, તેમાં ધર્માસ્તિકાય જેમાં આવેલો છે તેને લોક કહેવામાં આવે છે. સિદ્ધ થયેલો જીવ આ દ્રવ્યને કારણે મુક્ત થઈને જે ગતિ કરે છે તેમાં સહાયક થઈને લોકના અગ્ર ભાગ સુધી લઈ જાય છે. ત્યાંથી આગળ ધર્માસ્તિકાય દ્રવ્ય નહીં હોવાથી આગળ જઈ શકતો નથી. તેથી સિદ્ધ ક્ષેત્ર લોકના અગ્ર ભાગે આવેલું છે. તે પછી માત્ર અલોક જ છે. જ્યારે કોઈ જીવ મૃત્યુને કારણે શરીર છોડે છે ત્યારે તે પોતાની ગતિ તીવ્ર હોવાને કારણે સિદ્ધ શિલા તરફ પ્રયાણ કરે છે; પણ તેની સાથે કાર્મણ શરીર રહેલું હોવાથી તે શરીર તેને જે ગતિમાં ઉત્પન્ન થવાનું હોય છે તે તરફ ધકેલી દે છે. આ ક્રિયા પણ ધર્માસ્તિકાય દ્રવ્યને કારણે

થાય છે. આ પદાર્થ આપણને કેટલો ઉપયોગી છે ? ઘણો જ ઉપયોગી છે. જીવને સિદ્ધશિલા સુધી પહોંચાડવા માટે નિમિત્તરૂપ છે.

ધ્યાનમાં ભેદ જ્ઞાન કરશું ત્યારે બે જ દ્રવ્ય આવશે. જડથી જુદા પડવું અને ચૈતન્યને પ્રગટ કરવું. આ જાણવું જરૂરી છે. આ દ્રવ્ય જીવને સાધનામાં આડું આવતું નથી, પણ મદદ કરે છે.

ધર્મ, અધર્મ, લોકાકાશ એક ક્ષેત્રાવગાહી અને સરખાં પરિમાણવાળાં છે. નિશ્ચયથી ત્રણે દ્રવ્યની પૃથક ઉપલબ્ધિ છે. પોત પોતાની સત્તાથી રહ્યા છે.

(૨) આજે શિબિરનો બીજો દિવસ છે. આજે અધર્માસ્તિકાય વિષે વાત કરીશું. આખું જગત છ દ્રવ્યનું બનેલું છે. આ દ્રવ્ય પણ ધર્માસ્તિકાય જેવા જ ગુણધર્મો ધરાવે છે. તે પણ ધર્માસ્તિકાયની પેઠે એકજ અખંડિત પદાર્થ છે અને અસંખ્યાત પ્રદેશાત્મક છે. જેમ ધર્માસ્તિકાય જીવોને તથા બીજા પદાર્થોને હલન ચલન કરવામાં મદદરૂપ થાય છે તેમ આ દ્રવ્ય જીવ તથા દરેક પદાર્થને સ્થિતિ કરવામાં સહાયક છે, પૃથ્વી પેઠે. આ દ્રવ્ય પણ લોકાકાશમાં જ આવેલું છે, અલોકમાં નથી. તેનું વર્ણન કરતાં વચનામૃતમાં કહેવામાં આવ્યું છે કે ધર્માસ્તિકાય ગતિમાં મદદ કરે છે અને અધર્માસ્તિકાય સ્થિતિમાં મદદ કરે છે. તેમાં ગોટાળો ન થાય ? એટલે કે સ્થિતિવાળાને ગતિવાળો અધર્માસ્તિકાય બનાવી શકતો નથી અને ગતિવાળાને સ્થિતિવાળો ધર્માસ્તિકાય બનાવી શકતો નથી. જેમ લોઢું લોહચુંબકથી ખેંચાય છે તેમ આ બન્નેના ગુણધર્મો પ્રમાણે જ બને છે. કોઈ દ્રવ્ય ક્યારેય પોતાના ગુણધર્મોની બહાર જઈ વર્તી શકતું નથી. તેથી ગોટાળો થવાની શક્યતા નથી. આ બેય પદાર્થો મોક્ષે જવામાં જીવને શું નુકસાન કરે ? શું અટકાયત

કરે ? તેનાથી રાગદ્વેષ ઉત્પન્ન થઈ શકે ? તેનું સમાધાન એ છે કે આ બન્નેમાંથી એકેય પદાર્થ એવો નથી કે જીવને રાગ દ્વેષ કરાવી શકે તેમજ તે અક્રિય દ્રવ્યો છે. ક્યારેય પોતાના સ્વભાવને છોડીને બહાર આવતા જ નથી. એટલે જીવને કોઈ રીતે નુકસાન કર્તા થતા નથી.

આ જૈન વિજ્ઞાનને આપણે સમજવાનો પુરૂષાર્થ કરી રહ્યા છીએ. જ્યારે આ છએ દ્રવ્યને યથાર્થ સમજશો ત્યારે જણાશે કે આ મોક્ષમાર્ગનો રસ્તો કેવો સરળ અને સુલભ છે.

ધર્મ અને અધર્મ પદાર્થોને ગતિ કે સ્થિતિ કરાવતા નથી પણ તે માટે તૈયાર થયેલાને નિમિત્તરૂપ માત્ર છે.

(૩) આપણે પ્રથમ બે દિવસમાં બે દ્રવ્યોને સમજવાનો પ્રયત્ન કર્યો. આ જાણપણું એટલા માટે કરવાનું છે કે, આપણે આપણને ઓળખવાનો છે. આપણે બીજા પદાર્થોથી જુદો આપણો અનુભવ કરવો છે. માટે આ જાણવા પ્રયત્ન કરી રહ્યા છીએ. આજે ત્રીજા દિવસે આપણે આકાશાસ્તિકાયને સમજવાનો પુરૂષાર્થ કરીએ. આકાશ પણ એક દ્રવ્ય છે. એના પ્રદેશો લોકાકાશમાં અસંખ્યાત છે અને સંપૂર્ણપણે તે અનંત પ્રદેશાત્મક એક દ્રવ્ય છે. લોકમાં જેનું અસ્તિત્વ છે તે લોકાકાશ છે તે સિવાય અલોકમાં પણ આકાશ આવેલું છે. જ્યાં બીજા કોઈ દ્રવ્યનું અસ્તિત્વ નથી. તેનો ગુણ શું છે ? આકાશ આપણને તથા દુનિયાના પદાર્થોને શું આપે છે ? બધાજ પદાર્થોને અવગાહના આપવાનું કાર્ય તે કરે છે.

આકાશમાં મુખ્યતાએ પ્રથમના બે દ્રવ્યો જેવા જ ગુણો રહેલા છે. તેમાં ચેતના ગુણ નથી, આત્મામાં ચેતના ગુણ છે. આપણે આત્માને પકડવા માટે અનુભૂતિ કરવા માટે, પ્રતીતિ કરવાને માટે પુરૂષાર્થ કરી રહ્યા છીએ. માટે જગતના દ્રવ્યોનું જ્ઞાન મેળવવું

જરૂરી છે. જગતની રચના કેવી છે.

બે પગ પહોળા કરી કેડે હાથ દઈ ઊભેલા માણસ જેવી લોકની આકૃતિ છે. તેમાં જ બધાજ પદાર્થો કે દ્રવ્યો આવેલા છે. આ આકાશ દ્રવ્ય પણ આપણને મોક્ષના માર્ગમાં બાધક બની શકતું નથી. કારણ તેના પ્રત્યે આપણને રાગદ્વેષ થતા નથી, મોક્ષ માર્ગમાં આગળ વધતા આપણને આકાશ દ્રવ્ય રોકી શકતું નથી.

(૪) આજે અજીવ તત્વની વાત કરતાં રસિકભાઈએ ધર્મ, અધર્મ, આકાશ અને કાળની વાત કરી. તેમાં મુખ્યત્વે એક ફેર છે કે ગયેલો કાળ પાછો આવતો નથી. દરેક પદાર્થનો વર્તના પર્યાય તે કાળ છે. તે મૂળ દ્રવ્ય નથી. પણ ઉપચારીક દ્રવ્ય છે. કાળ દરેક પદાર્થના પર્યાયને ફેરવવાનું કાર્ય કરે છે તેમ કહી શકાય. કાલાણુઓ દરેક જગ્યાએ આવેલા છે. કાળના બે ભાગ છે. વ્યવહાર કાળ અને નિશ્ચય કાળ. વ્યવહારથી દરેક પદાર્થને કાળ ખાઈ જાય છે અને નિશ્ચયથી જોઈએ તો કાળ પદાર્થ માત્રને રૂપાંતર આપે છે. સમય, દિવસ, રાત્રિ, માસ, ઋતુ વિગેરે વ્યવહારિક કાળ છે. આનું વિસ્તારથી વર્ણન આજના પ્રશિક્ષણમાં આવી ગયું છે તેથી મારૂં વ્યક્તવ્ય અહીં પૂરૂં કરૂંછું. આ ચારમાંથી એકેય જીવને પરેશાન કરતાં નથી. હવે બાકી રહ્યા બે. જીવ અને પુદ્‌ગલ. તેની કેવી લડાઈ ચાલે છે તેની વાત હવે પછી કરીશું.

(૫) આજે શિબિરનો પાંચમો દિવસ ચાલી રહ્યો છે. તેથી આજે પુદ્‌ગલની વાત કરીશું. જીવ અને પુદ્‌ગલની લડાઈ ચાલે છે, તેની વાત પછી કરીશું. આ આખો લોક સંપૂર્ણપણે પુદ્‌ગલ સમુહથી ભરેલો છે. તે અનંતાનંત પરમાણુઓથી ભરેલો છે. સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણું એમ પુદ્‌ગલના ચાર ભેદ છે. પુદ્‌ગલ પૂરણ અને ગલન ધર્મવાળા છે. સ્કંધ પર્યાયનો આવિર્ભાવ થવો તે

પૂરણ અને તિરોભાવ થવો તે ગલન છે.

પુદ્‌ગલનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશ પરમાણુ છે. પરમાણુ સત્‌, અશબ્દ, અવિભાગી અને મૂર્ત છે. પોતે અશબ્દ છે પણ શબ્દનું કારણ, પરમાણુનો સ્કંધ બનવાથી છે. તે એક રસ, એક વર્ણ, એક ગંધ, બે સ્પર્શ, શબ્દની ઉત્પત્તિનું કારણ છે. શરીર, મન, કર્મ આદિ જે જે અનંત એવા મૂર્ત પદાર્થો છે તે પુદ્‌ગલ-પરમાણુ જાણવા યોગ્ય છે. સંસ્થાન, સંઘાત વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને અશબ્દ એમ પુદ્‌ગલ દ્રવ્યથી ઉત્પન્ન થતા પર્યાયો અનંત છે. કાર્મણ વર્ગણા એ પણ પુદ્‌ગલ છે. તે જીવને નિગોદથી માંડીને સાથે વળગેલ છે. તેથી બધી જ યોનિમાં તે જીવની સાથે સાથે જ ચાલે છે. આ કર્મ પુદ્‌ગલો જ આપણને જન્મ મરણના ચકરાવામાં ફેરવ્યા કરે છે. એ ચક્રાવો કેમ બંધ થાય તેની વાત પછી કરીશું. આ પુદ્‌ગલની શક્તિ કેટલી છે ? તે શું કરી શકે છે ? આ ચૈતન્યે શોધખોળ કરીને પુદ્‌ગલની અનંત શક્તિને બહાર આણી છે તે જાણીએ છીએ. એ પુદ્‌ગલ જ આપણને આપણામાં રહેલાં અજ્ઞાન, મિથ્યાત્વ, દર્શન મોહને કારણે કર્મબંધ કરાવી જન્મ મરણના ફેરામાં રખડાવે છે. આપણી એક ક્ષણ પણ એવી નહીં જતી હોય જ્યારે કર્મ બંધન ન થતું હોય. સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને જ કર્મને આવતા રોકી શકાય છે. કર્મના ચાર પ્રકાર કહ્યા છે. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ બંધ. પ્રકૃતિ અને પ્રદેશ બંધ યોગના ચલાયમાનપણાથી થાય છે. જ્યારે સ્થિતિ અને અનુભાગ બંધ કષાય થવાથી થાય છે.

સંસારની સમસ્ત પ્રવૃત્તિઓનું, વિષમતાઓનું કારણ કર્મ છે. તે સૂક્ષ્મ પુદ્‌ગલના સમુહ રૂપ છે. જેને કાર્મણ વર્ગણા કહેવામાં આવે છે.

આત્માના મન, વચન અને કાયાના શુભાશુભ પરિણામ અનુસાર આ કર્મ પુદ્ગલો આત્મ પ્રદેશો પર ચોંટે છે. એ કર્મ બંધ છે. કર્મ બંધના મુખ્ય પાંચ હેતુઓ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. આ બધાનું મુખ્ય કારણ જીવમાં રહેલાં રાગદ્વેષ રૂપ પરિણામો છે. જેના કારણે જીવ વિવિધ પ્રકારનાં કર્મોને બાંધે છે અને કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે.

(૬) દરરોજ એક એક પદાર્થ-દ્રવ્યનું વર્ણન જોયું. આજે જીવ દ્રવ્ય વિષે વાત કરીશું. એટલે કે આપણી વાત આપણે કરવાની છે. જીવનો મુખ્ય ગુણ ચૈતન્ય ઉપયોગ છે. છ પદના પત્રમાં કહ્યું છે કે 'આત્મા છે.' તે શા પરથી ઓળખી શકાય ? જેમ ઘડાના ગુણ જાણવાથી આ ઘડો છે તેમ ઓળખી શકાય છે. જેમ કાપડના ગુણધર્મો જાણવાથી આ કાપડ છે તેમ જાણી શકાય છે, તેમ જીવના ગુણ જાણવાથી જીવને જાણી શકાય છે. આત્માને અરુપી કહ્યો છે તો તેને ઓળખવો શી રીતે ? તેનું ઓળખાણ તેના મુખ્ય ગુણ ચૈતન્ય ઉપયોગ - સ્વપર પ્રકાશક ગુણથી જાણી શકાય છે. ભય દેખીને ભાગી જવાય છે તે ગુણ ચૈતન્ય ગુણ છે. બીજાનું જ્ઞાન થઈ શકે છે તે પણ ચૈતન્ય ગુણને કારણે જ છે. આ જીવ ચાર ગતિ - મનુષ્ય, દેવ, નારક અને તિર્યંચ ગતિમાં ફર્યા કરે છે. આપણે બધા જ ભવો ધારણ કરી અહીં આવ્યા છીએ. જીવ પર્યાય બદલે છે પણ બધી અવસ્થામાં જીવ તો ધ્રુવ જ રહે છે. જીવના મુખ્યતાએ બે પ્રકાર છે. એક સંસારી અને એક સિદ્ધ. તે જીવત્વવાળો, જાણનાર, ઉપયોગવાળો, કર્તા, ભોક્તા, દેહપ્રમાણ વ્યાપક અને અરુપી છે. બળ, ઈન્દ્રિય, આયુષ અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પ્રાણ વડે જે ભુતકાળે જીવતો હતો, વર્તમાને જીવે છે અને ભવિષ્ય કાળે જીવશે તે જીવ છે. તે અસંખ્યાત પ્રદેશ પ્રમાણ છે.

મિથ્યાદર્શન, કષાય અને યોગ સહિત અનંત સંસારી જીવો છે. તેથી રહિત એવા અનંત સિદ્ધ પણ છે. જેમ પદ્મરાગ નામનું રત્ન દૂધમાં નાખ્યું હોય તો તે દૂધના પરિમાણ પ્રમાણે પ્રભાસે છે; તેમ દેહને વિષે સ્થિત એવો આત્મા તે માત્ર દેહ પ્રમાણ પ્રકાશક-વ્યાપક છે.

જીવનો ઉપયોગ સર્વકાળ અનન્યભૂતપણે જાણવો. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન અને કુમતિ, કુશ્રુત તથા વિભંગ એ જ્ઞાનના ભેદ છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અવધિદર્શન, કેવળદર્શન એ દર્શન ઉપયોગના ચાર ભેદ છે. આત્માને જ્ઞાન ગુણનો સંબંધ છે, તેથી આત્મા જ્ઞાની છે એમ નથી. પરમાર્થથી બન્નેનું અભિન્નપણું જ છે.

ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષયોપશમિક અને પારિણામિક ભાવથી જીવના ગુણોનું બહુ વિસ્તીર્ણપણું છે. કર્મના ઉદયથી જે ફળ મળે છે તે ઔદયિક ભાવ છે.

જ્ઞાનનો સંબંધ થવાથી આત્મા જ્ઞાની થાય છે તેમ માનવાથી આત્મા અને અજ્ઞાન-જડત્વનો ઐક્ય ભાવ થવાનો પ્રસંગ આવે. સમવર્તિત્વ સમવાય, અપૃથક્ ભૂત અને અપૃથક્ સિદ્ધ છે. માટે દ્રવ્ય અને ગુણનો સંબંધ વીતરાગ ભગવંતોએ અપૃથક્ સિદ્ધ કહ્યો છે.

ચેતન કે જેને આપણે જાણવો છે. પણ આપણે તો આ શરીર એટલે જ હું અને આ શરીરના સગા તે બધા મારા એમ માનીએ છીએ. પણ તે તો પૂર્વકર્મના ફળ રૂપે સંયોગથી પ્રાપ્ત થયેલા છે. તેમાં મારાપણાની માન્યતા એ જ અજ્ઞાન છે. આ અજ્ઞાન જાય નહીં ત્યાં સુધી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય નહીં. આપણામાં રહેલા મિથ્યાત્વ, ભ્રાંતિ - દર્શનમોહ એ એક જ શબ્દો છે. જીવને

રખડવાનું મૂળ કારણ અજ્ઞાન અને મોહ રહેલા છે. આત્મા અરૂપી છે તો તેને ઓળખવો કઈ રીતે ? કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ છ પદના પત્રમાં જે પ્રમાણો આપ્યા છે, તેને જોવા જોઈએ. ચૈતન્ય સત્તાનો વિચાર કરવો. ચૈતન્ય સત્તા તો તેને કહેવાય કે ભય દેખીને ભાગી જાય. એટલે ચૈતન્ય સત્તા હાજર હોય તો જ ભય લાગે. પણ જો મડદા ઉપર સર્પ વીંટાઈ જાય તો ભય લાગે ? ન જ લાગે. જીવની મોટામાં મોટી ભૂલ અજ્ઞાન - મિથ્યાત્વ છે. આપણો જીવ ઊઠીએ ત્યારથી માંડી રાત્રીએ સૂઈએ ત્યાં સુધી આ શરીરની જ વેઠ કર્યા કરે છે. અમારા ગુરૂ પૂ.શ્રી છોટાભાઈ દેસાઈ એમ કહેતા કે **"જુ ઓ તો ખરા આ શરીરને આ જીવ કેવો વેઠીયો મળ્યો છે. ઊઠે ત્યારથી સૂવે ત્યાં સુધી તેની આળ પંપાળમાં જ રચ્યોપચ્યો રહે છે."** શરીરને થતાં રોગ, સુખ, દુઃખ, તેનાં જન્મ મરણ એ બધા પુદ્ગલના છે. જીવનું મરણ ક્યારેય થતું નથી. મને રોગ થયો, મારો જન્મ થયો, મારૂં મૃત્યુ થશે એમ માનવું તે અજ્ઞાન - મિથ્યાત્વ છે. જો અજ્ઞાન અને મિથ્યાત્વને દૂર કરવામાં આવે તો આપણી અંદર જે ભગવાન આત્મા બેઠો છે તેનો અનુભવ થઈ શકે.

'આત્મા નિત્ય છે.' બધા પદાર્થો નાશવંત છે. પણ આત્મા નાશ પામતો નથી. એમ શા પરથી કહો છો ? તો કહે છે કે ઘડો સંયોગથી બનેલો છે, માટે તે સંયોગો છુટી જતાં નાશ પામી જાય છે, તેવી જ રીતે કાપડ પણ સંયોગોથી ઉત્પન્ન થયું છે તે સંયોગો જુદા પડી જતાં તેનો નાશ થઈ જાય છે. જે સંયોગથી ઉત્પન્ન થયું હોય એ સંયોગો નાશ પામે ત્યારે તેનો નાશ થાય. જ્યારે આત્મા તો કોઈ સંયોગોથી ઉત્પન્ન થતો નથી. જે સંયોગથી ઉત્પન્ન ન થાય તેનો નાશ પણ થાય નહીં. માટે આત્મા અનુત્પન્ન છે.

આત્માને બાળી શકાતો નથી, છેદી શકાતો નથી, ભેદી શકાતો નથી એટલે તેનામાં જેટલા આત્મ પ્રદેશો અત્યારે છે તે આ પહેલાંના ભવોમાં પણ તેમજ હતા અને ભાવી કાળમાં તેમજ રહેવાના છે. એવું સમપણું પણ તેનામાં રહેલું છે.

આત્મા ક્રિયાસંપન્ન છે માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ કહેવામાં આવ્યું છે. પરમાર્થથી સ્વભાવનો કર્તા કહ્યો છે. અનુપચરિત, અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત વ્યવહારથી આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચારથી ઘર નગર આદિનો કર્તા છે.

જીવ ક્ષણે ક્ષણે કાંઈ પણ ન કરતો હોય છતાં નવા કર્મ બાંધ્યા જ કરે છે. જ્યારે યથાર્થ જ્ઞાન થાય, આત્મ સાક્ષાત્કાર થાય અને જેટલો સમય સ્વભાવમાં સ્થિર રહી શકે તેટલો સમય કર્મબંધન થતું નથી.

અજ્ઞાન હોવા છતાં નિર્જરા તો થાય છે, પણ તે સાથે સમભાવ ન રહેતો હોવાથી નવા કર્મનું બંધન પણ થાય છે. માટે સ્વભાવ તેમજ વિભાવને ઓળખી સ્વભાવમાં જેટલો વખત રહી શકાય તેટલો સમય રહેવા પુરૂષાર્થ કરવો જોઈએ. આમ કરતાં રહેવાથી જ આ ભવ ભ્રમણનો અંત આવશે. ઘર નગર આદિનો પણ કર્તા જીવ છે, કારણ આપણો કલ્યાણ હોલ બાંધનાર કારીગર હતો. જેનામાં જીવ નામનું તત્ત્વ અસ્તિત્વ ધરાવતું હતું.

જે કર્મ બંધાય તે ભોગવવા જોઈએ. શુભનું ફળ શુભ અને અશુભનું ફળ અશુભ છે. સાધના કરતાં કરતાં જ્યાં પહોંચ્યા હોય અને આ ભવ પૂરો થઈ જાય તો, આગળના ભવમાં જ્યાંથી સાધના અધુરી રહી હોય ત્યાંથી પાછી ચાલુ થઈ જાય છે. તે સાધના કરવાં માટેના સઘળાં સાધનો મળી આવે છે.

આત્મા ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. આના પર વિચાર કરવો જોઈએ. બધા કર્મોનો ક્ષય થઈ જાય તો તેનો મોક્ષ થાય. મોક્ષ માર્ગની વાત તો બધા કરે છે. પણ કોઈની પાસે યથાર્થ વાત હોય તેમ લાગતું નથી. બધા જ કહે છે કે અહીં આવો તો મોક્ષ છે અને બીજે જશો તો મિથ્યાત્વ છે. આમ મોક્ષના માર્ગ અનેક થઈ જાય છે. જે શક્ય નથી. મોક્ષનો માર્ગ તો એકજ છે. જે માર્ગ ઋષભદેવ ભગવાનના સમયમાં હતો તે જ શાંતિનાથ ભગવાન, નેમનાથ ભગવાન, પાર્શ્વનાથ ભગવાન અને મહાવીર સ્વામીના વખતમાં હતો. એ જ માર્ગ તેમના ગણધરો પાસે હતો. પરંપરાએ ચાલ્યો આવતો હતો, પણ સોળમા સૈકા પછી એ માર્ગ લુપ્ત થયેલો જણાય છે. કારણ તેને યથાર્થ જાણનારા જુજ છે અને જે જાણે છે તે પોતાની જાતને છુપાવીને રહે છે. જ્યાં સુધી યથાર્થ મોક્ષ માર્ગ જણાય નહીં ત્યાં સુધી તેની આરાધના કરી મોક્ષે પહોંચી શકાય નહીં. દા.ત. પાલીતાણા જવું હોય તો અહીંથી સુદામડા-પાલીયાદ-બોટાદ-ગઢડા-ઢસા-સોનગઢ થઈને જવાય. તેની જાણકારી હોય તો જ આગળ વધી શકાય. તેવી જ રીતે મોક્ષ માર્ગની જાણકારી હોય તો જ આગળ વધી શકાય. પણ હાલમાં તો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી બધા જ જુદા જુદા માર્ગ કહે છે. પણ રસ્તો એક જ છે.

પૂર્વ પુણ્યના યોગે રસ્તાની પ્રાપ્તિ થઈ છે, મોક્ષમાર્ગ મળ્યો છે, માટે તેનો પુરૂષાર્થ કરો.

આત્માના ગુણો લક્ષણો સમતા-રમતા-ઉર્ધ્વતા જ્ઞાયકતા વિગેરેને જાણવા જોઈએ, સમજવા જોઈએ અને આત્મસાત કરવા જોઈએ. આપણી આંખ ક્યારે વિંચાઈ જશે તેની ખબર નથી. શીશીની જેમ આ દેહ ફૂટી જશે. કેટલાયને વળાવ્યા છે, તેમ

આપણે પણ જવાનું છે. માટે સાવધાન થઈ જાઓ, જો સાવધાન નહીં થાવ તો પણ જેમ નાર બોકડાને ગળચીથી પકડી ઉપાડી જાય છે, તેમ કાળ પણ આપણને ઉપાડી જશે. ત્યારે પસ્તાવો થશે કે જોગ મળ્યો પણ સાધના કરી શક્યા નહીં. માટે સમય નથી તેમ નહીં કહેતાં, તમારા વ્યવસાયમાંથી સમય ખોતરી ખોતરીને કાઢો અને આ માર્ગની આરાધના કરો.

આપણે છ દ્રવ્યો જોયા. તેમાં ધર્મ-અધર્મ-આકાશ-કાળ આત્માનું કાંઈ બગાડી શકતા નથી. ફક્ત લડાઈ જીવ અને પુદ્ગલ વચ્ચે જ રહેલી છે. જેટલો સમય આત્મલક્ષી વિચારો કે સાધનામાં ગાળશો તેટલો જ સમય સાચો થયો ગણાશે. બાકી તો વ્યર્થ જઈ રહ્યો છે, તેમ સમજવું.

(૭) આજે શિબિરનો આખરી દિવસ છે. આપણે છ દ્રવ્યો વિષે વાત કરી. તેમાં ધર્મ-અધર્મ-આકાશ-કાળ જીવને મોક્ષમાં જતાં રોકી શકતા નથી. કાળ એ તો ફક્ત વર્તના પર્યાય છે. આખું જગત જીવ અને પુદ્ગલનું જ તોફાન છે. આને કારણે જ આપણે રખડી રહ્યા છીએ. આમાંય વાંક તો જીવનો છે. કારણ જીવમાં જ્યાં સુધી અજ્ઞાન છે-દર્શનમોહ છે, ત્યાં સુધી પુદ્ગલ - કર્મરૂપે વળગે છે. જો અજ્ઞાનનો નાશ થાય તો આ પુદ્ગલ વળગે નહીં. દેહ એટલે જ 'હું.' એમ માનીને ચાલીએ છીએ. આ શરીરના સગા સંબંધીને મારા માનીને ચાલીએ છીએ તે જ અજ્ઞાન છે. આને જ અવિદ્યા-ભ્રાંતિ-મિથ્યાત્વ કહેવામાં આવે છે. આ છે ત્યાં સુધી જન્મ મરણના ફેરા છુટતા નથી. કર્મ કેમ બંધાય છે ? તે આના પરથી સમજમાં આવ્યું હશે... તેને દૂર કરવા માટે યથાર્થ બોધની - સમજણની જરૂર પડે છે. તે આવે તો જ કર્મબંધન થતું અટકે. હવે જે કહું છું તે મને પણ શરૂઆતમાં સમજાતું ન હતું. તે એ કે,

**"દ્રવ્ય કર્મનું નિમિત્ત પામીને જીવ ઉદયાધીન ભાવે પરિણમે છે - ભાવકર્મનું નિમિત્ત પામીને નવા કર્મ બંધાય છે. છતાં કોઈ કોઈના કર્યા થતા નથી."**

આની સમજણ એ છે કે ઉદય કર્મને અનુસરી જીવ ઉદયભાવે પરિણમે છે અને નવા કર્મબંધનું કારણ બને છે. ઉદિત ભાવે પરિણમવું તેનું નામ ભાવકર્મ છે.

**"હોય ન ચેતન પ્રેરણા."** જો ચેતન ઉદયભાવ પ્રમાણે પરિણમે નહીં તો નવાં કર્મ બંધાય નહીં. આપણે એવું કરીએ છીએ કે કચરો કાઢતાં વાસીદામાં સાંબેલું વાળી નાખીએ છીએ. આત્મા પણ આવી રીતે વર્તી રહ્યો છે. આ વાત જો સમજમાં આવી જાય અને વિભાવમાં ભટકવાનું બંધ કરીને જે કચરો ભેગો કર્યો છે તેને કાઢી નાખીએ તો આ ભવમાં બધા ભવનું સારું વળી રહેશે. બધા એમ કહે છે કે, હું મારાપણું કરતો નથી કે સગામાં સંબંધીઓમાં મારાપણું કરતો નથી, પણ જો તમો તમારા જીવનને તમારી ચર્યાને બરાબર ઝીણવટથી તપાસશો તો ખબર પડશે કે આપણો મોટા ભાગનો સમય 'હું' અને 'મારા'માં વહ્યો જઈ રહ્યો છે તેમ જણાશે.

ક્ષણે ક્ષણે જુના કર્મો તો ખરી રહ્યા છે, નિર્જરી રહ્યા છે, પણ તેની સાથે નવા ન બંધાય તો આ શરીર રૂપી કોઠીમાં જેટલા કર્મો ભરેલા હશે તે ખુટી જશે અને જીવનો મોક્ષ થઈ જશે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગથી કર્મ બંધાય છે. મિથ્યાત્વને કાઢ્યાં વગર કષાયોને ક્ષય કરવા માંગીએ તો તેનો નાશ થતો નથી. પહેલાં મિથ્યાત્વને જ દૂર કરવામાં આવે તો જ બાકીના ક્રમે કરીને જાય.

આપણે દેહને લાકડાની પેઠે બાળી નાખવામાં આવે છે તે

જાણીએ છીએ અને બધી સંપત્તિ મૂકીને જાય છે છતાં આપણે તેને બાથ ભરીને બેઠા છીએ. આ મિથ્યાત્વ-ભ્રાંતિ છોડ્યા વગર જે કાંઈ કરશો તો નકામું જશે. માટે તમે સમજો અને સમય કાઢી સાધના કરો.

**- સદ્‌ગુરુદેવ કી જય -**

## ૨. વૈરાગ્ય - ઉપશમ

**"સર્વ વસ્તુ ભયાન્વિતં ભુવિ નૃણાં વૈરાગ્યમેવાભયં ।" (૩૩)***

સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનકરૂપ આ સંસારને વિષે માત્ર વૈરાગ્ય જ અભય છે. એટલે કે વૈરાગ્ય વડે આત્માને સંસ્કારિત કરવાથી જીવ જન્મ મરણના ફેરા ટાળીને અભય પદને પ્રાપ્ત થાય છે. તીવ્ર વૈરાગ્ય સાથે આત્મ ભાવના ભાવતાં જીવની દૃષ્ટિ બહિર્મુખ મટીને અંતઃર્મુખ બને છે. ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જવળ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે.

**ભોગે રોગ ભયં કુલે ચ્યુતિભયં વિત્તે નૃપાલાદ્ ભયં**
**માને દૈન્યભયં બલે રિપુભયં રુપે તરુણ્યા ભયમ્**
**શાસ્ત્રે વાદભયં ગુણે ખલભયં, કાયે કૃતાંતાદ્ ભયં**
**સર્વ વસ્તુ ભયાન્વિતં ભુવિ નૃણાં વૈરાગ્યમેવા ભયં**

રાજા ભર્તૃહરિ વૈરાગ્ય આવી જવાથી ચાલી નીકળ્યા.પછી તેઓએ કહેલ વાણીમાંથી આ પંક્તિઓ લેવામાં આવી છે. તે વૈરાગ્યને જ દૃઢ કરનારી છે. તે શું કહે છે તે જોઈએ.

ભાવાર્થ : ભોગમાં રોગનો ભય છે; કુળથી પડવાનો ભય છે;

*** કૌંસમાં આંકડા છે તે શ્રીમદ રાજચંદ્રના પુસ્તકના પાના નંબર દર્શાવે છે.**

લક્ષ્મીમાં રાજાનો ભય છે; માનમાં દીનતાનો ભય છે; બળમાં શત્રુનો ભય છે; રૂપથી સ્ત્રીને ભય છે; શાસ્ત્રમાં વાદનો ભય છે; ગુણમાં ખળનો ભય છે; અને કાયા પર કાળનો ભય છે. એમ સર્વ વસ્તુ ભયવાળી છે; માત્ર એક વૈરાગ્ય જ અભય છે !

સંસારના મનોહર લાગતા સુખ ભયથી ભરેલા છે. વિવેકથી વિચારતાં જ્યાં ભય છે, ત્યાં કેવળ શોક જ છે, જ્યાં શોક હોય ત્યાં સુખનો અભાવ છે; જ્યાં સુખનો અભાવ રહ્યો છે, ત્યાં તિરસ્કાર કરવો યથોચિત્ત છે. સંસારની સમગ્ર સામગ્રીને જ્ઞાનીઓએ શોકરૂપ જ ગણાવી છે, એ એમના વિવેકના પરિણામ છે. (૩૩)

એક નાનામાં નાના જંતુથી કરીને મંદોન્મત્ત હાથી સુધીનાં સઘળાં પ્રાણીઓની સ્વાભાવિક ઈચ્છા સુખ અને આનંદ પ્રાપ્ત કરવામાં છે, તેથી તેનો પુરૂષાર્થ કર્યા કરે છે, પરંતુ વિવેક બુદ્ધિના ઉદય વિના તેમાં તેઓ વિભ્રમ પામે છે (૩૨). શાસ્ત્રોનાં શાસ્ત્રો મુખપાઠે હોય એવા પુરૂષો - આત્માઓ ઘણા મળી શકે, પરંતુ જેણે થોડાં વચનો પર પ્રૌઢ અને વિવેક પૂર્વક વિચાર કરી શાસ્ત્ર જેટલું જ્ઞાન હૃદયગત કર્યું હોય તેવા મળવા દુર્લભ છે. તત્ત્વને પહોંચી જવું એ કંઈ નાની વાત નથી, કૂદીને દરિયો ઓળંગી જવો છે. જેઓ નિર્ગ્રંથ પ્રવચનના પવિત્ર વચનો મુખપાઠે કરે છે, તે તેઓના ઉત્સાહબળે સત્ફળ ઉપાર્જન કરે છે; પરંતુ જો તેનો મર્મ પામ્યા હોય તો એથી એ સુખ, આનંદ, વિવેક અને પરિણામે મહદ્ભૂત ફળ પામે છે (૭૭). નિર્ગ્રંથ વચનામૃતો સત્ફળ આપે જ, પણ મર્મ પામવાની વાતની તો બલિહારી જ છે. વિવેક એ ધર્મનું મૂળ તત્ત્વ છે, તેથી પ્રત્યેક કાર્ય યત્ના પૂર્વક કરવું એ વિવેકી જીવનું કર્તવ્ય છે. તે માટે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું આચરણ જરૂરી છે (૭૮). સત્ધર્મની અનાદરતા, ઉન્માદ, આળસ, કષાય

એ સઘળાં પ્રમાદનાં લક્ષણ છે. માટે વિવેકી જીવે તેને ઓળખી છાંડવાં પ્રયત્નશીલ થવું, જેથી વૈરાગ્ય યથાતથ્ય સ્થિરતાને પામે (૯૪). વિવેક એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે. વિવેકથી જ ધર્મ ટકે છે. વિવેક નથી ત્યાં ધર્મ નથી, વૈરાગ્ય નથી. તો વિવેક એટલે શું ?

સત્યાસત્યને તે તે સ્વરૂપે કરીને સમજવાં તેનું નામ વિવેક. સંસારનાં સુખો અનંતીવાર આત્માએ ભોગવ્યાં છતાં તેમાંથી હજુ પણ મોહિની ટળી નહીં અને તેને અમૃત જેવો ગણ્યો એ અવિવેક છે, કારણ સંસાર કડવો છે, કડવા વિપાકને આપે છે; તેમજ વૈરાગ્ય જે કડવાં વિપાકનું ઔષધ છે, તેને પણ કડવો ગણ્યો, આ પણ અવિવેક છે. જ્ઞાન દર્શનાદિ ગુણોને અજ્ઞાન, અદર્શને ઘેરી લઈ જે મિશ્રતા કરી નાખી છે, તે ઓળખી ભાવ અમૃતમાં આવવું એનું નામ વિવેક છે (૯૫). અલિપ્ત ભાવમાં રહેવું એ વિવેકીનું કર્તવ્ય છે.

આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્મનો કર્તા છે, ભોક્તા છે, તેથી તે નિવૃત થઈ શકે છે અને નિવૃત થઈ શકવાનાં સાધન છે. એ છ કારણો જેને વિચારે કરીને સિદ્ધ થાય તેને વિવેકજ્ઞાન અથવા સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ ગણવી એમ શ્રી જિને નિરુપણ કર્યું છે. જે નિરુપણ મુમુક્ષુ જીવે વિશેષ કરી અભ્યાસ કરવા યોગ્ય છે (૪૫૨).

વૈરાગ્યને તીવ્ર કરવા માટે યથાતથ્ય વિવેક જરૂરી છે. તેથી અહીં વિવેકની વ્યાખ્યા આપણે જોઈ અને તે કેમ પ્રાપ્ત થાય તે પણ જોયું.

સંસાર રૂપી સમુદ્ર અનંત અને અપાર છે, એનો પાર પામવા પુરૂષાર્થનો ઉપયોગ કરો, સંસાર એકાંત અને અનંત શોકરૂપ તેમજ

દુ:ખપ્રદ છે. અહો ! ભવ્ય જીવો ! એનાં મધુરી મોહિની ન આણતાં એથી નિવૃત્ત થાઓ નિવૃત્ત થાઓ (૩૩). સંસારની નિવૃત્તિ કરવા માટે વૈરાગ્ય જળનું આવશ્યકપણું છે અને એ જ માટે વીતરાગના વચનમાં અનુરક્ત થવું ઉચિત છે... એ જ મુક્તિનું કારણ છે. એ વીતરાગ સર્વજ્ઞના વચનને વિવેક-બુદ્ધિથી શ્રવણં, મનન, નિદિધ્યાસન કરી હે જીવ ! આત્માને ઉજ્જવળ કર (૩૫). મુક્તિને સાધ્ય કરવા માટે જે વૈરાગ્યની આવશ્યકતા છે તે વૈરાગ્યને દૃઢ કરવા માટે ભગવાને બાર ભાવનાઓ ઉપદેશી છે (૩૬). ''ભિખારીનો ખેદ'' માં જેમ સ્વપ્નાની એકે વસ્તુનું સત્યત્વ નથી, તેમ સંસારની એકે વસ્તુનું સત્યત્વ નથી. બન્ને ચપલ અને શોકમય છે, આવું વિચારી બુદ્ધિમાન પુરૂષો આત્મશ્રેયને શોધે છે. આ અનિત્ય ભાવના વડે વૈરાગ્યને દૃઢ કરો (૩૭).

વૈરાગ્ય એ જ અનંત સુખમાં લઈ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે (૯૬). આત્મા સંસારમાં વિષયાદિક મલિનતાથી પર્યટન કરે છે. તે મલિનતાનો ક્ષય વિશુદ્ધ ભાવ જળથી હોવો જોઈએ. અર્હન્તનાં કહેલા તત્વરૂપ સાબુ અને વૈરાગ્ય રૂપી જળથી ઉત્તમ આચાર રૂપ પત્થર પર રાખીને આત્મ વસ્ત્રને ધોનાર નિર્ગ્રંથ ગુરુ છે. આમાં જો વૈરાગ્ય રૂપી જળ ન હોય તો બધાં સાહિત્યો કાંઈ કરી શકતાં નથી. માટે વૈરાગ્યને ધર્મનું સ્વરૂપ કહી શકાય. તેથી અર્હંત પ્રણિત તત્ત્વ વૈરાગ્ય જ બોધે છે તો તે જ ધર્મનું સ્વરૂપ ગણવું (૨૧૫). જેથી ઉદાસીનપણું, વૈરાગ્ય કે ચિત્તની સ્વસ્થતા થતી હોય તેવું ગમે તે પુસ્તક વાંચવું, તેનાથી યોગ્યપણું પ્રાપ્ત થાય (૨૧૯).

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં. એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં, આ જીવે પરિભ્રમણ ન

કર્યું હોય, સંકલ્પ વિકલ્પનું રટણ ન કર્યું હોય અને એ વડે સમાધિ ન ભૂલ્યો હોય... નિરંતર આનું સ્મરણ મહાવૈરાગ્યને (પુષ્ટિ) આપે છે (૨૨૧).

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તરંગરૂપ થઈ પડે છે, સંત વિના અંતની વાતનો અંત પમાતો નથી. લોક સંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોક ત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે (૨૨૨). નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો તે વૈરાગ્યને જ પુષ્ટ કરે છે (૨૫૦).

ચિત્તનું સરળપણું, વૈરાગ્ય અને સત્ પ્રાપ્ત હોવાની જિજ્ઞાસા એ પ્રાપ્ત થવાં પરમ દુર્લભ છે; સત્ ને વિષે પ્રીતિ, 'સત્' રૂપ સત્ ને વિષે પરમ ભક્તિ, તેના માર્ગની જિજ્ઞાસા, એ જ નિરંતર સંભારવા યોગ્ય છે. તે સ્મરણ રહેવામાં ઉપયોગી એવા વૈરાગ્યાદિક ચરિત્રવાળા પુસ્તકો અને વૈરાગી, સરળ ચિત્તવાળાનો સંગ અને પોતાની ચિત્તશુદ્ધિ એ સારાં કારણો છે. એ મેળવવા રટણ રાખવું કલ્યાણ કારક છે (૨૮૨).

પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાય રૂપ તેની અનાદિ વિપર્યાસ ભાવને પામેલ એવી બુદ્ધિ છે, કે જે વ્યક્તપણે કે અવ્યક્તપણે વિપર્યાસ પણે પદાર્થ સ્વરૂપને નિર્ધારી લે છે; તે વિપર્યાસ બુદ્ધિનું બળ ઘટવા, યથાવત્ વસ્તુ સ્વરૂપ જાણવાને વિષે પ્રવેશ થવા, જીવને વૈરાગ્ય અને ઉપશમ સાધન કહ્યા છે (૪૦૭).

જેને વૈરાગ્ય અને ઉપશમ સંબંધી ઉપદેશ બોધ થયો નથી તેને બુદ્ધિનું વિપર્યાસપણું વર્ત્યા કરે છે અને જ્યાં સુધી બુદ્ધિનું વિપર્યાસપણું હોય ત્યાં સુધી સિદ્ધાંતનું વિચારવું પણ વિપર્યાસ પણે થવું જ સંભવે છે.

ગૃહ કુટુંબ પરિગ્રહાદિભાવને વિષે જે અહંતા, મમતા છે અને

તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ, કષાય છે તે જ વિપર્યાસ બુદ્ધિ છે અને અહંતા મમતા તથા કષાય જ્યાં વૈરાગ્ય ઉપશમ ઉદ્ભવે છે ત્યાં મંદ પડે છે, અનુક્રમે નાશ પામવા યોગ્ય થાય છે (૪૦૭). ગૃહ કુટુંબ આદિ ભાવને વિષે અનાસક્ત બુદ્ધિ થવી તે વૈરાગ્ય છે અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાય ક્લેશ તેનું મંદ થવું તે ઉપશમ છે. જ્યાં વૈરાગ્ય અને ઉપશમ બળવાન છે, ત્યાં વિવેક બળવાનપણે હોય છે. વૈરાગ્ય ઉપશમ બળવાન ન હોય ત્યાં વિવેક બળવાન હોય નહીં. જો જીવને આરંભ પરિગ્રહનું પ્રવર્તન વિશેષ રહેતું હોય તો વૈરાગ્ય અને ઉપશમ હોય તો તે પણ ચાલ્યા જવા સંભવે છે. કેમકે આરંભ અને પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમના મૂળ છે, વૈરાગ્ય અને ઉપશમના કાળ છે. જો કંઈ પણ સંસારનાં પદાર્થોનો વિચાર કરવામાં આવે, તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં; કેમકે માત્ર અવિચારે કરીને તેમાં મોહ બુદ્ધિ રહે છે. (૪૦૮)

તીવ્ર વૈરાગ્યવાનને ઉદયના પ્રસંગો શિથિલ કરવામાં સફળતા મળે છે. તેવા વિચિત્ર ઉદયના પ્રસંગો ઉપસ્થિત થતાં જોઈ વૈરાગ્યવાનને અત્યંત ઉદાસપણું ચિત્તમાં આવે છે.

**વૈરાગ્યાદિ સફળતો, જો સહ આતમ જ્ઞાન;**

**તેમજ આતમ જ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન - ૬.**

**આ.સિ. શાસ્ત્ર**

વૈરાગ્ય ત્યાગ આદિ સાથે જો આત્મજ્ઞાન હોય તો સફળ છે, અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના હેતુ છે અને જ્યાં આત્મજ્ઞાન ન હોય ત્યાં પણ જો તે આત્મજ્ઞાનને અર્થે કરવામાં આવતા હોય, તો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે.

વૈરાગ્ય ત્યાગ દયાદિ અંતરંગ વૃત્તિવાળી ક્રિયા છે. તે આત્મજ્ઞાન સાથે જો હોય તો સફળ છે, અર્થાત્ ભવનું મૂળ છેદે છે; અથવા વૈરાગ્ય, ત્યાગ, દયાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે, કારણો છે.એટલે જીવમાં પ્રથમ એ ગુણો આવ્યેથી સદ્ગુરુનો ઉપદેશ તેમાં પરિણામ પામે છે. ઉજ્જવળ અંતઃકરણ વિના સદ્ગુરુનો ઉપદેશ પરિણમતો નથી, તેથી વૈરાગ્યાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિના સાધનો છે.

અત્રે જે જીવો ક્રિયા જડ છે તેને એવો ઉપદેશ કર્યો કે કાયા માત્ર જ રોકવી તે કાંઈ આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ નથી, વૈરાગ્યાદિ ગુણો આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે, માટે તમે તે ક્રિયાને અવગાહો અને તે ક્રિયામાં પણ અટકીને રહેવું ઘટતું નથી; કેમકે આત્મજ્ઞાન વિના તે પણ ભવનું મૂળ છેદી શકતાં નથી. માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિને અર્થે તે વૈરાગ્યાદિ ગુણોમાં વર્તો અને કાય ક્લેશ રૂપ પણ કષાયાદિનું જેમાં તથારૂપ ક્ષીણપણું થતું નથી તેમાં તમે મોક્ષમાર્ગનો દુરાગ્રહ રાખો નહીં, એમ ક્રિયા જડને કહ્યું.

જે શુષ્કજ્ઞાનીઓ ત્યાગ વૈરાગ્યાદિરહિત છે, માત્ર વાચાજ્ઞાની છે, તેને એમ કહ્યું કે, વૈરાગ્યાદિ સાધન છે. તે આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં કારણો છે, કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી, જો તમે વૈરાગ્યાદિ પણ પામ્યા નથી. તો આત્મજ્ઞાન ક્યાંથી પામ્યા હો. ઉદાસીનતા, દેહની મૂર્છાનું અલ્પત્વ, ભોગમાં અનાસક્તિ તથા માનાદિનું પાતળાપણું એ આદિ ગુણો વિના તો આત્મજ્ઞાન પરિણામ પામતું નથી અને આત્મજ્ઞાન પામ્યે તો તે ગુણો અત્યંત દૃઢ થાય છે, કેમકે આત્મજ્ઞાન રૂપ મૂળ તેને પ્રાપ્ત થયું. તેને બદલે તમે આત્મજ્ઞાન અમને છે એમ માનો છો અને આત્મામાં તો ભોગાદિ કામનાની અગ્નિ બળ્યા કરે છે, પૂજા સત્કારાદિની

કામના વારંવાર સ્ફુરાયમાન થાય છે, સહજ અશાતાએ બહુ આકુળવ્યાકુળતા થઈ જાય છે, તે કેમ લક્ષમાં આવતાં નથી, કે આ આત્મજ્ઞાનનાં લક્ષણો નહીં. માત્ર માનાદિ કામનાએ આત્મજ્ઞાની કહેવરાવું છું. એમ જે સમજવામાં આવતું નથી તે સમજો અને વૈરાગ્યાદિ સાધનો પ્રથમ આત્મામાં ઉત્પન્ન કરો કે જેથી આત્મજ્ઞાનની સન્મુખતા થાય (૫૨૭).

**ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;**

**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન -૭. આ.સિ.શાસ્ત્ર**

જેના ચિત્તમાં ત્યાગ, વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન થયાં ન હોય તેને જ્ઞાન ન થાય; અને જે ત્યાગ વૈરાગ્યમાં જ અટકી રહી, આત્મજ્ઞાનની આકાંક્ષા ન રાખે તે પોતાનું ભાન ભૂલે અર્થાત્ અજ્ઞાનપૂર્વક ત્યાગ, વૈરાગ્યાદિ હોવાથી તે પૂજા સત્કાર આદિથી પરાભવ પામે અને આત્માર્થ ચૂકી જાય. જેના અંતઃકરણમાં ત્યાગ વૈરાગ્યાદિ ગુણો ઉત્પન્ન થયા નથી એવા જીવને આત્મજ્ઞાન ન થાય, કેમકે મલિન અંતઃકરણરૂપ દર્પણમાં આત્મ ઉપદેશનું પ્રતિબિંબ પડવું ઘટતું નથી, તેમજ માત્ર ત્યાગ, વૈરાગ્યાદિમાં રાચીને કૃતાર્થતા માને છે તે પણ પોતાના આત્માનું ભાન ભૂલે અર્થાત્ આત્મ જ્ઞાન નહીં હોવાથી અજ્ઞાનનું સહચારીપણું છે, જેથી તે ત્યાગ વૈરાગ્યાદિ માન ઉત્પન્ન કરવા અર્થે અને માનાર્થે સર્વ સંયમાદિ પ્રવૃત્તિ થઈ જાય. જેથી સંસારનો ઉચ્છેદ ન થાય. માત્ર ત્યાં જ અટકવું થાય, અર્થાત્ આત્મજ્ઞાનને પામે નહીં એમ ક્રિયા જડને સાધન, ક્રિયા અને તે સાધનનું જેથી સફળપણું થાય છે એવા આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો અને શુષ્કજ્ઞાનીને ત્યાગ, વૈરાગયાદિ સાધનનો ઉપદેશ કરી વાચાજ્ઞાનમાં કલ્યાણ નથી એમ પ્રેર્યું (૫૨૮).

ઐશ્વર્યપદ પ્રાપ્ત થતું હોય તો ઈચ્છાથી નહીં સ્વીકારતાં, પણ તેમાં ધર્મની ઉન્નતિ કરવા માટે તે ઉપયોગી થશે એમ જાણી વૈરાગ્ય ભાવના સાથે સ્વીકારે તે ઉદય કહેવાય (૬૯૫).

વૈરાગ્યના ત્રણ પ્રકાર છે. મોહ ગર્ભિત, દુ:ખગર્ભિત અને જ્ઞાન ગર્ભિત. કેટલાક જીવો મોહગર્ભિત વૈરાગ્યથી અને કેટલાંક જીવો દુ:ખગર્ભિત વૈરાગ્યથી સર્વસંગ પરિત્યાગ કરવા તરફ આગળ વધે છે. દીક્ષા લેવાથી સારા સારા પદાર્થો ખાવા મળશે, ઉઘાડે પગે તડકામાં ચાલવાથી મુશ્કેલી છે. પણ તેમ તો સાધારણ ખેડૂતો તડકામાં ઉઘાડા પગે ચાલે છે તો તેની પેરે સહજ થઈ રહેશે. પણ બીજી રીતે દુ:ખ નથી અને કલ્યાણ થશે. આવી ભાવનાથી દીક્ષા લે તો એ મોહ ગર્ભિત વૈરાગ્ય છે. જે સાંસારિક દુ:ખથી સંસાર ત્યાગ કરે તો તેનો વૈરાગ્ય દુ:ખ ગર્ભિત છે (૬૯૫).

વૈરાગ્ય પામવો હોય તો પોતાના કર્મને નિંદવા, કર્મને પ્રધાન ન કરવાં, પણ આત્માને માથે રાખવો, પ્રધાન કરવો (૬૯૭). જેને વૈરાગ્ય-ઉપશમ વર્તતો હોય તેને જ વિચારવાન કહીએ (૭૧૩).

ત્યાગ સાથે વૈરાગ્ય જોડાય ત્યારે જ કામ થાય. એટલે કે વૈરાગ્ય થાય ત્યારે જ ત્યાગ થાય (૭૧૭).

જ્ઞાન વૈરાગ્ય સાથે હોય અને વૈરાગ્ય જ્ઞાન સાથે હોય છે, એકલાં ન હોય. વૈરાગ્ય શૃંગાર સાથે ન હોય અને શૃંગાર સાથે વૈરાગ્ય ન હોય (૭૬૨). પ્રથમથી જ આયુધ બાંધતાં અને વાપરતાં શીખ્યા હોઈએ તો લડાઈ વખતે તે કામ આવે છે, તેમ પ્રથમથી જ વૈરાગ્ય દશા પ્રાપ્ત કરી હોય તો અવસર આવ્યે કામ આવે છે આરાધના થઈ શકે છે.

સંસારના ભાવોમાં જે રક્તમાનપણું છે તે ભાવો તરફ ઉદાસીન ભાવ કેળવવો તે વૈરાગ્ય છે. જે આસક્તિભાવ સંસારી પદાર્થો પ્રત્યે છે તેના પ્રત્યે અનાસક્ત ભાવ કેળવવો તે વૈરાગ્ય છે. જે આપણી વિપર્યાસ બુદ્ધિ છે, એટલે કે સંસારી પદાર્થોમાં અહંતા મમતા છે તેને છોડવાની છે. જ્યાં સુધી જીવ વિપર્યાસ બુદ્ધિમાં રચ્યો પચ્યો રહે છે. ત્યાં સુધી યથાતથ્ય વૈરાગ્યભાવ કેળવાતો નથી. સંસાર ભાવમાંથી પાછા ફરવા માટે વૈરાગ્ય અને ઉપશમ બળવાન સાધનો છે.

આપણી અંદર ઉદયને કારણે ઊભા થતા કષાયો, રાગદ્વેષ વિ.ને આત્મબળ વડે સમાવી દેવા તે ઉપશમ છે. ઉપશમ એટલે ગુરૂકૃપા પણ થાય છે. યથાયોગ્ય પાત્રતા થયે સદ્‌ગુરુ દ્વારા જે માર્ગ બતાવવામાં આવે છે તેને પણ ઉપશમ કહેવામાં આવે છે. કષાયોને જાગૃતિ સાથે સમાવવા માટે સાધકે હંમેશા પુરૂષાર્થ કરવો ઘટે. તેના માટે આત્મલક્ષી અભ્યાસ જરૂરી છે. યોગ વાસિષ્ઠમાં પણ કહ્યું છે કે, મનને વશ કરવા માટે વૈરાગ્ય અને અભ્યાસ જરૂરી છે. અભ્યાસ એટલે આત્મલક્ષી વિચારોને આપણી અંદર સંસ્કારિત કરવાં અને આત્માને નુકસાન કરનારા ભાવો જાણી તેને છાંડવા પુરૂષાર્થ કરવો.

સતત અભ્યાસ વગર મન આત્મલક્ષી વિચારો માટે સંસ્કારિત થતું નથી. વૈરાગ્ય અને ઉપશમ છે તે યથાયોગ્ય પાત્રતા થવા માટે જરૂરી સાધનો છે. વૈરાગ્ય બળવાન થવાથી વિવેક જાગૃત થાય છે. જે વિવેક દ્વારા સદ્‌ગુરુ દ્વારા પાસેથી મેળવેલ શ્રુતજ્ઞાન પર વિચાર કરી હેય અને ઉપાદેય ભાવોને ઓળખી તે પ્રમાણે છાંડવા કે આદરવાનો પુરૂષાર્થ કરવો.

મન જ્યાં સુધી યથાતથ્ય વૈરાગ્ય ભાવોથી વાસિત થતું નથી,

ત્યાં સુધી તેને સ્થિર કરવું, એકાગ્ર કરવું દુષ્કર છે. એકાગ્ર થયેલા મનને આત્મા સાથે લીન કરવું સરળ બને છે.

કૃપાળુ દેવ પણ કહે છે કે,

**રાગ દ્વેષ અજ્ઞાન એ મુખ્ય કર્મની ગ્રંથ;**

**થાય નિવૃત્તિ જેહથી, એ જ મોક્ષનો પંથ. - આ.સિ.શાસ્ત્ર**

સાધકને તો ચાલશે, ફાવશે અને ભાવશે આ ત્રણનો અભ્યાસ કરવો પણ જરૂરી છે. આ રીતે મનને સંસ્કારિત કરવાથી મન એકાગ્ર સહેલાઈથી થઈ જશે, કારણ કે પછી વિકલ્પોની હારમાળા ઘટતી જશે અને મન લીન થઈ જશે.

જ્યારે જ્યારે સમય મળે ત્યારે વૈરાગ્ય અને ઉપશમ ભાવોને દઢ કરતાં રહેવું જોઈએ. જેથી પ્રસંગ ઊભો થયે આપણે જાગૃત રહી શકીએ અને નવા કર્મબંધથી દૂર રહી શકીએ.

વૈરાગ્ય ઉપશમ - દઢ થયે જ જીવ આત્મ સાક્ષાત્કાર તરફ આગળ વધી શકે છે.

વૈરાગ્ય વધારવા માટેની વિચારણા કરવા માટે વચનામૃતમાંથી થોડાક અવતરણો જોઈએ.

''અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે અને એ મહાવૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠુ છે

એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ ન કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું જીવી નહીં શકું એવા કેટલાક પદાર્થો તે અનેકવાર છોડતાં, તેનો વિયોગ થયા અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિ ભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરૂં, તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસી પણે, નાના જંતુ પણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ? અને તેમ કરવાની તો ઈચ્છા નહોતી ! ...એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરૂપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દૃઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કાંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે અને તેમાં કાળ જાય છે, જીવન ચાલ્યું જાય છે, એને ના જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દૃઢતા છે તેનું કેમ કરવું ? કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?

ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો અને દુનિર્મિત હો, પણ એમ કરવું જ ત્યાં સુધી હે જીવ છુટકો નથી.

ક્ષણે ક્ષણે પલટાની સ્વભાવ વૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું, તે ન હોય તો આર્યાચરણ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિન ભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઈચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે. (પત્રાંક-૧૨૮)

નિઃસ્પૃહભાવે જગતમાં પ્રતિબંધને વિસારી આત્મહિતમાં આવવું એ ઉપશમ ભાવ છે (૧૮૩). શુદ્ધ સમદૃષ્ટિના બળ વીર્યને યોગ્ય થવા પુરૂષાર્થ કરવો તે માધ્યસ્થ, ઉપેક્ષા કે ઉપશમ ભાવ છે. સમજીને અલ્પભાષી થનારને પશ્ચાતાપ કરવાનો થોડો જ અવસર સંભવે છે (૧૮૮). નિર્ગુણી જીવ પ્રત્યે મધ્યસ્થતા રાખવી તે ઉપશમ ભાવ છે.

ક્રોધાદિક કષાયોનું સમાઈ જવું, ઉદય આવેલાં કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય તેવી આત્મદશા થવી અથવા

અનાદિકાળની વૃત્તિઓ સમાઈ જવી. તે શમ (ભાવ) છે. (૨૨૬)

સોળ ભાવનાઓથી ભૂષિત થયેલો હોવા છતાં પણ પોતે સર્વોત્કૃષ્ટ જ્યાં મનાયો છે, ત્યાં બીજાની ઉત્કૃષ્ટતાને લીધે પોતાની ન્યુનતા થતી હોય અને કંઈ મત્સરભાવ આવી ચાલ્યો જાય તો, તેને ઉપશમ ભાવ હતો, ક્ષાયક નહોતો આ નિયમા છે. (૨૫૪)

જિનાગમ છે તે ઉપશમ સ્વરૂપ છે, ઉપશમ સ્વરૂપ એવા પુરૂષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યાં છે, ઉપદેશ્યા છે, તે ઉપશમ આત્માર્થે છે, અન્ય કોઈ પ્રયોજન અર્થે નથી (૩૩૧). બંધ વૃત્તિઓને ઉપશમાવવાનો તથા નિવર્તાવવાનો જીવને અભ્યાસ, સતત અભ્યાસ કર્તવ્ય છે, કારણકે વિના વિચારે, વિના પ્રયાસે તે *વૃત્તિઓનું ઉપશમવું અથવા નિવર્તવું કેવા પ્રકારથી થાય ? કારણ* વિના કોઈ કાર્ય સંભવતું નથી તો આ જીવે તે વૃત્તિઓનાં ઉપશમન કે નિવર્તનનો કોઈ ઉપાય કર્યો ન હોય. એટલે તેનો અભાવ ન થાય એ સ્પષ્ટ સંભવરૂપ છે. ઘણીવાર પૂર્વકાળે વૃત્તિઓના ઉપશમનનું તથા નિવર્તનનું જીવે અભિમાન કર્યું છે, પણ તેવું કંઈ સાધન કર્યું નથી અને હજુ સુધી તે પ્રકારમાં જીવ કંઈ ઠેકાણું કરતો નથી, અર્થાત્ તેને તે અભ્યાસમાં કંઈ રસ દેખાતો નથી; તેમ કડવાશ લાગતાં છતાં તે કડવાશ ઉપર પગ દઈ આ જીવ ઉપશમન-નિવર્તનમાં પ્રવર્તન કરતો નથી. આ વાત વારંવાર આ દુષ્ટ પરિણામી જીવે વિચારવા યોગ્ય છે; વિસર્જન કરવા યોગ્ય કોઈ રીતે નથી (૪૧૧).

ઉપશમ જ જે જ્ઞાનનું મૂળ છે, તે જ્ઞાનમાં તીક્ષ્ણ વેદના પરમ નિર્જરા ભાસવા યોગ્ય છે (૬૫૩). ઉપશમ એટલે સત્તામાં આવરણનું રહેવું (૭૧૬).

આત્મહિતની વાત તરત જ કરવી મુલતવી રાખવાથી ભૂલ

થાપ ખાઈ બેસાય છે. પરમ શાંત થવાનો માર્ગ ગ્રહણ કરવો. તેથી જ ઉપશમ ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવ થાય છે (૭૭૧).

ઉપશમ, વૈરાગ્ય, વિવેક વિષે પ.કૃ. દેવે, પત્રાંક ૫૦૬ માં વિશદ્દતાથી વિવેચન કર્યું છે. તેને જરા જોઈ જઈએ તો આપણને અચૂક ફાયદો થશે.

''શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ એમ કહ્યું છે કે જેને વિપર્યાસ મટી દેહાદિને વિષે થયેલી આત્મબુદ્ધિ અને આત્મભાવને વિષે થયેલી દેહબુદ્ધિ તે મટી છે, એટલે આત્મા આત્મપરિણામી થયો છે, તેવા જ્ઞાની પુરૂષને પણ જ્યાં સુધી પ્રારબ્ધ વ્યવસાય છે, ત્યાં સુધી જાગૃતિમાં રહેવું યોગ્ય છે. કેમકે, અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વિપર્યાસ ભયનો હેતુ ત્યાં પણ અમે જાણ્યો છે... વિરતિ આદિ ગુણ સ્થાનકે વર્તતા એવા જ્ઞાનીને તો કાર્યે કાર્યે અને ક્ષણે ક્ષણે આત્મજાગૃતિ યોગ્ય છે. પ્રમાદવશે ચૌદ પૂર્વ અંશે ન્યૂન જાણ્યા છે, એવા જ્ઞાની પુરૂષને પણ અનંતકાળ પરિભ્રમણ થયું છે. માટે જેની વ્યવહારને વિષે અનાસક્ત બુદ્ધિ થઈ છે, તેવા પુરૂષે પણ જો તેવા ઉદયનું પ્રારબ્ધ હોય તો તેની ક્ષણે ક્ષણે નિવૃત્તિ ચિંતવવી અને નિજભાવની જાગૃતિ રાખવી. આ પ્રકારે ...શ્રી તીર્થંકરાદિકે ભલામણ દીધી છે; તો પછી જેનો માર્ગાનુસારી અવસ્થામાં હજુ પ્રવેશ થયો નથી, એવા જીવને તો આ સર્વ વ્યવસાયથી વિશેષ વિશેષ નિવૃત્તિભાવ રાખવો; અને વિચાર જાગૃતિ રાખવી યોગ્ય છે, એમ જણાવવા જેવું પણ રહેતું નથી, કેમકે તે તો સહેજે સમજણમાં આવી શકે એવું છે.

...પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાયરૂપ તેની અનાદિ વિપર્યાસ ભાવને પામેલી એવી બુદ્ધિ છે, કે જે વ્યક્તપણે કે અવ્યક્તપણે વિપર્યાસપણે પદાર્થ સ્વરૂપને નિર્ધારી લે છે; તે

વિપર્યાસ બુદ્ધિનું બળ ઘટવા, યથાવત્ વસ્તુ સ્વરૂપ જાણવાને વિષે પ્રવેશ થવા, જીવને વૈરાગ્ય અને ઉપશમ સાધન કહ્યાં છે; અને એવાં જે જે સાધનો જીવને સંસાર ભય દૃઢ કરાવે છે તે તે સાધનો સંબંધી જે ઉપદેશ કહ્યો છે તે 'ઉપદેશ બોધ' છે.

આ ઠેકાણે એવો ભેદ ઉત્પન્ન થાય કે ઉપદેશ બોધ કરતાં સિદ્ધાંત બોધનું મુખ્યપણું જણાય છે, કેમકે ઉપદેશબોધ પણ તેને જ અર્થે છે, તો પછી સિદ્ધાંત બોધનું જ પ્રથમથી અવગાહન કર્યું હોય તો જીવને પ્રથમથી જ ઉન્નતિનો હેતુ છે. આ પ્રકારે જો વિચાર ઉદ્ભવે તો તે વિપરીત છે, કેમકે સિદ્ધાંત બોધનો જન્મ ઉપદેશબોધથી થાય છે. જેને વૈરાગ્ય ઉપશમ સંબંધી ઉપદેશબોધ થયો નથી, તેને બુદ્ધિનું વિપર્યાસપણું વર્ત્યા કરે છે અને જ્યાં સુધી બુદ્ધિનું વિપર્યાસપણું હોય ત્યાં સુધી સિદ્ધાંતનું વિચારવું પણ વિપર્યાસપણે થવું જ સંભવે છે. કેમકે ચક્ષુને વિષે જેટલી ઝાંખપ છે, તેટલો ઝાંખો પદાર્થ તે દેખે છે અને જો અત્યંત બળવાન પડળ હોય તો તેને સમૂળગો પદાર્થ દેખાતો નથી; તેમ જેને ચક્ષુનું યથાવત્ સંપૂર્ણ તેજ છે તે પદાર્થને પણ યથાયોગ્ય દેખે છે. તેમ જે જીવને વિષે ગાઢ વિપર્યાસ બુદ્ધિ છે, તેને તો કોઈ રીતે સિદ્ધાંત બોધ વિચારમાં આવી શકે નહીં. જેની વિપર્યાસ બુદ્ધિ મંદ થઈ છે, તેને તે પ્રમાણમાં સિદ્ધાંતનું અવગાહન થાય.

ગૃહ કુટુંબ પરિગ્રહાદિ ભાવને વિષે જે અહંતા મમતા છે અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ વિપર્યાસ બુદ્ધિ છે અને અહંતા મમતા તથા કષાય જ્યાં વૈરાગ્ય-ઉપશમ ઉદ્ભવે છે ત્યાં મંદ પડે છે, અનુક્રમે નાશ પામવા યોગ્ય થાય છે. ગૃહ કુટુંબાદિ ભાવને વિષે અનાસક્ત બુદ્ધિ થવી તે વૈરાગ્ય છે; અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો

જે કષાય-ક્લેશ તેનું મંદ થવું તે ઉપશમ છે. એટલે તે બે ગુણ વિપર્યાસ બુદ્ધિને પર્યાયાંતર કરી સદ્‌બુદ્ધિ કરે છે અને તે સદ્‌બુદ્ધિ જીવાજીવાદિ પદાર્થની વ્યવસ્થા જેથી જણાય છે એવા સિદ્ધાંતની વિચારણા કરવા યોગ્ય થાય છે, કેમકે ચક્ષુને પટળાદિ અંતરાય મટવાથી જેમ પદાર્થ યથાવત્ દેખાય છે, તેમ અહંતાદિ પટળનું મંદપણું થવાથી જીવને જ્ઞાની પુરૂષે કહેલા એવા સિદ્ધાંત ભાવ, આત્મભાવ, વિચાર ચક્ષુએ દેખાય છે. જ્યાં વૈરાગ્ય અને ઉપશમ બળવાન છે, ત્યાં વિવેક બળવાનપણે હોય છે. વૈરાગ્ય ઉપશમ બળવાન ન હોય ત્યાં વિવેક બળવાન હોય નહીં અથવા યથાવત્ વિવેક હોય નહીં. સહજ આત્મસ્વરૂપ છે એવું કેવળજ્ઞાન તે પણ પ્રથમ મોહનીય કર્મના ક્ષયાંતરે પ્રગટે છે અને તે વાતથી ઉપર જણાવ્યો છે તે સિદ્ધાંત સ્પષ્ટ સમજી શકાશે.

વળી જ્ઞાની પુરૂષની વિશેષ શિખામણ વૈરાગ્ય-ઉપશમ પ્રતિબોધતી જોવામાં આવે છે... કેમકે તેની સિદ્ધિ થયા પછી વિચારની નિર્મળતા સહેજે થશે અને વિચારની નિર્મળતા સિદ્ધાંતરૂપ કથનને સહેજે કે ઓછા પરિશ્રમે અંગીકાર કરી શકે છે, એટલે તેની પણ સહેજે સિદ્ધિ થશે અને તેમજ થતું હોવાથી ઠામ ઠામ એ જ અધિકારનું વ્યાખ્યાન કર્યું છે. જો જીવને આરંભ-પરિગ્રહનું પ્રવર્તન વિશેષ રહેતું હોય તો વૈરાગ્ય અને ઉપશમ હોય તો તે પણ ચાલ્યા જવા સંભવે છે, કેમકે આરંભ પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમનાં મૂળ છે, વૈરાગ્ય અને ઉપશમના કાળ છે.

શ્રી ઠાણાંગ સૂત્રમાં આરંભ પરિગ્રહનું બળ જણાવી પછી તેથી નિવર્તવું યોગ્ય છે એવો ઉપદેશ થવા આ ભાવે દ્વિભંગી કહી છે... એમ સત્તર પ્રકાર કહી આરંભ પરિગ્રહની નિવૃત્તિનું ફળ

જ્યાં છેવટે કેવળજ્ઞાન છે, ત્યાં સુધી લીધુ છે; ...(અને) જીવને તેથી નિવૃત્ત થવાનો જ ઉપદેશ કર્યો છે. ફરી ફરીને જ્ઞાની પુરૂષોનાં વચન એ ઉપદેશનો જ નિશ્ચય કરવાની જીવને પ્રેરણા કરવા ઈચ્છે છે; તથાપિ અનાદિ અસત્સંગથી ઉત્પન્ન થયેલી એવી દુષ્ટ ઈચ્છાદિ ભાવમાં મૂઢ થયેલો જીવ પ્રતિબુઝતો નથી અને તે ભાવોની નિવૃત્તિ કર્યા વિના અથવા નિવૃત્તિનું પ્રયત્ન કર્યા વિના શ્રેય ઈચ્છે છે, કે જેનો સંભવ ક્યારે પણ થઈ શક્યો નથી, વર્તમાનમાં થતો નથી અને ભવિષ્યમાં થશે નહીં (પત્રાંક ૫૦૬).

બંધ વૃત્તિઓને ઉપશમાવવાનો તથા નિવર્તાવવાનો જીવને સતત અભ્યાસ કર્તવ્ય છે, કારણકે વિના વિચારે, વિના પ્રયાસે તે વૃત્તિઓનું ઉપશમવું અથવા નિવર્તવું કેવા પ્રકારથી થાય ? કારણ વિના કોઈ કાર્ય સંભવતું નથી; તો આ જીવે તે વૃત્તિઓનાં ઉપશમન કે નિવર્તનનો કોઈ ઉપાય કર્યો ન હોય એટલે તેનો અભાવ ન થાય એ સ્પષ્ટ સંભવરૂપ છે. ઘણી વાર પૂર્વકાળે વૃત્તિઓના ઉપશમનનું તથા નિવર્તનનું જીવે અભિમાન કર્યું છે, પણ તેવું કંઈ સાધન કર્યું નથી અને હજુ સુધી તે પ્રકારમાં જીવ કંઈ ઠેકાણું કરતો નથી, અર્થાત્ હજુ તેને તે અભ્યાસમાં કંઈ રસ દેખાતો નથી; તેમ કડવાશ લાગતાં છતાં તે કડવાશ ઉપર પગ દઈ આ જીવ ઉપશમન, નિવર્તનમાં પ્રવેશ કરતો નથી. આ વાત આ દુષ્ટ પરિણામી જીવે વિચારવા યોગ્ય છે; વિસર્જન કરવા યોગ્ય કોઈ રીતે નથી (પત્રાંક ૫૧૦).

અસ્વસ્થ કાર્યની પ્રવૃત્તિ કરવી અને આત્મ પરિણામ સ્વસ્થ રાખવાં એવી વિષમ પ્રવૃત્તિ શ્રી તીર્થંકર જેવા જ્ઞાનીથી બનવી કઠણ કહી છે, તો પછી બીજા જીવને વિષે તે વાત સંભવિત કરવી કઠણ હોય એમાં આશ્ચર્ય નથી.

આત્મા સાંભળવો, વિચારવો, નિદિધ્યાસવો, અનુભવવો એવી એક વેદની શ્રુતિ છે; અર્થાત્ જો એક એ જ પ્રવૃત્તિ કરવામાં આવે તો જીવ તરી પાર પામે એવું લાગે છે. બાકી તો માત્ર કોઈ શ્રી તીર્થંકર જેવા જ્ઞાની વિના, સર્વને આ પ્રવૃત્તિ કરતાં કલ્યાણનો વિચાર કરવો અને નિશ્ચય થવો તથા આત્મ સ્વસ્થતા થવી દુર્લભ છે (પત્રાંક ૫૫૧).

## અશુચિ ભાવના

વૈરાગ્ય ભાવને દૃઢ કરવા ભગવાને બાર ભાવનાઓ ઉપદેશી છે. તેમાંથી આપણે એક અશુચિ ભાવનાનો વિચાર કરીએ અને આપણામાં રહેલ વૈરાગ્યને દૃઢ બનાવવા પુરૂષાર્થ કરીએ. બાર ભાવનામાંથી કોઈની પણ અનુપ્રેક્ષા વૈરાગ્ય દૃઢ કરાવવા સમર્થ છે. વૈરાગ્ય આવે એટલે ઉપશમ ભાવ પણ દૃઢ થાય તેમ છે. તેથી વૈરાગ્યને દૃઢ કરવાનો પુરૂષાર્થ કરીએ.

ઉત્તરાધ્યયન અધ્યયન-૮માં ૧લી ગાથા આ પ્રમાણે છે.

**અધુવે અસાસંયમિ સંસારંભિ દુખ્ખપઉરાવેએ,**
**કિં નામ હુ જ્જ કમ્મં જેણાહં દુ ગ્ગઈ ન ગચ્છિજ્જા.**

અધ્રુવ અને અશાશ્વત સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ છે, હું એવી શું કરણી કરૂં કે જે કરણીથી કરી દુર્ગતિ પ્રતિ ન જાઉં ? તેના જવાબમાં કહે છે કે, આસક્ત ભાવને છોડીને કોઈ સ્થળે રાગબંધન ન કરતાં, વિષયોથી વિરક્ત થવાથી દોષોથી દૂર થઈ જવાય છે. આમ ભગવાન મહાવીર કહી આગળ કહે છે. સર્વ પ્રકારની ગ્રંથિઓ (આસક્તિ ભાવની) તથા ક્લેશિત ચિત્તને સાધકે છોડી દેવા. સાચો સાધક ભોગોને જોવા છતાં તેમાં લેપાતો નથી. આમ વૈરાગ્ય ભાવને દૃઢ કરાવનારો ઉપદેશ આમાં આપેલ છે. તે પ્રમાણે

વર્તીને સાધક પોતાનું શ્રેય સાધી શકે છે.

આ પણ વિના વિવાદે માન્ય રાખવું જોઈએ કે, સંસારના અનંત શોક અને અનંત દુઃખની નિવૃત્તિ એના એ જ સાંસારિક વિષયથી નથી. જેમ રુધિરથી રુધિરનો ડાઘ જતો નથી; પણ જળથી તેનો અભાવ છે; તેમ શૃંગાર મિશ્રિત ધર્મથી સંસારની નિવૃત્તિ નથી; એ જ માટે વૈરાગ્ય જળનું આવશ્યકપણું નિઃસંશય ઠરે છે અને એ જ માટે વીતરાગનાં વચનમાં અનુરક્ત થવું ઉચિત છે; એ વીતરાગ સર્વજ્ઞના વચનને વિવેક બુદ્ધિથી શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરી હે માનવી ! આત્માને ઉજ્જવળ કર (૩૫).

આ શરીર અપવિત્ર છે, મળ મૂત્રની ખાણ છે, રોગ જરાનું નિવાસ ધામ છે, એ શરીરથી હું ન્યારો છું; એમ ચિંતવવું તે અશુચિ ભાવના.

ખાણ મૂત્રને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

હે ચૈતન્ય ! મિથ્યા માન તજીને સનતકુમારની પેઠે તને મળેલ મનુષ્ય જન્મને સફળ કર. અશુચિ ભાવનાની પ્રમાણિકતા બતાવવા માટે સનત્ કુમાર ચક્રવર્તીનું ચરિત્ર જોઈએ.

**દૃષ્ટાંત :** ભરતેશ્વર ચક્રવર્તીની જેમ વૈભવાદિકથી કરીને યુક્ત સનતકુમાર ચક્રવર્તી હતા. તેનાં વર્ણ અને રૂપ અનુપમ હતાં. એક વેળા સુધર્મ સભામાં તે રૂપની સ્તુતિ થઈ. કોઈ બે દેવોને તે વાત રુચિ નહીં; પછી તેઓ તે શંકા ટાળવાને વિપ્ર રૂપે સનત્ કુમારના અંતઃપુરમાં ગયા. સનતકુમારનો દેહ તે વેળા ખેળથી ભર્યો હતો. તેને અંગે મર્દનાદિક પદાર્થોનું માત્ર વિલેપન હતું... વિપ્ર રૂપે આવેલા દેવતા તેનું મનોહર મુખ, કંચન વર્ણી કાયા અને ચંદ્ર જેવી

કાંતિ જોઈને બહુ આનંદ પામ્યા; જરા માથું ધુણાવ્યું, એટલે ચક્રવર્તીએ પૂછ્યું, તમે માથું કેમ ધુણાવ્યું ? દેવોએ કહ્યું, અમે તમારા રૂપ અને વર્ણ નિરીક્ષણ કરવા માટે બહુ અભિલાષી હતા. સ્થળે સ્થળે તમારા વર્ણ રૂપની સ્તુતિ સાંભળી હતી; આજે તે વાત પ્રમાણભૂત થઈ એથી આનંદ પામ્યા; માથું ધુણાવ્યું કે જેવું લોકોમાં કહેવાય છે તેવું જ રૂપ છે. એથી વિશેષ છે, પણ ઓછું નથી. સનતકુમાર સ્વરૂપ વર્ણની સ્તુતિથી પ્રભુત્વ લાવી બોલ્યા, વસ્ત્રાલંકાર ધારણ કરી સજ્જ થઈને સિંહાસન પર બેસું છું. ત્યારે મારૂં રૂપ અને વર્ણ જોવા યોગ્ય છે. જો તે વેળા તમે મારાં રૂપ, વર્ણ જુઓ તો અદ્‌ભુત ચમત્કારને પામો અને ચકિત થઈ જાઓ. દેવોએ કહ્યું અમે રાજસભામાં આવીશું, એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા.

સનતકુમારે ત્યાર પછી ઉત્તમ અને અમૂલ્ય વસ્ત્રાલંકારો ધારણ કર્યા. અનેક ઉપચારથી જેમ કાયા વિશેષ આશ્ચર્યતા ઉપજાવે તેમ કરીને તે સિંહાસન પર આવીને બેઠા... પેલા દેવતા રૂપે આવેલા બ્રાહ્મણો આવ્યા અને સનતકુમારને જોઈને ખેદ પામ્યા છે એવા સ્વરૂપમાં તેઓએ માથું ધુણાવ્યું. ચક્રવર્તીએ પૂછ્યું, અહો બ્રાહ્મણો ! ગઈ વેળા કરતાં આ વેળા તમે જુદા રૂપમાં માથું ધુણાવ્યું એનું શું કારણ છે ? તે મને કહો. અવધિજ્ઞાનાનુસારે વિપ્રે કહ્યું કે હે મહારાજા ! તે રૂપમાં ને આ રૂપમાં ભૂમિ આકાશનો ફેર પડી ગયો છે. ચક્રવર્તીએ તે સ્પષ્ટ સમજાવવા કહ્યું. બ્રાહ્મણોએ કહ્યું, અધિરાજ ! પ્રથમ તમારી કાયા અમૃત તુલ્ય હતી. આ વેળા એ ઝેર રૂપ છે. અમે કહીએ છીએ તે વાતની સિદ્ધતા કરવા માટે તમે હમણાં તાંબૂલ થૂકો, તત્કાળ તે પર મક્ષિકા બેસશે અને પરધામ પ્રાપ્ત થશે. સનતકુમારે તે પરીક્ષા કરી તો સત્ય ઠરી;

પૂર્વિત કર્મનો પાપનો ભાગ અને કાયાના મદ સંબંધીનું મેળવણ થવાથી એ ચક્રવર્તીની કાયા ઝેરમય થઈ ગઈ. વિનાશી અને અશુચિમય કાયાનો આવો પ્રપંચ જોઈને સનતકુમારના અંતઃકરણમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. કેવળ આ સંસાર તજવા યોગ્ય છે. આવીને આવી અશુચિ સ્ત્રી, પુત્ર, મિત્રાદિનાં શરીરમાં રહી છે. એ સઘળુ માન મોહ-કરવા યોગ્ય નથી, એમ બોલીને તે છ ખંડની પ્રભુતા ત્યાગ કરીને ચાલી નીકળ્યા. સાધુ રૂપે વિચરતા હતા ત્યારે મહારોગ ઉત્પન્ન થયો. તેના સત્યત્વની પરીક્ષા લેવાને કોઈ દેવ ત્યાં વૈદ રૂપે આવ્યો અને કહ્યું, આપની કાયા રોગનો ભોગ બનેલી છે, જો ઈચ્છા હોય તો તત્કાળ હું તે રોગને ટાળી આપું. સાધુએ કહ્યું, "હે વૈદ ! કર્મ રૂપી રોગ મહોન્મત્ છે; એ રોગ ટાળવાની સમર્થતા જો હોય તો ભલે એ મારો રોગ ટાળો, એ સમર્થતા ન હોય તો આ રોગ છો રહ્યો." વૈદે કહ્યું, એ રોગ ટાળવાની સમર્થતા હું ધરાવતો નથી. પછી સાધુએ પોતાને પ્રાપ્ત થયેલ લબ્ધિના બળ વડે થૂંકવાળી અંગુલિ વડે તે રોગને ખરડ્યો કે જેથી રોગ તત્કાળ નાશ પામ્યો અને કાયા પાછી હતી તેવી થઈ ગઈ. તેથી દેવે પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું અને ધન્યવાદ આપી ચાલ્યો ગયો.

આનાથી સાધકે શું વિચારવું જોઈએ તે આ પ્રમાણે છે.

રક્તપિત્ત જેવા સદૈવ લોહીપરુથી ગદ્ગદતા મહારોગની ઉત્પત્તિ જે કાયામાં છે; પળમાં વણસી જવાનો જેનો સ્વભાવ છે; જેના પ્રત્યેક રોમે પોણા બબ્બે રોગનો નિવાસ છે; તેવા સાડા ત્રણ કરોડ રોમથી તે ભરેલી હોવાથી કરોડો રોગનો તે ભંડાર છે. એમ વિવેકથી સિદ્ધ છે. અન્ન આદિની ન્યૂનાધિકતાથી તે પ્રત્યેક રોગ જે કાયામાં દેખાવ દે છે, મળ, મૂત્ર, નરક, હાડ, માંસ, પરુ અને

શ્લેષ્મથી જેનું બંધારણ ટક્યું છે; ત્વચાથી માત્ર જેની મનોહરતા છે; તે કાયાનો મોહ ખરે ! વિભ્રમ જ છે ! સનતકુમારે જેનું લેશમાત્ર માન કર્યું; તે પણ જેનાથી સંખાયું નહીં તે કાયામાં અહો પામર ! તું શું મોહે છે ? એ મોહ મંગળદાયક નથી.

આમ છતાં આ જ માનવદેહ કર્મથી મુક્ત થવા માટેનું દ્વાર છે પણ તેનો તે દિશામાં ઉપયોગ કરવામાં આવે તો, નહીંતર તેનો દુરુપયોગ સંસાર પરિભ્રમણની ખાણમાં ધકેલવાનું પણ કાર્ય કરે છે.

આત્માનાં શુભ કર્મનો જ્યારે ઉદય થયો ત્યારે મનુષ્ય દેહ મળ્યો છે. મનુષ્ય દેહ મળવાથી કાર્ય થતું નથી. મનુષ્યત્વ પ્રાપ્ત કરવું જોઈએ. એટલે કે જેનામાં મર્મ પ્રાપ્ત કરવાની શક્તિ પ્રાપ્ત થઈ છે તે. મનુષ્યત્વનો મર્મ એટલે વિવેક બુદ્ધિનો ઉદય થવો તે. બાકી તે સિવાયના બે પગવાળા પશુ જ કહેવાય છે. વિવેક વડે જ મુક્તિના રાજમાર્ગમાં પ્રવેશ કરાય છે અને એ માર્ગમાં પ્રવેશ એ જ માનવ દેહની ઉત્તમતા છે. તો પણ તે દેહ કેવળ અશુચીમય જ છે. એના સ્વભાવમાં અન્યત્વ નથી.

હવે મહોપાધ્યાય રચિત જ્ઞાનસારમાં મોહ ત્યાગ અષ્ટક અને ઈન્દ્રિય જય અષ્ટકમાં શું કહેવામાં આવ્યું છે તેનો વિચાર કરીએ. આમાં જે વર્ણન છે તેના પર વિચાર કરવાથી વૈરાગ્ય અને ઉપશમ ભાવનું દૃઢપણું પ્રાપ્ત થઈ શકે તેમ છે.

## મોહ ત્યાગ અષ્ટક :

'હું અને મારું' એ મોહ રાજાનો મંત્ર છે. તે જગતને આંધળું કરનાર છે અને નકાર પૂર્વક આજ વિરોધી મંત્ર પણ છે તે મોહને જીતનાર છે. પ્રાણીઓને સર્વ સંસાર ચક્રવાતમાં ભમાડવાને માટે

'અહં' અને 'મમ' એ ચાર અક્ષરનો મોહ રાજાનો મંત્ર છે. 'નાહં' અને 'ન મમ' એ તેનો વિરોધી મંત્ર મોહને જીતનાર છે. ચારિત્ર ધર્મરાજા એ મંત્રના જાપથી ભવ્ય પ્રાણીઓના મોહનો નાશ કરે છે. ૧

નિજ સત્તારૂપે રહેલ શુદ્ધ આત્મદ્રવ્ય જ હું છું. વિભાવે કરીને અશુદ્ધ નથી. એથી જ કહ્યું છે કે "અશુદ્ધ નયની દૃષ્ટિથી માર્ગણા સ્થાનક અને ગુણ સ્થાનકની અપેક્ષાએ ચૌદ પ્રકારનાં સંસારી જીવો છે અને શુદ્ધ નયની અપેક્ષાએ બધા જીવો શુદ્ધ છે. શુદ્ધ કેવળજ્ઞાન જ મારો ગુણ છે. તેથી હું બીજો નથી, તેમ બીજા ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યો મારાં નથી, એ ધ્યાવવું તે મોહને હણવાનું આકરૂં શસ્ત્ર છે. ૨

જે લાગેલા ઔદયિકાદિ ભાવોમાં મુંઝાતો નથી, એટલે પાંચ પ્રકારના કર્મના ઉદય અને ક્ષયોપશમાદિ સાપેક્ષ ભાવને પામી સ્વભાવથી અવિચલિતપણે રાગ દ્વેષ કરતો નથી, તે જેમ આકાશ કાદવથી લેપાતું નથી તેમ પાપથી લેપાતો નથી. કામ ભોગાદિના નિમિત્ત માત્રથી કર્મબંધ થતો નથી, પણ તેમાં મોહ આવે છે તેથી કર્મબંધ થાય છે. ઉ.અ. ૩૨ ગા. ૧૦૧માં કહ્યું છે કે "કામ ભોગો સમભાવ કરતા નથી તેમજ વિકાર પણ કરતા નથી, એટલે કામ ભોગો સમભાવ કે વિકારનું કારણ નથી. પરંતુ જે તેનો દ્વેષ કરે છે અને તેમાં પરિગ્રહ - મૂર્ચ્છા કરે છે તે તેમાં મોહ-રાગ દ્વેષ કરવાથી વિકાર પામે છે. તેમાં જે સમ પરિણામવાળો છે તે વીતરાગ છે. ૩

અનાદિ અનંત કર્મપરિણામ રાજાની રાજધાની સ્વરૂપ ભવચક્ર નામના નગરમાં રહેતાં છતાં પરદ્રવ્ય-પુદ્ગલ દ્રવ્યનું જન્મ-જરા અને મરણાદિ રૂપ નાટક જોતો મોહ રહિત આત્મા ખેદ પામતો નથી. ૪

વિકલ્પ રૂપ મદ્ય પીવાના પાત્ર વડે જેણે મોહ રૂપ મદિરાનું પાન કરેલું છે એવો આ આત્મા જ્યાં ઉંચા હાથ કરીને તાળીઓ આપવાની ચેષ્ટા કરવામાં આવે છે એવા સંસાર રૂપ પાન ગોષ્ઠી-દારૂના પીઠાનો આશ્રય કરે છે. ૫

આત્માનું સહજ-સ્વભાવ સિદ્ધ સ્વરૂપ સ્ફટિકના જેવું નિર્મલ છે, તેમાં મૂર્ખ, અવિવેકી ઉપાધિનો સંબંધ ઊભો કરી મુંઝાય છે, મોહ પામે છે. પર વસ્તુમાં આત્મભાવને આરોપી સુખ માને છે તે મિથ્યા સુખ છે. ૬

મોહના ત્યાગ એટલે ક્ષયોપશમથી આરોપ રહિત સ્વભાવનું સુખ અનુભવતા યોગી આરોપીત સુખમાં પ્રીતિવાળા લોકોને સહજ સુખનું સ્વરૂપ સમજાવવાને વાણીની શક્તિ નહિ હોવાથી આશ્ચર્યવંત થાય છે. ૭

જ્ઞાન રૂપ દર્પણમાં પ્રતિબિંબિત કરેલા સર્વજ્ઞાનાદિ વડે સંસ્કારિત બુદ્ધિવાળા અને તેમાં જ સહજ સુખને અનુભવતા યોગી નહિ ભોગવવા યોગ્ય પરદ્રવ્યમાં મોહ પામતા નથી. ૮

## ઈન્દ્રિય જય અષ્ટક :

જો તું સંસારથી ભય પામે છે અને મોક્ષના લાભને ઈચ્છે છે તો ઈન્દ્રિયોનો જય કરવાને માટે દેદીપ્યમાન - ઉત્કૃષ્ટ પરાક્રમને ફોરવ. ઈષ્ટમાં અભિમુખપણું અને અનિષ્ટમાં વિમુખતા રૂપ પરિણામ થાય છે તે મોહનું પરિણામ છે. તે રાગદ્વેષ રૂપે પરિણમે છે. તે જ વિષયરૂપ છે. ચારિત્ર મોહના ઉદયથી નહિ રમણ કરવા યોગ્ય પરભાવમાં રમણ કરવું તે અસંયમ છે. આ જે ઈષ્ટ અનિષ્ટપણે પરિણમન થાય છે તેને રોકવું તે ઈન્દ્રિયોનો જય છે. ૧

લાલસા રૂપ જળ વડે ભરેલા ઈન્દ્રિયો રૂપ ક્યારાઓ વડે વૃદ્ધિ

પામેલા વિષવૃક્ષો ખરેખર તીવ્ર મૂર્છા (મોહને) આપે છે. ૨

હજારો નદીઓ વડે ન પૂરી શકાય એવા સમુદ્રના ઉદર સમાન ઈન્દ્રિયોનો સમુહ તૃપ્ત થતો નથી. એમ જાણી હે વત્સ ! અંતરાત્મા વડે સમ્યક્ શ્રદ્ધાન કરી તૃપ્ત થા. હે ભવ્ય ! આ ઈન્દ્રિયોનો સમુહ કદી પણ તૃપ્ત થતો નથી, કારણકે નહિ ભોગવેલા વિષયોમાં ઈચ્છા થાય છે, ભોગવાતા વિષયોમાં મમતા થાય છે અને પૂર્વે ભોગવેલા વિષયોનું સ્મરણ થાય છે - એ પ્રમાણે ત્રણે કાળમાં ઈન્દ્રિયની અશુદ્ધ પ્રવૃત્તિ ચાલુ છે. માટે હે ઉત્તમ પુરૂષ ! અંતરાત્માથી - આત્માના તારા સ્વરૂપથી જ તૃપ્ત થા. કારણકે આત્મ સ્વરૂપના અવલમ્બન સિવાય તૃષ્ણાનો ક્ષય થતો નથી. ૩

મોહ રાજાની દાસ રૂપ ઈન્દ્રિયો સંસારવાસથી વિમુખ થયેલા આત્માને વિષય રૂપ પાશ વડે બાંધે છે. કારણકે મોહ રાજાનો મોટો પુત્ર રાગ કેસરી છે, તેનો વિષયાભિલાષ નામે પ્રધાન છે, તેની સંતતિ ઈન્દ્રિયો છે. ૪

ઈન્દ્રિયોના વિષયોમાં મૂઢ થયેલો જીવ પર્વતની માટીને સુવર્ણ-ચાંદી આદિ ધન રૂપે જોતો ચારે તરફ દોડે છે, પણ પાસે રહેલા અનાદિ અનંત સત્તા વિશ્રાન્ત - સત્તા રૂપે રહેલ જ્ઞાન રૂપ ધનને જોતો નથી. કહ્યું છે કે, "અનંત અને નિરાવરણ, આવરણ રહિત કેવળજ્ઞાન એ જીવનું સ્વરૂપ છે." ૫

જેમની તૃષ્ણા વધ્યા જ કરે છે એવા જડ-મૂર્ખજનો જ્ઞાન રૂપ અમૃતને છોડીને ઝાંઝવાના જળ સરખા ઈન્દ્રિયોના રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ રૂપ વિષયોમાં ચોતરફ દોડ્યા કરે છે. ૬

જો પતંગિયા, ભ્રમર, મત્સ્ય, હાથી અને હરણ એક એક ઈન્દ્રિયના દોષથી મરણ રૂપ માઠી દશાને પામે છે, તો દોષવાળી

પાંચે ઈન્દ્રિયો વડે શું ન હોય ? પતંગિયુ રૂપમાં આસક્ત છે, ભ્રમર સુગંધમાં આસક્ત છે, મત્સ્ય રસમાં આસક્ત છે, હાથી સ્પર્શમાં આસક્ત છે અને હરણ શબ્દમાં આસક્ત છે. તેથી તેઓ મરણને પ્રાપ્ત કરે છે. તો જેની પાંચે ઈન્દ્રિયો દોષવાળી હોય તો તેથી શું સુખ થાય ? ન જ થાય. ૭

વિવેક રૂપ હાથીને હણવાને સિંહ સમાન અને નિર્વિકલ્પ ધ્યાન રૂપ સમાધિ ધનને લુંટવાને તસ્કર રૂપ ઈન્દ્રિયો વડે જે જીતાયો નથી, ઈન્દ્રિયોને વશ થયો નથી, તે ધીર પુરૂષોમાં મુખ્ય ગણાય છે. ૮

આપણે વૈરાગ્ય-ઉપશમ વિષે વાતો કરી. વૈરાગ્ય ઉપશમ મળ્યા પછી પણ બોધિની પ્રાપ્તિ થવી કેટલી દુષ્કર છે; દુર્લભ છે તેના માટે બોધિ દુર્લભ ભાવનામાં કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચન્દ્રાચાર્યજી શું કહે છે તે જોઈએ.

## બોધિ દુર્લભ ભાવના

યથા પ્રવૃત્તિ કરણથી મોક્ષની અભિલાષા સિવાય કર્મનો ક્ષય થતાં સ્થાવર યોનિમાંથી નીકળી ત્રસ યોનિ કે પશુપણું પામે છે. તેમાં પણ અશુભ કર્મનો ક્ષય થવાથી પુણ્યના યોગે મનુષ્યપણું, આર્ય દેશ, ઉત્તમ જાતિ, પાંચે ઈન્દ્રિયોની પૂર્ણતા અને દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય છે; તેમાં પણ પુણ્યથી ધર્મની અભિલાષા, ધર્મોપદેશક ગુરુ અને તેના વચનનું શ્રવણ પ્રાપ્ત થવા છતાં તત્વ નિશ્ચયરૂપ બોધિ રત્ન પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે.

કુશાસ્ત્ર શ્રવણ, મિથ્યા દષ્ટિનો સંગ, કુવાસના અને પ્રમાદશીલતા એ બધા બોધિના વિરોધી છે. બોધિ પ્રાપ્ત થવાથી જ જીવ સંસાર પરિભ્રમણમાંથી બહાર નીકળી શુદ્ધ સ્વરૂપને પામી શકે

છે. જેને બોધિ રત્ન પ્રાપ્ત થયું નથી, તે ચક્રવર્તી હોવા છતાં પણ રંક જેવો છે. પરંતુ જેણે બોધિરત્ન પ્રાપ્ત કર્યું છે તે રંક પણ ચક્રવર્તી કરતાં અધિક છે. જેને બોધિ પ્રાપ્ત થાય છે તે જીવો સંસારમાં ક્યાંય આસક્ત થતા નથી, પરંતુ મમત્વ રહિત થઈને એકમાત્ર મુક્તિ માર્ગની ઉપાસના કરે છે. જેઓ પરમ પદ પામ્યા છે, પામશે અને પામે છે, તે બધા બોધિ પામીને જ તેમ કરી શકે છે. માટે બોધિની જ ઉપાસના કરો. (આત્મજ્ઞાનના સાધન - જ્ઞાનસાર પા. ૨૨૭)

## 3. નવ તત્વ

આપણે બધા અહીંયા આત્મ સ્વરૂપની પ્રાપ્તિ માટેની સાધના માટે એકત્ર થયા છીએ. તીર્થંકર ભગવંતો - જ્ઞાની ભગવંતોએ મોક્ષમાર્ગનું પ્રરૂપણ કર્યું છે. તે મોક્ષમાર્ગને યથાર્થ સમજવા માટે પ્રત્યક્ષ જ્ઞાની ભગવંત મારફત મોક્ષમાર્ગનો યથાર્થ બોધ પ્રાપ્ત થવો જરૂરી છે. તે યથાર્થ બોધ પ્રાપ્ત કરવો એટલે શું ? જીવ દ્રવ્ય શું છે ? અજીવ દ્રવ્ય શું છે ? કર્મ શું છે ? કર્મ કેવી રીતે બંધાય છે ? કર્મ કેવી રીતે આવતા રોકી શકાય છે ? કર્મ કેવી રીતે છુટી શકે છે ? ગુણસ્થાનક ક્રમારોહણ શું છે ? વિગેરે વિષયોની યથાતથ્ય સમજણ પ્રત્યક્ષ જ્ઞાની ગુરૂ પાસેથી મેળવવી અને તેને પોતાની પરિણતિના એક અંગ રુપ બનાવી દેવાં.

આત્માનું હિત કરવા માટે, તેને સંસાર પરિભ્રમણમાંથી છોડાવવા માટે મોક્ષમાર્ગના જુદા જુદા ભાવોનું પ્રરૂપણ જ્ઞાની ભગવંતો કરી ગયા છે. તે પ્રરુપણા કરતાં કરતાં નવ તત્ત્વ વિષે પણ ઉપદેશ કર્યો છે. જે તત્ત્વને યથાર્થ રૂપે આચરવાથી જીવ મોક્ષને પામી શકે છે.

જિનેશ્વર ભગવંતોએ ત્રિપદીઓનો પણ ઉપદેશ કર્યો છે. જેમકે ઉપન્નેવા, વિઘ્નેવા અને ધ્રુવેવા એટલે કે ઉત્પન્ન થવું, નાશ થવું અને અચળ પણ રહેવું. તેવી રીતે જ્ઞેય, હેય અને ઉપાદેય પણ ત્રિપદી છે. તેનો અર્થ થાય છે, જ્ઞેય એટલે જાણવું, હેય-જાણીને છાંડવું. ઉપાદેય જાણીને આદરવું, એટલે દરેક ભાવોને જાણવા,જાણીને છોડવા યોગ્ય ભાવોને છાંડવા, તેમજ આદરવા જોગ ભાવોને આદરવા.

દશ વૈકાલિક સૂત્રમાં ભગવાને કહ્યું છે કે, "જેણે જીવાજીવના ભાવ નથી જાણ્યા તે અબુધ સંયમમાં સ્થિર કેમ રહી શકશે, એટલે કે આત્મા અનાત્માના સ્વરૂપને જાણવું આવશ્યક છે.

મૂળ રૂપે તો ભગવંતોએ બે જ તત્ત્વો કહ્યા છે, જીવ અને અજીવ. આ બે તત્ત્વોને યથાતથ્ય સમજવા માટે તેના પેટાભેદ રૂપે સાત અથવા નવ તત્વનો ઉપદેશ જ્ઞાની ભગવંતોએ કર્યો છે. સાત ભેદ આ પ્રમાણે છે- જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ આશ્રવને છુટા પાડીને પુણ્ય અને પાપ તત્ત્વને ઉમેરીએ તો કુલ નવ તત્ત્વ થાય છે.

આ નવે તત્ત્વને જ્ઞેય રૂપે જાણવાના છે. જીવ અને અજીવ જ્ઞેય રૂપે જાણીએ એટલે નવે તત્ત્વોનું જાણપણું કરવાનું થયું. તેમાં જીવ તત્ત્વ માટે ઉપાદેય એવાં સંવર, નિર્જરા અને મોક્ષ છે. જ્યારે અજીવ અને તેના પેટા ભેદ આશ્રવ, પુણ્ય, પાપ, બંધ એ જીવ તત્ત્વ માટે હેય તત્ત્વો છે. આ બધું જાણવાનું મુખ્ય ધ્યેય તો આત્માને આ સંસાર પરિભ્રમણથી છોડાવી મોક્ષના અનંત સુખની પ્રાપ્તિ કરવી એ છે. જો આ નવે તત્ત્વને જાણીને તે તત્ત્વોનું વાસ્તવિક આચરણ કે તેનો આદર ન થાય તો અને મૈત્રી આદિ ભાવો યથાર્થપણે પ્રગટે નહીં તો જડ-પર પદાર્થો પ્રત્યેનો રાગ મોહ

મોળો પડશે નહીં અને જો તેમ ન થાય તો આત્માનું કલ્યાણ ન થાય. ભયાનક એવા આ ભાવ રોગને જડ મૂળમાંથી નાબૂદ કરવા માટે આ નવ તત્ત્વ રૂપી રસાયણનું સેવન કરવું જરૂરનું છે.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ તત્ત્વો છે. એમાંના કેટલાક ગ્રાહ્યરૂપ, કેટલાક ત્યાજ્ય રૂપ છે. જ્યારે સઘળા તત્ત્વો જાણવા રૂપ તો છે જ.

સર્વજ્ઞ ભગવાને લોકાલોકના સંપૂર્ણ ભાવ જાણ્યા અને જોયા, તેનો ઉપદેશ ભવ્ય લોકોને કર્યો... પરંતુ સામાન્ય માનવીઓને ઉપદેશથી શ્રેણીએ ચઢવા મુખ્ય દેખાતા નવ પદાર્થ (તત્ત્વ) તેઓએ દર્શાવ્યા... નિર્ગ્રંથ પ્રવચનનો જે જે સૂક્ષ્મબોધ છે, તે તત્ત્વની દૃષ્ટિએ નવ તત્ત્વમાં સમાઈ જાય છે... આત્માની જે અનંત શક્તિઓ ઢંકાઈ રહી છે તેને પ્રકાશિત કરવા અર્હંત ભગવાનનો પવિત્ર બોધ છે. એ અનંત શક્તિઓ ત્યારે પ્રફુલ્લિત થઈ શકે છે. જ્યારે નવ તત્ત્વ વિજ્ઞાનમાં પારાવાર જ્ઞાની થાય... ભિન્ન ભિન્ન પ્રકારે એ નવ તત્ત્વ સ્વરૂપ જ્ઞાનનો બોધ કરે છે; એથી એ નિઃશંક માનવા યોગ્ય છે કે નવ તત્ત્વ જેણે અનંત ભાવ ભેદે જાણ્યા તે સર્વજ્ઞ સર્વદર્શી થયો.

જે ત્યાગવા રૂપ છે તેને પણ જાણવા અવશ્ય છે, કારણકે ત્યાગવા રૂપ વસ્તુને જાણવાનું મૂળ રહસ્ય આ છે કે જો તે જાણી ન હોય તો અત્યાજ્ય ન ગણીને કોઈ વખત તેનું સેવન થઈ જાય. નવ તત્ત્વનું કાળ ભેદે જે સત્ પુરૂષો ગુરૂગમ્યતાથી શ્રવણ, મનન અને નિદિધ્યાસનપૂર્વક જ્ઞાન કરે છે, તે સત્પુરૂષો મહા પુણ્યશાળી તેમજ ધન્યવાદને પાત્ર છે... નવ તત્ત્વનો વિચાર કરવાથી જિનેશ્વરનાં વચનામૃતના અનુપમ આનંદની પ્રસાદી મળશે. સાધક તરીકેના આચાર પાળવામાં સરળતા થઈ પડશે અને તેથી જ્ઞાન

તથા ક્રિયા બન્ને વિશુદ્ધ રહેવાથી સમ્યક્ત્વનો ઉદય થશે; પરિણામે ભવાંત થઈ જશે. નવ તત્ત્વ વિજ્ઞાનમાં આખી સૃષ્ટિનું જ્ઞાન આવી જાય છે, પરંતુ તેને સમજવા માટે યથાર્થ શક્તિ જોઈએ.

અનંત ભેદથી ભરેલા એ તત્ત્વ વિચારો જેટલા કાળભેદથી જ્ઞેય જણાય તેટલા જ્ઞેય કરવા, તેમાંથી જે ગ્રાહ્યરૂપ હોય તેટલા ગ્રહણ કરવા અને જેટલા ત્યાગવા યોગ્ય જણાય તેને ત્યાગવા. આ તત્ત્વોને જે યથાર્થ જાણે છે, તે અનંત ચતુષ્ટય (અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય)થી વિરાજમાન થાય છે.

નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય એવો આ નવ તત્ત્વ સ્વરૂપ વિવેચનનો સંક્ષેપ તે જે યથાર્થ પણે જાણીને રાગ દ્વેષથી મુક્ત થાય તે સર્વ દુઃખથી પરિમુક્ત થાય. આ પરમાર્થને જાણીને જે મોહના હણનાર થયા છે અને જેણે રાગ દ્વેષને શાંત કર્યા છે તે જીવ સંસારની દીર્ઘ પરંપરાનો નાશ કરી શુદ્ધ આત્મપદમાં લીન થાય.

સમ્યક્ત્વ, આત્મજ્ઞાન અને રાગદ્વેષથી રહિત એવું ચારિત્ર, સમ્યક્ બુદ્ધિ જેને પ્રાપ્ત થાય છે એવા ભવ્ય જીવોને મોક્ષ માર્ગ હોય. તત્ત્વાર્થની પ્રતીતિ તે સમ્યક્ત્વ, તત્ત્વાર્થનું જ્ઞાન તે સમ્યક્ જ્ઞાન અને વિષયના વિમુઢ માર્ગ પ્રત્યે શાંત ભાવ તે ચારિત્ર. આ મેળવવા માટે આ નવ તત્ત્વોને યથાર્થ પણે જાણી આદરવા જોગને આદરવા તથા છાંડવા જોગને છાંડવા તત્પર થઈ આત્મ કલ્યાણના માર્ગે પ્રયાણ કરીએ એ ભાવ સાથે.

## જીવ તત્વ

જે જીવે તે જીવ અથવા જે પ્રાણોને ધારણ કરે તે જીવ અથવા જેનામાં ચેતના હોય તે જીવ. જીવના ૧૪ ભેદ છે. એકેન્દ્રિય - સૂક્ષ્મ અને બાદર, બેઈન્દ્રિય-બાદર, તેઈન્દ્રિય-બાદર,

ચઉરિન્દ્રિય-બાદર, પંચેન્દ્રિય-સંજ્ઞી અને સંજ્ઞી - આ પાંચના પર્યાપ્તા અને અપર્યાપ્તા (૭+૭) ચૌદ થાય.

જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય-ઉપયોગ એ જીવના લક્ષણ છે.

જ્ઞાન : વિશેષ બોધ - જ્ઞેયનું જાણપણું સમ્યક્ પ્રકારે.

દર્શન : સામાન્ય બોધ - નિરાકાર ચેતનાનો અનુભવ સમ્યક્ પ્રકારે.

ચારિત્ર : ઉપયોગનું જ્ઞાન - દર્શનમાં રમણતા.

તપ : ઈચ્છાનો નિરોધ - ઉદય આવતાં કર્મોને ભસ્મ કરવા માટે કરવામાં આવતી ક્રિયા.

વીર્ય : આત્મિક સામર્થ્ય પ્રગટાવવા માટેનો (સમ્યક્) પુરૂષાર્થ .

ઉપયોગ : ચૈતન્ય દ્રવ્ય જેના વડે સ્ફૂરાયમાન થાય છે તે.

જીવો ચૈતન્ય લક્ષણથી એક રૂપ છે. દેહ સ્વરૂપે અને દ્રવ્ય સ્વરૂપે અનંતાનંત છે. જીવ અરુપી છે, પણ દેહના નિમિત્તથી રુપી થાય છે. જ્યારે સ્વસ્વરૂપે અરુપી છે. જીવ હંમેશાં પોતાના ચેતન ભાવને જ કરે છે, તે ક્યારેય પોતાના ચેતન સ્વભાવને છોડીને અજીવ રૂપ થતો નથી. જીવ એ મૂળ દ્રવ્ય હોવાથી તે ઉત્પન્ન કે નાશ થતો નથી. પર્યાય અવસ્થામાં ઉત્પન્ન કે નાશ થતો દેખાય છે. જીવ એ સક્રિય દ્રવ્ય (તત્ત્વ) છે. જીવ એ અસ્તિકાય છે. અસ્તિકાય એટલે પ્રદેશ સમુહાત્મક વસ્તુ. પ્રત્યેકે પ્રત્યેક જીવ અસંખ્યાત પ્રદેશ પ્રમાણ છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ એ જ્યાં વ્યાપક છે તે લોક છે. જ્યાં એકલું આકાશ છે તે અલોક છે. જીવ સંકોચ વિકાસનું ભાજન છે. અનાદિથી કર્મ ગ્રાહક છે. સ્વરૂપે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે, અજર અમર શાશ્વત વસ્તુ છે.

"જીવ નવી પુગ્ગલી, નૈવ પુગ્ગલ કદા,
પુગ્ગલાધાર નહીં તાસ રંગી;
પરતણો ઈશ નહીં, અપર ઐશ્વર્યતા,
વસ્તુ ધર્મે કદા ન પરસંગી."

(શ્રીમદ્ દેવચંદ્રજી કૃત સ્તવનમાંથી)

જીવ એ પુદ્ગલી પદાર્થ નથી, પુદ્ગલ નથી, તેમ પુદ્ગલનો આધાર પણ નથી. તેના રંગવાળો પણ નથી, પોતાની સ્વરૂપ સત્તા સિવાય જે અન્ય તેનો તે સ્વામી નથી, કારણકે પરની ઐશ્વર્યતા સ્વરૂપને વિષે હોય નહીં. વસ્તુત્વ ધર્મે જોતાં તે કોઈપણ કાળે પરનો સંગી નથી.

જીવ પોતાના સદ્ભાવ પર્યાયને દ્રવે છે. તે તે ભાવે પરિણમે છે. તે માટે તેને દ્રવ્ય કહીએ છીએ, જે પોતાની સત્તાથી અનન્ય છે. દ્રવ્યનું લક્ષણ સત્ છે. એટલે કે ત્રણે કાળ રહેવાવાળું છે. તેમજ ઉત્પાદ વ્યય ધ્રુવતા સહિત છે. ગુણ પર્યાયના આશ્રયરૂપ છે.

જીવનો ગુણ ચૈતન્ય ઉપયોગ છે. દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ આદિ તેના અનેક પર્યાયો છે. મનુષ્ય પર્યાય નાશ પામેલો એવો જીવ દેવ અથવા બીજે સ્થળે ઉત્પન્ન થાય છે. બન્ને સ્થળે જીવ ભાવ ધ્રુવ છે. તે નાશ પામીને કંઈ બીજો થતો નથી. જે જીવ જન્મ્યો હતો. તે જ જીવ નાશ પામ્યો. વસ્તુત્વે તો તે જીવ ઉત્પન્ન પણ થયો નથી અને નાશ પણ પામ્યો નથી. ઉત્પન્ન અને નાશ દેવત્વ, મનુષ્યપણાનો થાય છે. એમ સત્ નો વિનાશ અને અસત્ જીવની ઉત્પત્તિ થતી નથી. જીવને દેવ ગતિ, મનુષ્ય ગતિ આદિ પર્યાય ગતિ નામકર્મથી હોય છે.

જ્ઞાનાવરણીય આદિ કર્મભાવો જીવે સુદૃઢપણે બાંધ્યા છે;

તેનો અભાવ કરવાથી પૂર્વે નહીં થયેલો એવો તે સિદ્ધ ભગવાન થાય. જીવો બે પ્રકારના છે સંસારી અને સિદ્ધ. દેહ સહિત સંસારી અને દેહ રહિત અસંસારી (સિદ્ધ) છે.

જીવત્વવાળો, જાણનાર, ઉપયોગવાળો, પ્રભુ, કર્તા, ભોક્તા, દેહપ્રમાણ વસ્તુતાએ અમૂર્ત અને કર્માવસ્થામાં મૂર્ત એવો જીવ છે. પોતાના સ્વાભાવિક ભાવને લીધે આત્મા સર્વજ્ઞ સર્વદર્શી થાય છે અને પોતાના કર્મથી મુક્ત થવાથી અનંત સુખ પામે છે.

બળ (મન, વચન, કાયા) ઈન્દ્રિય (એકથી પાંચ). આયુષ અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પ્રાણ વડે જે ભુતકાળે જીવતો હતો, વર્તમાને જીવે છે અને ભવિષ્ય કાળે જીવશે તે 'જીવ' છે.

અનંત અગુરુ લઘુ ગુણથી નિરંતર પરિણમેલા અનંત જીવો છે, અસંખ્યાત પ્રદેશ પ્રમાણ છે. કોઈક જીવો લોક પ્રમાણ અવગાહનાને પામ્યા છે. મિથ્યાદર્શન, કષાય અને યોગ સહિત અનંત એવા સંસારી જીવો છે. તેથી રહિત એવા અનંત સિદ્ધ છે. જેમ પદ્મરાગ નામનું રત્ન દૂધમાં નાખ્યું હોય તો તે દૂધના પરિમાણ પ્રમાણે પ્રભાસે છે, તેમ દેહને વિષે સ્થિત એવો આત્મા તે માત્ર દેહ પ્રમાણ પ્રકાશક-વ્યાપક છે.

એક કાયામાં સર્વ અવસ્થામાં જેમ તેનો તે જ જીવ છે, તેમ સર્વત્ર સંસાર અવસ્થામાં પણ તેનો તે જ જીવ છે. અધ્યવસાય વિશેષથી, કર્મરૂપી રજોમલથી તે જીવ મલિન થાય છે.

જેમને પ્રાણ ધારણપણું નથી, તેનો જેમને સર્વથા અભાવ થયો છે. તે દેહથી ભિન્ન અને વચનથી અગોચર જેમનું સ્વરૂપ છે એવા સિદ્ધ છે.

કોઈ એક જીવો કર્મનું ફળ વેદે છે (સ્થાવર કાવ્ય), કેટલાંક

જીવો કર્મબંધ કતૃત્વ વેદે છે (ત્રસ જીવો) કોઈ એક જીવો માત્ર શુદ્ધ જ્ઞાન સ્વભાવ વેદે છે (સિદ્ધ) એમ વેદક ભાવથી જીવ રાશિના ત્રણ ભેદ છે.

સ્થાવર કાય એટલે જેની સ્થિતિ એકજ સ્થળે રહે તે ઈચ્છા થવા છતાં પોતાની જગ્યાએથી હઠી શકે નહીં.

ત્રસ કાય એટલે તડકામાંથી છાયામાં આવે, છાયાંમાંથી તડકામાં જાય, ચાલી શકે, ભય દેખીને ત્રાસ પામતા હોય, ભય દેખીને ભાગી જતા હોય.

જીવનો ઉપયોગ સર્વકાળ અનન્ય ભૂતપણે જાણવો તેના બે પ્રકાર છે. જ્ઞાન અને દર્શન ઉપયોગ. મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યવ, કેવળ, કુમતિ, કુશ્રુત, વિભંગ એમ જ્ઞાનના ભેદ આઠ છે. જ્ઞાનોપયોગના ભેદ છે. ચક્ષુ દર્શન, અચક્ષુ દર્શન, અવધિ દર્શન અને અવિનાશી અનંત એવું કેવળ દર્શન એમ દર્શન ઉપયોગના ચાર ભેદ છે. કુલ ઉપયોગના બાર ભેદ થયા.

આત્માને જ્ઞાનગુણનો સંબંધ છે, તેથી આત્મા જ્ઞાની છે એમ નથી. પરમાર્થથી બન્નેનું અભિન્નપણું જ છે. દ્રવ્ય (તત્ત્વ) જુદુ હોય અને ગુણ પણ જુદા હોય તો એક દ્રવ્યના અનંત દ્રવ્ય થઈ જાય. અથવા દ્રવ્યનો અભાવ થાય. દ્રવ્ય અને ગુણ અનન્યપણે છે. બન્નેમાં પ્રદેશભેદ નથી. દ્રવ્યના નાશથી ગુણનો નાશ અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ થાય એવું એકપણું છે. આત્મા અને જ્ઞાનનો સર્વથા ભેદ હોય તો બન્ને અચેતન થાય. એમ વીતરાગ સર્વજ્ઞનો સિદ્ધાંત છે. જ્ઞાનનો સંબંધ થવાથી આત્મા જ્ઞાની થાય છે, એવો સંબંધ માનવાથી આત્મા અને અજ્ઞાન, જડત્વનો ઐક્યભાવ થવાનો પ્રસંગ આવે. દર્શન અને જ્ઞાન જીવથી અનન્યભૂત છે, વ્યવહારથી તેનો આત્માથી ભેદ કહેવાય છે.

આત્મા વસ્તુપણે અનાદિ અનંત છે અને સંતાનની અપેક્ષાએ આદિ શાંત પણ છે, તેમ સાદિ અનંત પણ છે. પાંચ ભાવના પ્રાધાન્યપણાથી તે ભંગ છે. સદ્ભાવથી જીવ દ્રવ્ય અનંત છે. સત્ (જીવ પર્યાય)નો વિનાશ અને અસત્ જીવનો ઉત્પાદ પરસ્પર વિરુદ્ધ છતાં જેમ અવિરોધ પણ સિદ્ધ થાય તેમ સર્વજ્ઞ વીતરાગ દેવે કહ્યો છે. દા.ત. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ નામકર્મની પ્રકૃતિ સત્ નો નાશ અને અસત્ ભાવનો ઉત્પાદ કરે છે.

ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષયોપશમિક અને પારિણામિક ભાવથી જીવના ગુણોનું બહુ વિસ્તીર્ણપણું છે. કર્મને વેદતો થકો જીવ જેવા ભાવને કરે છે તે ભાવનો તે પ્રકારે તે કર્તા છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. કર્મોના ઉદયથી જે ફળ મળે છે તે ઔદયિક ભાવ છે. તે જો સત્તામાં પડ્યા રહે તો ઔપશમિક ભાવ છે. ઉદય અને સત્તામાં પડ્યા રહે તે ક્ષયોપશમ ભાવ છે. એટલે કે ક્ષયોપશમથી યુક્ત તે ક્ષયોપશમિકભાવ છે. ક્ષયથી યુક્ત તે ક્ષાયિક ભાવ છે. આત્મભાવોથી યુક્ત તે પારિણામિક ભાવ છે. કર્મોપાધિની ચાર પ્રકારની દશા જેમનું નિમિત્ત છે તેવા ચાર ભાવો છે - ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક. જેમાં કર્મોપાધિ રૂપ નિમિત્ત નથી, માત્ર દ્રવ્ય સ્વભાવ જ જેનું કારણ છે તે પારિણામિક ભાવ છે. ક્યારેક સન્નિપાતિક ભાવ પણ કહેવામાં આવે છે. જ્યારે પ્રથમના ચાર ભાવોમાંથી એકથી વધારે ભેગા થયા હોય ત્યારે સન્નિપાતિક ભાવ કહે છે.

દ્રવ્યકર્મનું નિમિત્ત પામીને ઔદયિક ભાવે જીવ પરિણમે છે અને ભાવકર્મનું નિમિત્ત પામીને દ્રવ્યકર્મ પરિણમે છે. કોઈ કોઈના ભાવના કર્તા નથી; તેમ કર્તા વિના થયાં નથી, સર્વ પોત પોતાનો ભાવ કરે છે, તેમ આત્મા પણ પોતાના જ ભાવનો કર્તા છે.

પુદ્‌ગલ કર્મનો આત્મા કર્તા નથી. કર્મ પોતાના સ્વાભાવાનુસાર યથાર્થ પરિણમે છે, જીવ પોતાના સ્વાભાવાનુસાર યથાર્થ પરિણમે છે, જીવ પોતાના સ્વાભાવાનુસાર તેમ ભાવ કર્મને કરે છે. આત્મા જ્યારે ભાવકર્મ રૂપ પોતાનો સ્વભાવ કરે છે, ત્યારે ત્યાં રહેલા પુદ્‌ગલ પરમાણુઓ પોતાના સ્વભાવને લીધે કર્મભાવને પ્રાપ્ત થાય છે અને એકબીજા એક ક્ષેત્રાવગાહ પણે અવગાઢતા પામે છે. જીવ અંને પુદ્‌ગલ સમુહ અરસ પરસ મજબુત અવગ્રાહિત છે. યથાકાળે ઉદય થયે જીવ સુખ દુઃખરૂપ ફળ વેદે છે. તેથી કર્મભાવનો કર્તા જીવ છે અને ભોક્તા પણ જીવ છે. વેદક ભાવને લીધે કર્મફળને અનુભવે છે. એમ કર્તા અને ભોક્તા આત્મા પોતાના ભાવથી થાય છે. મોહથી સારી રીતે આચ્છાદિત એવો તે જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. મિથ્યાત્વ મોહનો ઉપશમ અથવા ક્ષય થવાથી વીતરાગના કહેલા માર્ગને પ્રાપ્ત થયેલો એવો ધીર શુદ્ધ જ્ઞાનાચારવંત નિર્વાણપુર પ્રત્યે જાય છે.

એક પ્રકારથી, બે પ્રકારથી, ત્રણ પ્રકારથી, ચાર ગતિના પ્રકારથી, પાંચ ગુણોની મુખ્યતાથી, છ કાયના પ્રકારથી, સાત ભંગના ઉપયોગપણાથી, આઠ ગુણ અથવા આઠ કર્મરૂપ ભેદથી, નવ તત્ત્વથી અને દશ સ્થાનકથી જીવનું નિરુપણ છે.

**જીવના પ્રકાર :**

૧ પ્રકારે : ઉપયોગ અથવા ચેતના લક્ષણથી.

૨ પ્રકારે : જ્ઞાનચેતના તથા દર્શન ચેતનાથી.
સ્થાવર અને ત્રસકાયથી વ્યવહાર રાશિ અને અવ્યવહાર રાશિથી.

૩ પ્રકારે : કર્મફળ ચેતના, કર્મ ચેતના અને જ્ઞાન ચેતનાના

ભેદથી સંયત, અસંયત, સંયતાસંયત.

સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસક વેદથી.

૪ પ્રકારે : ચાર ગતિના પરિભ્રમણથી દેવ, નારક, તિર્યંચ અને મનુષ્ય.

૫ પ્રકારે : પાંચ પ્રકારના ભાવોથી - ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પારિણામિક ભાવવાળો.

૬ પ્રકારે : છ કાયના પ્રકારથી, પૃથ્વી કાય, અપ્ કાય, વાઉકાય, તેઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય.

૭ પ્રકારે : સપ્તભંગીના ઉપયોગપણાથી - સ્યાત્ અસ્તિ - સ્યાત્ નાસ્તિ, સ્યાત્ અસ્તિ નાસ્તિ, સ્યાત્ અવક્તવ્યં, સ્યાત્ અસ્તિ અવક્તવ્યં, સ્યાત્ નાસ્તિ અવક્તવ્યં, સ્યાત્ અસ્તિ નાસ્તિ અવક્તવ્યં.

લેશ્યા પ્રમાણે : કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ અને અલેશી (ચૌદમા ગુણસ્થાનક વાળા)

૮ પ્રકારે: આઠ કર્મોના ભેદ રૂપ અથવા સમકિતીના આઠ ગુણોના પ્રકારથી.

ઉત્પન્ન થવાના પ્રકારથી - અંડજ, પોતજ, જરાયુજ, સ્વેદજ, રસજ, સંમૂર્છન, ઉદ્ ભિજ અને ઉપપાદ.

૯ પ્રકારે નવ તત્ત્વ રૂપ -

પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય

૧૦ પ્રકારે: પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, સંજ્ઞી અને અસંજ્ઞી પંચેન્દ્રિય -પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય - સ્થાવરમાં વનસ્પતિકાયના સાધારણ અને પ્રત્યેકના ભેદથી.

૧૧ પ્રકારે : સૂક્ષ્મ, બાદર, ત્રણ વિકલેન્દ્રિય, પંચેન્દ્રિયમાં જળચર, સ્થળચર, નભશ્ચર, મનુષ્ય, દેવતા, નારકી.

૧૨ પ્રકારે : છ કાયના પર્યાપ્તા અને અપર્યાપ્તા.

૧૩ પ્રકારે : છ કાયના પર્યાપ્તા અને અપર્યાપ્તા તથા અસંવ્યવહારિક સૂક્ષ્મ નિગોદ.

૧૪ પ્રકારે : ચૌદ ગુણસ્થાનક આશ્રયી - સૂક્ષ્મ, બાદર, ત્રણ વિકલેન્દ્રિય, સંજ્ઞી અને અસંજ્ઞી એ સાતના પર્યાપ્તા અને અપર્યાપ્તા.

સૂક્ષ્મ : બાહ્ય ચક્ષુથી દેખાય નહિ, તેમજ છેદન ભેદનને યોગ્ય ન હોય એવા એક અથવા અનેક જીવોના શરીર સમુદાયને સૂક્ષ્મ જીવો કહે છે.

બાદર : બાહ્ય ચક્ષુથી ગ્રાહ્ય હોય. છેદન ભેદનને યોગ્ય હોય એવા જીવ અથવા જીવો.

પર્યાપ્તા : જે જીવો પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરીને મરે તે.

અપર્યાપ્તા : જે જીવો પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના મરે તે.

સંજ્ઞી, અસંજ્ઞી : મન હોય તે સંજ્ઞી, મન ન હોય તે અસંજ્ઞી.

પર્યાપ્તિ : ગ્રહણ કરેલા પુદ્ગલોને આહારાદિ રૂપે પરિણમાવવાની પુદ્ગલની સહાયથી બનેલી, આત્માની એક વિશિષ્ટ શક્તિ.

વધારેમાં વધારે છ પર્યાપ્તિ હોય.

(૧) આહાર પર્યાપ્તિ : જે શક્તિ દ્વારા જીવ આહાર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી તેને ખલ અને રસ રૂપે પરિણમાવે.

(૨) શરીર પર્યાપ્તિ : જે શક્તિ દ્વારા જીવ પ્રવાહી રૂપ આહારને રસ, રૂધિર, માંસ, મેદ, હાડકાં, મજ્જા અને વીર્ય રૂપે પરિણમાવે - આ ઔદારિક શરીરને જ લાગુ પડે છે. અન્ય માટે નહીં.

(૩) ઈન્દ્રિય પર્યાપ્તિ : જે શક્તિ દ્વારા જીવ શરીર રૂપે પરિણમેલા પુદ્‌ગલોમાંથી ઈન્દ્રિય યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી તેને ઈન્દ્રિય રૂપ પરિવર્તિત કરે.

(૪) શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ : જે શક્તિ દ્વારા જીવ શ્વાસોચ્છ્‌વાસ યોગ્ય વર્ગણાને ગ્રહણ કરી, શ્વાસોચ્છ્‌વાસ રૂપે પરિણમાવી, અવલંબન લઈ વિસર્જન કરે.

(૫) ભાષા પર્યાપ્તિ : જે શક્તિ દ્વારા જીવ ભાષાયોગ્ય વર્ગણાને ગ્રહણ કરે તેને ભાષા રૂપે પરિણમાવે, અવલંબન લે અને છોડે.

(૬) મનઃ પર્યાપ્તિ : જે શક્તિ દ્વારા જીવ મન યોગ્ય વર્ગણાને ગ્રહણ કરે, મન રૂપે પરિણમાવે, અવલંબન લે અને પછી તેનું વિસર્જન કરે.

જે જીવને જેટલી પર્યાપ્તિ હોય તે સર્વનો પ્રારંભ એક સાથે થાય છે, પરંતુ તેની સમાપ્તિ ક્રમપૂર્વક થાય છે.

| | | | |
|---|---|---|---|
| જીવ - | એકેન્દ્રિય, | બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય-અસંજ્ઞી. | પંચેન્દ્રિય-સંજ્ઞી, |
| પર્યાપ્તિ : | આહાર<br>શરીર<br>ઈન્દ્રિય<br>શ્વાસોચ્છ્‌વાસ | આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્‌વાસ ભાષા પર્યાપ્તિ | વધારામાં મનઃ પર્યાપ્તિ |

પુદ્‌ગલોને છોડવા માટે જે વિશેષ પ્રયત્ન કરવો તે અવલંબન.

કોઈપણ જીવ આહાર, શરીર અને ઈન્દ્રિય આ ત્રણ પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના મરતો નથી. પર્યાપ્તિ કારણ છે. પ્રાણ કાર્ય છે.

ઈન્દ્રિય પર્યાપ્તિથી પાંચ ઈન્દ્રિયો રૂપી પ્રાણ, મનઃ-પર્યાપ્તિથી મનોબળ, ભાષા પર્યાપ્તિથી વચનબળ, શરીર પર્યાપ્તિથી, કાયબળ શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી, શ્વાસોચ્છ્વાસ.

| જીવ | ઈન્દ્રિય | પ્રાણ | પર્યાપ્તિ |
|---|---|---|---|
| એકેન્દ્રિય | ૧ સ્પર્શેન્દ્રિય (૧) | ઈન્દ્રિય-૧ | આહાર-૧ |
| | | કાયબળ-૨ | શરીર-૨ |
| | | શ્વાસોચ્છ્વાસ-૩ | ઈન્દ્રિય-૩ |
| | | આયુષ્ય-૪ | શ્વાસોચ્છ્વાસ-૪ |
| બે ઈન્દ્રિય | ૨ વધારાની રસેનેન્દ્રિય | ઈન્દ્રિય-૨ | વધારાની |
| | | કાયાબળ-૧ | ભાષા-૫ |
| | | વચનબળ-૧ | |
| | | શ્વાસોચ્છ્વાસ-૧ | |
| | | આયુષ્ય-૧ | |
| તેઈન્દ્રિય | ૧, ૨, (૩) ઘ્રાણેન્દ્રિય | વધારાની | (૫) |
| | | ઘ્રાણેન્દ્રિય | |
| | | કુલ-૭ | |
| ચઉરિન્દ્રિય | ૧, ૨, ૩, | વધારાની | (૫) |
| | (૪) ચક્ષુ ઈન્દ્રિય | ચક્ષુ ઈન્દ્રિય | |
| | | કુલ-૮ | |
| પંચેન્દ્રિય | ૧, ૨, ૩, ૪, | પાંચ ઈન્દ્રિય-૫ | |
| અસંજ્ઞી | (૫) શ્રોતેન્દ્રિય | વચનબળ -૧ | |
| | | કાયબળ -૧ | (૫) |
| | | શ્વાસોચ્છ્વાસ-૧ | |
| | | આયુષ્ય -૧ | |
| | | કુલ ૯ | |
| પંચેન્દ્રિય | પાંચ ઈન્દ્રિય | વધારાનું મનબળ-૧ | વધારાની |
| સંજ્ઞી | | કુલ-૧૦ | મન પર્યાપ્તિ (૬) |

સંસારના જીવોને દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ બન્ને તેમની યોગ્યતા પ્રમાણે હોય છે.

દ્રવ્યપ્રાણ (૧૦) - પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

ભાવ પ્રાણ (૪) - જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ જીવ સંશ્રિત છે. તે જીવોને મોહનું પ્રબળપણું છે અને સ્પર્શેન્દ્રિયના વિષયનું તેને જ્ઞાન છે. પૃથ્વી, પાણી અને વનસ્પતિ એ ત્રણ સ્થાવર છે, અલ્પ યોગવાળા અગ્નિ અને વાયુને ત્રસ છે, તે મનના પરિણામ રહિત એક ઈન્દ્રિય જીવો જાણવા. ઈંડામાં જેમ પક્ષીનો ગર્ભ વધે છે, જેમ મનુષ્ય ગર્ભમાં મૂર્છાગત અવસ્થા છતાં જીવત્વ છે તેમ એકેન્દ્રિય જીવો જાણવા.

શંબુક, શંખ, છીપ, કૃમિ આદિ જે જીવો રસ અને સ્પર્શને જાણે છે તે બે ઈન્દ્રિય જીવો જાણવા. જૂ, માંકડ, કીડી, આદિ જે જીવો રસ, સ્પર્શ અને ગંધને જાણે છે તે ત્રણ ઈન્દ્રિય જીવો જાણવા. ડાંસ, મચ્છર, માખી, ભમરી, ભમરા, પતંગ આદિ રૂપ, રસ, ગંધ, સ્પર્શને જાણે છે તે ચાર ઈન્દ્રિય જીવો જાણવા. દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ, જળચર, સ્થળચર, ખેચર તે વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણે છે. તે બળવાન પંચેન્દ્રિયવાળા જીવો જાણવા. દેવતાના ચાર નિકાય છે. મનુષ્ય કર્મ અને અકર્મભૂમિના એમ બે પ્રકારના છે. તિર્યંચના ઘણા પ્રકાર છે તથા નારકી તેની પૃથ્વીઓની જેટલી જાતિ છે તેટલી જાતિના છે.

પૂર્વે બાંધેલું આયુષ્ય ક્ષીણ થવાથી જીવ ગતિ નામકર્મને લીધે આયુષ્ય અને લેશ્યાના વશથી બીજા દેહમાં જાય છે. તે જીવો ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના છે અને દેહ રહિત એવા

સિદ્ધ ભગવંતો છે.

જે સર્વને જાણે છે, દેખે છે, દુઃખ ભેદીને સુખ ઈચ્છે છે, શુભ અને અશુભને કરે છે અને તેનું ફળ ભોગવે છે તે જીવ છે. એ રીતે બીજા પણ બહુ પર્યાયો વડે જીવને જાણીને જ્ઞાનથી અન્ય એવાં જડ લિંગો વડે અજીવને જાણો.

અરસ, અરુપ, અગંધ, અશબ્દ, અનિર્દિષ્ટ સંસ્થાન અને વચન અગોચર એવો જેનો ચૈતન્ય ગુણ છે તે જીવ છે. જે નિશ્ચિત કરી સંસાર સ્થિત જીવ છે તેના અશુદ્ધ પરિણામ હોય છે. તે પરિણામથી કર્મ ઉત્પન્ન થાય છે. તેથી સારી કે માઠી ગતિ થાય છે. ગતિની પ્રાપ્તિથી દેહ થાય છે, દેહથી ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોથી વિષય ગ્રહણ થાય છે તેથી રાગ દ્વેષ ઉત્પન્ન થાય છે. સંસાર ચક્રવાલમાં તે ભાવે કરીને પરિભ્રમણ કરતાં જીવોમાં કોઈ જીવોનો સંસાર અનાદિ શાંત છે, કોઈનો અનાદિ અનંત છે એમ ભગવાન સર્વજ્ઞ કહે છે.

અજ્ઞાન, રાગ દ્વેષ અને ચિત્ત પ્રસન્નતા જે જે ભાવમાં વર્તે છે તેથી શુભ કે અશુભ પરિણામ થાય છે. આત્મા કેવી અપૂર્વ વસ્તુ છે ! જ્યાં સુધી શરીરમાં હોય, ત્યાં સુધી શરીર સડતું નથી. જીવમાં જાગૃતિ અને પુરૂષાર્થ જોઈએ. પુણ્ય, પાપ અને આયુષ્ય કોઈ બીજાને ન આપી શકે. દેહધારી આત્મા પંથી છે. (મુસાફર છે) દેહ એ ઝાડ છે. આ દેહરૂપી ઝાડમાં જીવરૂપી પંથી વટેમાર્ગુ થાક લેવા બેઠો છે, તે પંથી ઝાડને જ પોતાનું કરી માને તે કેમ ચાલે ?

જીવ અહંકાર રાખે છે, અસત્ વચનો બોલે છે, ભ્રાંતિ રાખે છે. તેનું તેને લગારે ભાન નથી. એ ભાન થયા વિના નિવેડો નથી. જે જીવને અનંતાનુબંધીનો ઉદય છે, તેને સાચા પુરૂષની

વાત પણ સાંભળવી ગમે નહીં.

પોતે તરે પણ નહીં અને બીજાને તારી પણ ન શકે તે અભવ્ય કે દુર્ભવ્ય જીવ કહેવાય. અભવ્ય જીવ એટલે ઉત્કટ રસે પરિણમે અને કર્મો બાંધ્યા કરે, તેને લીધે તેનો મોક્ષ ન થાય. ભવ્ય એટલે જે જીવનું વીર્ય શાંત રસે પરિણમે તે, તેથી નવો કર્મ બંધ ન થતાં મોક્ષ થાય. જે જીવનો વળાંક ઉત્કટ રસે પરિણમવાનો હોય તેનું વીર્ય તે પ્રમાણે પરિણમે તેથી જ્ઞાનીને જ્ઞાનમાં અભવ્ય લાગ્યા.

ક્ષાયક સમકિતી જીવ તે જ ભવે મોક્ષ પામે, વધારે ભવ કરે તો ત્રણ ભવ કરે, કોઈ એક જીવની અપેક્ષાએ કવચિત્ ચાર ભવ થાય.

**સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ;**
**વેદકતા, ચૈતન્યતા એ સબ જીવ વિલાસ.**

આ કડીમાં જીવના લક્ષણો બતાવવામાં આવ્યા છે. તે શું છે તે આપણે સૌ જાણીએ છીએ છતાં તેનું અત્રે પુનરાવર્તન કરવું અસ્થાને નથી.

**સમતા :** તે આત્મા 'સમતા' નામના લક્ષણે યુક્ત છે. વર્તમાન સમયે જે અસંખ્ય પ્રદેશાત્મક ચૈતન્ય સ્થિતિ તે આત્માની છે તે, તે પહેલાંના એક, બે, ત્રણ, ચાર, દશ, સંખ્યાત, અસંખ્યાત, અનંત સમયે હતી, વર્તમાને છે, હવે પછીના કાળને વિષે પણ તે જ પ્રકારે તેની સ્થિતિ છે. કોઈ પણ કાળે તેનું અસંખ્યાત પ્રદેશાત્મકપણું, ચૈતન્યપણું, અરુપીપણું એ આદિ સમસ્ત સ્વભાવ તે છૂટવા ઘટતા નથી; એવું જે સમપણું, સમતા તે જેનામાં લક્ષણ છે તે જીવ છે.

**રમતા :** પશુ, પક્ષી, મનુષ્યાદિ દેહને વિષે, વૃક્ષાદિને વિષે જે કંઈ રમણીયપણું જણાય છે અથવા જેના વડે તે સર્વ પ્રગટ સ્ફૂર્તિવાળા જણાય છે, પ્રગટ સુંદરપણા સમેત લાગે છે, તે રમતા-રમણીયપણું છે લક્ષણ જેનું તે જીવ નામનો પદાર્થ છે. જેના વિદ્યમાનપણા વિના આખું જગત શૂન્યવત સંભવે છે, એવું રમ્યપણું જેને વિષે છે, તે લક્ષણ જેને વિષે ઘટે છે તે જીવ છે.

**ઊરધતા :** કોઈપણ જાણનાર ક્યારે પણ કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનવા યોગ્ય નથી. પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે અને કોઈ પણ પદાર્થનું ગ્રહણ, ત્યાગાદિ કે ઉદાસીન જ્ઞાન થવામાં પોતે જ કારણ છે. બીજા પદાર્થના અંગીકારમાં, તેના અલ્પમાત્ર પણ જ્ઞાનમાં પ્રથમ જે હોય, તો જ થઈ શકે એવો સર્વથી પ્રથમ રહેનારો જે પદાર્થ તે જીવ છે. તેને ગૌણ કરીને, તેના વિના કંઈ પણ જાણવા ઈચ્છીએ તો તે બનવા યોગ્ય નથી, માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય એવો એ પ્રગટ "ઊર્ધ્વતા ધર્મ" તે જેને વિષે છે તે પદાર્થને તીર્થંકર જીવ કહે છે.

**જ્ઞાયકતા :** પ્રગટ એવા જડ પદાર્થો અને જીવ, તે જે કારણે કરી ભિન્ન પડે છે, તે લક્ષણ જીવનો જ્ઞાયકપણા નામનો ગુણ છે. કોઈ પણ સમયે જ્ઞાયક રહિતપણે આ જીવ પદાર્થ કોઈ પણ અનુભવી શકે નહીં, એવું જે અત્યંત અનુભવનું કારણ જ્ઞાયકતા તે લક્ષણ જેમાં છે તે પદાર્થને શ્રી તીર્થંકરે જીવ કહ્યો છે.

**સુખભાસ :** શબ્દાદિ પાંચ વિષય સંબંધી અથવા સમાધિ આદિ જોગ સંબંધી જે સ્થિતિમાં સુખ સંભવે છે તે ભિન્ન ભિન્ન કરી જોતાં માત્ર છેવટે તે સર્વને વિષે સુખનું કારણ એક જ એવો એ જીવ પદાર્થ સંભવે છે, તે સુખભાસ નામનું લક્ષણ, માટે

તીર્થંકરે જીવનું કહ્યું છે.

**વેદકતા :** આ મોળું છે, આ મીઠું છે, આ ખાટું છે, આ ખારૂં છે, હું આ સ્થિતિમાં છું, ટાઢે ઠરું છું, તાપ પડે છે, દુઃખી છું, દુઃખ અનુભવું છું, એવું જે સ્પષ્ટ જ્ઞાન, વેદન જ્ઞાન, અનુભવ જ્ઞાન, અનુભવપણું તે જો કોઈમાં પણ હોય તો તે આ જીવ પદને વિષે છે અથવા તે જેનું લક્ષણ હોય છે તે પદાર્થ જીવ હોય છે, એ જ તીર્થંકરાદિકનો અનુભવ છે.

**ચૈતન્યતા :** સ્પષ્ટ પ્રકાશપણું, અનંત અનંત કોટી તેજસ્વી દીપક, મણિ, ચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી અર્થાત્ તે સર્વ પોતે પોતાને જણાવા અથવા જાણવા યોગ્ય નથી. જે પદાર્થના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થો જાણ્યા જાય છે, તે પદાર્થો પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. અર્થાત્ તે લક્ષણ પ્રગટપણે સ્પષ્ટ પ્રકાશમાન, અચળ એવું નિરાબાધ પ્રકાશ્યમાન ચૈતન્ય, તે જીવનું તે જીવ પ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે.

નિમિત્તે કરીને જેને હર્ષ થાય છે, નિમિત્તે કરીને જેને શોક થાય છે, નિમિત્તે કરીને જેને ઈન્દ્રિય જન્ય વિષય પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિત્તે કરીને જેને ઈન્દ્રિયને પ્રતિકૂળ એવા પ્રકારોને વિષે દ્વેષ થાય છે, નિમિત્તે કરીને જેને ઉત્કર્ષ આવે છે. નિમિત્તે કરીને જેને કષાય ઉદ્ભવે છે એવા જીવને જેટલો બને તેટલો તે તે નિમિત્તવાસી જીવોનો સંગ ત્યાગવો ઘટે છે અને નિત્ય પ્રત્યે સત્સંગ કરવો ઘટે છે. સત્સંગના અયોગે તથાપ્રકારના નિમિત્તથી દૂર રહેવું ઘટે છે. ક્ષણે, ક્ષણે, પ્રસંગે, પ્રસંગે અને નિમિત્તે નિમિત્તે સ્વદશા પ્રત્યે ઉપયોગ દેવો ઘટે છે.

જીવ ઉપયોગ વગર હોય નહીં, દેહધારી જીવમાં અધ્યવસાય

વર્તાય, સંકલ્પ વિકલ્પ ઊભા થાય; પણ જ્ઞાનથી નિર્વિકલ્પપણું થાય. અધ્યવસાયનો ક્ષય જ્ઞાનથી થાય છે. ધ્યાનનો હેતુ એ જ છે. ઉપયોગ વર્તતો હોવો જોઈએ. બાહ્ય ઉપાધિ એ જ અધ્યવસાય. ઉત્તમ લેશ્યા હોય તો ધ્યાન કહેવાય.

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ સમ્યક્ત્વ સિવાય ગયા સંભવે નહીં, એમ જે કહેવાય છે તે યથાર્થ છે. સંસારી પદાર્થોને વિષે જીવને તીવ્ર સ્નેહ વિના એવાં ક્રોધ, માન, માયા અને લોભ હોય નહીં કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય. જે જીવને સંસારી પદાર્થો પ્રત્યે તીવ્ર સ્નેહ વર્તતો હોય તેને કોઈપણ પ્રસંગે અનંતાનુબંધી ચતુષ્કમાંથી કોઈ પણ ઉદય થવા સંભવે છે અને જ્યાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય પરમાર્થ માર્ગવાળો જીવ તે ન હોય. પરમાર્થ માર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, સુખે અથવા દુઃખે, દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે, પણ સંસાર સુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું, નીરસપણું, પરમાર્થ માર્ગી પુરૂષને હોય છે. તેવું નીરસપણું જીવને પરમાર્થ જ્ઞાને અથવા પરમાર્થ જ્ઞાની પુરૂષના નિશ્ચયે થવું સંભવે છે, બીજા પ્રકારે થવું સંભવતું નથી.

જે જીવો બાહ્ય ક્રિયા અને શુદ્ધ વ્યવહાર ક્રિયાને ઉત્થાપવામાં મોક્ષ માર્ગ સમજે છે તે જીવો શાસ્ત્રોના કોઈ એક વચનને અણ સમજણભાવે ગ્રહણ કરીને સમજે છે.

જે મુમુક્ષુ છે, જે મોક્ષમાર્ગ તરફ ચાલવાની રુચિ ધરાવે છે, તેઓની દશા બે પ્રકારમાંથી કોઈ એકમાં હોઈ શકે. એક વિચાર દશા અને બીજી સ્થિતપ્રજ્ઞ દશા. સ્થિતપ્રજ્ઞ દશા વિચાર દશા લગભગ પૂરી થયે અથવા સંપૂર્ણ થયે પ્રગટે છે. વર્તમાનમાં પોતાનું

વિદ્યમાનપણું છે, તો ભૂતકાળને વિષે પણ તેનું વિદ્યમાનપણું હોવું જોઈએ અને ભવિષ્યમાં પણ તેમજ હોવું જોઈએ. આ વિચારનો આશ્રય મુમુક્ષુ જીવને કર્તવ્ય રૂપ છે.

લૌકિક અને શાસ્ત્રીય અભિનિવેશ આડા આવી ઊભા રહેતા હોવાથી જીવ મિથ્યાત્વનો ત્યાગ કરી શકતો નથી. જીવ જો સત્સમાગમયોગે અભિનિવેશ છોડે તો મિથ્યાત્વનો ત્યાગ થાય છે. સર્વ દુ:ખનું મૂળ સંયોગ છે, તે અંતર સંબંધીય અને બાહ્ય સંબંધીય સંયોગ છે. અંતર સંબંધીય સંયોગનો વિચાર થવાને આત્માને બાહ્ય સંયોગનો અપરિચય કર્તવ્ય છે. જે અપરિચયની સપરમાર્થ ઈચ્છા જ્ઞાની પુરૂષોએ પણ કરી છે.

## અજીવ તત્વ

જીવ રહિત એવા પદાર્થો આ જગતમાં પાંચ છે. તેના પણ ૧૪ ભેદ થાય છે.

(૧) ધર્માસ્તિકાય - ૩ - સ્કંધ, દેશ પ્રદેશ, (૨) અધર્માસ્તિકાય - ૩ - સ્કંધ, દેશ પ્રદેશ (૩) આકાશાસ્તિકાય - ૩ સ્કંધ, દેશ પ્રદેશ, (૪) પુદ્‌ગલાસ્તિકાય - ૪ સ્કંધ, દેશ પ્રદેશ, પરમાણું (૫) કાળ - ૧ પ્રદેશ = કુલ ૧૪ ભેદ.

સ્કંધ એટલે વસ્તુનો-પદાર્થનો આખો ભાગ. દેશ એટલે વસ્તુનો અમુક ભાગ. પ્રદેશ એટલે વસ્તુમાં રહેલો અવિભાજ્ય અંશ. પરમાણુ એટલે વસ્તુનો નાનામાં નાનો અંશ કે જેના પછી બીજા વિભાગ થઈ ન શકે તેવો. અસ્તિકાય : પ્રદેશોનો સમુહ.

અજીવ તત્ત્વ એ મૂળ દ્રવ્ય હોવાથી તે પણ ત્રિકાળી દ્રવ્ય છે. એટલે કે તેનો નાશ થતો નથી. પર્યાયાંતર થયા કરે છે. એક પરમાણુ પ્રમાણે અમૂર્ત વસ્તુના ભાગને પ્રદેશ એવી સંજ્ઞા છે.

પરમાણુ કે પ્રદેશ એક પ્રદેશાત્મક છે, પણ એકથી વધારે પરમાણુ અરસ પરસ મળવાની શક્તિ ધરાવે છે અને તે પ્રમાણે થાય છે માટે તે અનેક પ્રદેશાત્મકપણું પામી શકે છે. આ સ્થિતિને અસ્તિકાય એવું નામ આપવામાં આવ્યું છે.

અજીવ રૂપી અને અરુપી એમ બે પ્રકારે છે. રૂપીના ચાર ભેદ છે અને અરુપીના દશ ભેદ છે. ઉપર ૧૪ ભેદ બતાવ્યા છે, તેમાં પુદ્‌ગલાસ્તિકાયના ચાર ભેદરૂપી છે. બાકીના દશ ભેદ અરુપી છે.

સુખ દુઃખનું વેદન, હિતમાં પ્રવૃત્તિ, અહિતમાં ભીતિ એ ત્રણે કાળમાં જેને નથી તેને સર્વજ્ઞ મહામુનિઓ અજીવ કહે છે.

**પુદ્‌ગલાસ્તિકાય :** વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એ ચાર વિશેષ પરમાણુ દ્રવ્યથી અનન્યપણે છે. વ્યવહારથી તે ભેદપણે કહેવાય છે. સંપૂર્ણ લોક પૂર્ણ અવગાઢપણે પુદ્‌ગલ સમુહથી ભરેલો છે. સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણું એમ પુદ્‌ગલ અસ્તિકાય ચાર પ્રકારે જાણવો. બાદર અને સૂક્ષ્મ પરિણામ પામવા યોગ્ય સ્કંધમાં પૂરણ (પૂરાવાનો), ગલન (ગળવાનો), છુટા પડી જવાનો સ્વભાવ જેનો છે તે પુદ્‌ગલના નામથી ઓળખાય છે. તેના છ ભેદ છે, જેનાથી ત્રૈલોક્ય ઉત્પન્ન થાય છે.

પરમાણુઓના વિશેષ ગુણો જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ છે, તેમનામાં થતી ષટસ્થાન પતિત વૃદ્ધિ તે પૂરણ છે અને ષટસ્થાન પતિત તે ગલન છે. એટલે પરમાણુઓ પૂરણ ગલન ધર્મવાળા છે. પરમાણુઓમાં સ્કંધ પર્યાયનો આવિર્ભાવ થવો તે પૂરણ છે અને તિરોભાવ થવો તે ગલન છે. પરમાણુના છ ભેદ આ પ્રમાણે છે.

(૧) બાદર બાદર : જે છેદાય ખરા પણ પછી સંધાઈ શકે નહીં તેવા. દા.ત. પત્થર આદિ ઘન પદાર્થો.

(૨) બાદર : જે છેદાતાં થકાં સ્વયં પાછા જોડાઈ શકે છે. દા.ત. ઘી, દૂધ, તેલ, જળ, રસ વિગેરે પ્રવાહી પદાર્થો.

(૩) બાદર સૂક્ષ્મ : જે સ્થૂલ જણાતાં હોવા છતાં ભેદી કે ગ્રહી શકાતા નથી તે બાદર સૂક્ષ્મ પદાર્થો છે. દા.ત. છાંયો, તડકો, અંધકાર, ચાંદની વિગેરે.

(૪) સૂક્ષ્મ બાદર : જે સૂક્ષ્મ હોવા છતાં સ્થૂલ જણાય છે, જે ચક્ષુ ઈન્દ્રિય સિવાયની ચાર ઈન્દ્રિયો વડે અનુભવી શકાય છે.

(૫) સૂક્ષ્મ : જે સ્કંધો ઈન્દ્રિયોથી જાણી શકાતાં નથી. દા.ત. કાર્મણ વર્ગણા, તેજસ વર્ગણા.

(૬) સૂક્ષ્મ સૂક્ષ્મ : જે કાર્મણ વર્ગણાથી પણ અતિ સૂક્ષ્મ છે. દા.ત. દ્વિ અણુ સ્કંધ સુધીના સ્કંધો.

સર્વ સ્કંધનું છેલ્લામાં છેલ્લું કારણ પરમાણુ છે. તે સત્, અશબ્દ, એક, અવિભાગી અને મૂર્ત હોય છે. ભેદ વિવક્ષાથી મૂર્ત, ચાર ધાતુ (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ)નું કારણ છે. તે પરમાણુ જાણવા યોગ્ય છે. તે પરિણામી છે પોતે અશબ્દ છે પણ શબ્દનું કારણ છે.

પરમાણુ નિત્ય છે, પોતાના રૂપાદિ ગુણોને અવકાશ, આધાર આપે છે. પોતે એક પ્રદેશી હોવાથી એક પ્રદેશથી ઉપરાંત અવકાશને ગ્રહણ કરતો નથી, બીજા દ્રવ્યને અવકાશ આપતો નથી. સ્કંધના વિવિધ પ્રકારોનો કારણભૂત છે. સ્કંધના ખંડનું કારણ છે, સ્કંધનો કર્તા છે, કાળના પરિમાણ સંખ્યાનો હેતુ છે.

એક રસ, એક વર્ણ, એક ગંધ, બે સ્પર્શ, શબ્દની ઉત્પત્તિનું કારણ તેમજ એક પ્રદેશાત્મકપણે અશબ્દ, સ્કંધમાં પરિણમિત છતાં વ્યતિરિક્ત દ્રવ્ય તે પરમાણુ છે. ઈન્દ્રિયોએ કરી ઉપભોગ્ય તેમજ

કાયા, મન, કર્મ આદિ જે જે અનંત એવા મૂર્ત પદાર્થો છે, તે સર્વ પુદ્ગલ દ્રવ્ય જાણવું. જીવ અને પુદ્ગલ એકબીજાને ક્રિયાના સહાયક છે. જીવ પુદ્ગલના દ્રવ્યના નિમિત્તથી ક્રિયાવાન હોય છે. જીવને જે ઈન્દ્રિય ગ્રાહ્ય વિષય છે તે પુદ્ગલ મૂર્ત છે: બાકીનાં અમૂર્ત છે. મન પોતાના વિચારના નિશ્રિતપણાથી બન્નેને જાણે છે. સંસ્થાન, સંઘાત, વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દ એમ પુદ્ગલ દ્રવ્યથી ઉત્પન્ન થતા ગુણ પર્યાયો ઘણા છે.

પુદ્ગલના લક્ષણો :

(૧) શબ્દ : અવાજ, ધ્વનિ, નાદ તે શબ્દ ત્રણ પ્રકારના - સચિત, અચિત્ત, મિશ્ર.

(૨) અંધકાર : જે વસ્તુને જોવામાં બાધક બને તે.

(૩) ઉદ્યોત : સૂર્ય સિવાય ચંદ્રાદિ જ્યોતિષી દેવોના વિમાનોના તથા આગિયા વગેરે જીવોના તથા ચન્દ્રકાંત રત્નોનો જે શીત પ્રકાશ તે ઉદ્યોત.

(૪) પ્રભા : ચન્દ્ર અને સૂર્યના પ્રકાશમાંથી જે બીજો કિરણ રહિત ઉપપ્રકાશ પડે છે તે.

(૫) છાયા : દર્પણમાં અથવા પ્રકાશમાં પડતું જે પ્રતિબિંબ તે.

(૬) આતપ : સૂર્યના વિમાનો પૃથ્વીકાયના છે. તેમાં રહેલા પૃથ્વીકાય જીવોનું શરીર શીતળ છે, છતાં ઉષ્ણ પ્રકાશ આપે છે તે આતપ નામકર્મના ઉદયથી જાણવું.

આ છ પુદ્ગલના વિશેષ ગુણધર્મો છે તે અમુકમાં હોય, અમુકમાં ન પણ હોય.

(૭) વર્ણ : (૫) કૃષ્ણ, નીલ, લોહિત (રક્ત), પીત (હારિદ્ર-પીળો), શ્વેત.

(૮) રસ : (૫) તિક્ત (કડવો), કટુક (તીખો), કષાય (તુરો), આમ્લ (ખાટો), મધુર (મીઠો)

(૯) ગંધ : (૨) શુરભિ (સુગંધ) અને દુરભિ (દુર્ગંધ)

(૧૦) સ્પર્શ : (૮) શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રુક્ષ, લઘુ-ગુરુ, મૃદુ-કર્કશ.

આ ચાર પુદ્‌ગલના સામાન્ય ગુણધર્મો છે, એટલે કે દરેકમાં હોય જ.

કાર્મણ વર્ગણા એ પુદ્‌ગલ છે. એટલે કે એ પણ અજીવ તત્ત્વમાં જ આવે છે. કર્મબંધના ૫ હેતુઓ છે. તેના વડે અનંત પ્રકારના કર્મ બંધાય છે. તેને આપણે બંધ તત્ત્વ વખતે સમજવાનો પ્રયત્ન કરીશું.

**ધર્માસ્તિકાય :** અરસ, અવર્ણ, અગંધ, અશબ્દ અને અસ્પર્શ છે. સકળ લોક પ્રમાણ છે. અખંડિત વિસ્તીર્ણ અને અસંખ્યાત પ્રદેશાત્મક દ્રવ્ય છે. અનંત અગુરુલઘુ ગુણપણે તે નિરંતર પરિણમિત છે. ગતિ ક્રિયાયુક્ત જીવાદિને નિમિત્ત કારણભૂત છે. પોતે અકાર્ય છે અર્થાત્ કોઈથી ઉત્પન્ન થયેલ દ્રવ્ય નથી, મૂળ દ્રવ્ય છે. દા.ત. માછલીમાં પાણીમાં તરવાની શક્તિ છે, છતાં પણ તરવાની ક્રિયામાં - કારણ પાણીની જરૂર રહે છે તેમ જીવ અને પુદ્‌ગલને ગતિમાં સહાયક નિમિત્તથી છે. ધર્માસ્તિકાય જીવ તેમજ પુદ્‌ગલને ચલાવે છે, એમ નથી. તેને માત્ર સહાયક નિમિત્તથી છે.

ધર્મ, અધર્મ, લોકાકાશ, અપૃથક્ભૂત (એક ક્ષેત્રાવગાહી) અને સરખાં પરિમાણવાળાં છે. નિશ્ચયથી ત્રણે દ્રવ્યની પૃથક ઉપલબ્ધિ છે; પોત પોતાની સત્તાથી રહ્યા છે એમ એકતા અનેકતા છે.

**અધર્માસ્તિકાય :** ધર્માસ્તિકાયના ગુણધર્મો જેવા જ આ દ્રવ્યના પણ છે. તે સ્થિતિ ક્રિયાયુક્ત જીવ-પુદ્‌ગલને પૃથ્વીની પેઠે

સ્થિરતામાં સહાયક છે. ધર્મ અને અધર્મ દ્રવ્યોને કારણે લોક અને અલોકનો વિભાગ થાય છે. અધર્માસ્તિકાય જીવ પુદ્‌ગલને સ્થિતિ કરાવે છે એમ નથી. જીવ પુદ્‌ગલ સ્થિતિ કરે છે, તેમાં માત્ર સહાયક નિમિત્ત છે. ધર્મ અને અધર્મ બન્ને દ્રવ્યો અક્રિય કહેવાય છે. કારણકે ક્યારેય પોતાના સ્વભાવમાંથી બહાર આવતાં જ નથી, સ્વભાવમાં જ પરિણમી રહ્યા છે.

**આકાશાસ્તિકાય :** જીવ, પુદ્‌ગલ સમુહ, ધર્મ, અધર્મ આ દ્રવ્યોને અવગાહન કરવાની જગ્યા આપે છે તે આકાશ તત્ત્વ છે. જીવ, પુદ્‌ગલ સમુહ, ધર્મ, અધર્મ, દ્રવ્યો જેટલા વિસ્તારમાં રહ્યા છે તેને લોકાકાશ કહે છે. લોકાકાશની બહાર ફક્ત આકાશ આવેલું છે તેને અલોક કહેવામાં આવે છે.

જો ગમન અને સ્થિતિનું નિમિત્ત કારણ આકાશ હોત તો ધર્મ અને અધર્મ દ્રવ્યના સ્વભાવને લીધે સિદ્ધ ભગવાનનું સ્થાન ઊર્ધ્વ લોકાંતે હોવાને બદલે અલોકમાં પણ ગમન હોત. એટલે કે સિદ્ધ ભગવાનનું સ્થાન ઊર્ધ્વ લોકાંતે આવેલું છે. તેથી ગમન અને સ્થિતિનું કારણ આકાશ નથી એમ સર્વજ્ઞે કહ્યું છે. આકાશાસ્તિકાય અસંખ્યાત પ્રદેશાત્મક એક દ્રવ્ય છે. તે અક્રિય છે એટલે કે સ્વભાવની બહાર નીકળતું નથી.

**કાળ :** દરેક દ્રવ્યના વર્તનાદિ સ્વરૂપ પર્યાયોને કાળ કહેવાય છે અને પર્યાય દ્રવ્યથી અભિન્ન હોવાથી પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર કરીને કાળને પણ દ્રવ્ય કહેવાય છે. જેને પરિવર્તન કરે, નવાંને જુનુ કરે તે કાળ, કાળ અરુપી છે.

સામાન્યમાં કાળ પ્રાણીમાત્રનું આયુષ્ય ખાય છે, વ્યવહારથી કહીએ તો કાળ જૂનું ખાય છે. નિશ્ચયથી કહીએ તો કાળ પદાર્થને માત્ર રૂપાંતર આપે છે. પર્યાયાંતર કરે છે. કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ

વિભાગ સમય છે. કાળનાં કારણથી પુદ્‌ગલ અનેક સ્કંધપણે પરિણમે છે. કાળ પરિણામથી ઉત્પન્ન થાય છે, પરિણામ કાળથી ઉત્પન્ન થાય છે. બન્નેનો એમ સ્વભાવ છે. નિશ્ચય કાળથી ક્ષણભંગુર કાળ હોય છે. કાળના અણુ ભેગા થઈ શકતા નથી તેથી તેને દ્રવ્ય કહેવાય છે, અસ્તિકાય નહીં. કાળના અણું લોક પ્રમાણ અસંખ્યાત છે. તે અણુમાં રુક્ષ અથવા સ્નિગ્ધ ગુણ નથી. તેથી તે દરેક અણું એકબીજામાં મળતાં નથી અને દરેક પૃથક્ પૃથક્ રહે છે.

કાળ દ્રવ્ય એ પાંચ અસ્તિકાયનો વર્તનારૂપ પર્યાય છે. એટલે કે ઉપચારિક દ્રવ્ય છે. પળ, વિપળથી માંડી વર્ષાદિ પર્યંત જે કાળ સૂર્યની ગતિ ઉપરથી સમજાય છે તે વ્યાવહારિક કાળ છે. કાળ, અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ અને અગુરુ લઘુ સ્વભાવવાળો છે. લોકાકાશના એકેક પ્રદેશે રહેલા કાલાણુઓ વર્તના પર્યાય અને વ્યાવહારિક કાળને નિમિત્તોપકારી છે. તે જીવ અને અજીવમાંથી ઉત્પન્ન થયેલ છે; અથવા જીવાજીવની પર્યાય અવસ્થા તે કાળ છે. દરેક દ્રવ્યમાં ઊર્ધ્વ પ્રચય અને તિર્યક પ્રચય એવા બે ધર્મ છે પણ કાળને વિષે પ્રથમ ધર્મ છે. તિર્યક્ પ્રચય ધર્મ નથી. ઊર્ધ્વ પ્રચયથી પદાર્થમાં જે ધર્મનું ઉદ્‌ભવવું થાય છે તે ધર્મનું તિર્યક્ પ્રચયથી પાછું તેમાં સમાવું થાય છે. કાળના સમયને તિર્યક્ પ્રચય નથી, તેથી જે સમય ગયો તે પાછો આવતો નથી.

સમય, નિમેષ, કાષ્ટા, કલા, નાલી મુહૂર્ત, દિવસ, રાત્રિ, માસ, ઋતુ, સંવત્સરાદિ વ્યવહારિક કાળ છે. કાળના કોઈ પણ પરિમાણ (માપ) વિના બહુ કાળ થોડો કાળ એમ કહી શકાય નહીં. તેની મર્યાદા પુદ્‌ગલ દ્રવ્ય વિના થતી નથી. તેથી કાળને પુદ્‌ગલથી ઉત્પન્ન થવા પણું કહીએ છીએ.

## છ દ્રવ્યોની ૨૩ દ્વારોથી વિચારણા.

| દ્વાર. નામ | અસ્તિકાય જીવ | પુદ્‌ગલ | ધર્મ | અધર્મ | આકાશ | કાળ |
|---|---|---|---|---|---|---|
| ૧. પરિણામી (૨) | √ | √ | - | - | - | - |
| ૨. અપરિણામી (૪) | - | - | √ | √ | √ | √ |
| ૩. ચેતના (૧) | √ | - | - | - | - | - |
| ૪. અચેતના (૫) | - | √ | √ | √ | √ | √ |
| ૫. રૂપી (૧) | - | √ | - | - | - | - |
| ૬. અરુપી - ૫ | √ | - | √ | √ | √ | √ |
| ૭. સપ્રદેશી - ૫ | √ | √ | √ | √ | √ | - |
| ૮. અપ્રદેશી - ૧ | - | - | - | - | - | √ |
| ૯. એક દ્રવ્ય - ૩ | - | - | √ | √ | √ | - |
| ૧૦. અનેક દ્રવ્ય - ૩ | √ | √ | - | - | - | √ |
| ૧૧. ક્ષેત્ર - ૧ | - | - | - | - | √ | - |
| ૧૨. ક્ષેત્રી - ૫ | √ | √ | √ | √ | √ | - |
| ૧૩. સક્રિય - ૨ | √ | √ | - | - | - | - |
| ૧૪. અક્રિય - ૪ | - | - | √ | √ | √ | √ |
| ૧૫. નિત્ય - ૪ | - | - | √ | √ | √ | √ |
| ૧૬. અનિત્ય - ૨ | √ | √ | - | - | - | - |
| ૧૭. કારણ - ૫ | - | √ | √ | √ | √ | √ |
| ૧૮. અકારણ - ૧ | √ | - | - | - | - | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૯. કર્તા - ૧ | √ | - | - | - | - | - |
| ૨૦. અકર્તા - ૫ | - | √ | √ | √ | √ | √ |
| ૨૧. સર્વગત - ૧ | - | - | - | - | √ | - |
| ૨૨. દેશગત - ૫ | √ | √ | √ | √ | - | √ |
| ૨૩. પરસ્પર - ૬ અપ્રવેશી | √ | √ | √ | √ | √ | √ |

નોંધ: ૧૫ અને ૧૬ અવસ્થા અપેક્ષા એ છે.

કારણ - જે અન્ય દ્રવ્યના કાર્યમાં ઉપકારી બને તે દ્રવ્ય.

અકારણ - જે અન્ય દ્રવ્યના કાર્યમાં ઉપકારી ન બને તે દ્રવ્ય.

નિત્ય - જે સદા એક જ અવસ્થામાં રહે.

અનિત્ય - જે અવસ્થા બદલ્યા કરે તે.

ક્ષેત્ર - જેમાં દ્રવ્યો રહે તે.

ક્ષેત્રી - ક્ષેત્રમાં રહેનાર.

પુદ્ગલ તથા જીવ પરિણામી છે તેથી પરસ્પરના સંયોગથી સમગ્ર જગત વિચિત્રતાથી ભરેલું દેખાય છે. પરિણામી સ્વભાવની અપેક્ષાએ તેઓને અનિત્ય કહેવામાં આવ્યા છે. સ્યાદ્વાદ દૃષ્ટિથી વિચારીએ તો દરેક દ્રવ્ય નિત્યાનિત્ય સ્વરૂપવાળા છે. દ્રવ્ય રૂપે નિત્ય છે. પર્યાય રૂપે અનિત્ય છે.

સંસારી જીવનું શુદ્ધ સ્વરૂપ કર્મથી આવૃત્ત હોવાના કારણે તે રાગ. દ્વેષાદિ વિભાવ દશાનો કર્તા બને છે. જ્યારે કર્મ રહિત સ્થિતિ પ્રાપ્ત કરે છે ત્યારે તે પોતાની સ્વભાવ દશાનો કર્તા - ભોક્તા બને છે.

સંસારની સમસ્ત પ્રવૃત્તિઓનું, વિષમતાઓનું કારણ કર્મ છે.

સર્વજ્ઞના કહેલા તત્ત્વજ્ઞાન પ્રમાણે કર્મ પણ એક દ્રવ્યભૂત વસ્તુ છે. તે સૂક્ષ્મ પુદ્‌ગલના સમુહરૂપ છે. જેને કાર્મણ વર્ગણા કહેવામાં આવે છે. આત્માની મન, વચન અને કાયાની શુભાશુભ પ્રવૃત્તિ અનુસાર આ કર્મના પુદ્‌ગલો આત્મ પ્રદેશો પર ચોંટે છે. એ જ કર્મબંધ છે.

કર્મ બંધના મુખ્ય પાંચ હેતુઓ છે. ૧ મિથ્યાત્વ. ૨ અવિરતિ. ૩ કષાય. ૪ પ્રમાદ. ૫ યોગ - (મન, વચન, કાયા). કોઈ જગ્યાએ કર્મબંધના ૪ હેતુઓ પણ કહ્યા છે. ત્યાં પ્રમાદ સિવાયના ચાર કહ્યા છે અને પ્રમાદને બાકીના ચારમાં અંતર્ભાવી ગણવામાં આવ્યો છે.

આ પાંચ હેતુઓ વડે જીવ અનંત પ્રકારના કર્મો બાંધે છે. તેને મુખ્ય આઠ પ્રકારમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે.

૧.જ્ઞાનાવરણીય(૫) આત્માની જ્ઞાન સંબંધી જે અનંત શક્તિ છે તેને આચ્છાદન કરે છે. આંખે પાટા બાંધેલા પુરૂષ જેવું છે.

૨.દર્શનાવરણીય(૯)આત્માની જે અનંત દર્શનશક્તિ છે તેને આચ્છાદન કરે છે. રાજાના દ્વારપાળ જેવું છે.

૩.અંતરાય(૫)આત્માના અનંત દાન-લાભ, વીર્ય ભોગ- ઉપભોગ શક્તિને આચ્છાદન કરે છે. રાજાના ભંડારી જેવું છે.

૪.વેદનીય(૨) આત્માની અવ્યાબાધ સુખરૂપ શક્તિને આચ્છાદન કરે છે. તે મધથી ખરડાયેલી છરી જેવું છે.

૫.આયુષ્ય(૪)આત્માના અક્ષય સ્થિતિ ગુણને રોકે છે.બેડીના બંધન જેવું છે.

૬. નામ (૧૦૩) આત્માના અરુપી ગુણને રોકે છે.

ચિત્રકાર જેવું છે.

૭. ગોત્ર (૨) અટલ અવગાહના રૂપ શક્તિને રોકે છે. કુંભારનાં ઘડા જેવું છે.

૮. મોહનીય (૨૮) આત્માની ચારિત્ર રૂપ શક્તિને રોકે છે. મદિરા જેવું છે.

આ ૧૫૮ ભેદ કર્મગ્રંથ ઉપર આગળની શિબિરમાં વિસ્તારથી લીધેલ હોવાથી ત્યાંથી જોવા ભલામણ છે.

## આશ્રવ તત્વ

જેનાથી આત્માંમાં કર્મરૂપ પ્રવાહ આવે ´અથવા કર્મબંધના હેતુઓ થાય તે આશ્રવ. આશ્રવ તત્વના ૪૨ ભેદ છે. તેમાં સત્તર પ્રકારના અસંયમ = ઈન્દ્રિય વડે-૫, કષાય-૪, અવ્રત-૫, યોગ=૩ = ૧૭ અને પચીસ પ્રકારની ક્રિયાઓથી આશ્રવ આવે છે. આશ્રવના ૪૨ ભેદોનો સમાવેશ મિથ્યાત્વ - અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગમાં થઈ જાય છે. અઢાર પાપ સ્થાનક પણ આ ૪૨ ભેદોમાં સમાઈ જાય છે.

જીવના અશુદ્ધ પરિણામ - (શુભાશુભ પરિણામ)થી પુદ્‌ગલના ગ્રહણ રૂપ કર્મપણું પ્રાપ્ત થાય છે. જેને આશ્રવ કહેવામાં આવે છે.

જે પરદ્રવ્યને વિષે શુભ અથવા અશુભ રાગ કરે છે તે જીવ સ્વ ચારિત્રથી ભ્રષ્ટ છે અને પર ચારિત્ર આચરે છે, એમ ગણવું. એટલે કે તેના આશ્રવના દ્વારા ખુલ્લા રાખેલા છે. આશ્રવ આવે છે. રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ઈત્યાદિક આશ્રવ છે, કર્મ આવવાના દ્વાર છે. જે જે વૃત્તિમાં સ્ફૂરે અને ઈચ્છા કરે તો તે આશ્રવ છે. જે ભાવ વડે આત્માને પાપ પુણ્ય આશ્રવની પ્રાપ્તિ

થાય તેમ પ્રવર્તમાન આત્મા પરચારિત્રમાં વર્તે છે, એમ સર્વજ્ઞ વીતરાગે કહ્યું છે.

## પુણ્ય તત્વ

જીવ શુભ પરિણામ કરે તો પુણ્ય થાય છે. જે જીવને પ્રશસ્ત રાગ છે, અનુકંપાયુક્ત પરિણામ છે અને ચિત્તમાં કલુષતાનો અભાવ છે, તો તે જીવને પુણ્ય આશ્રવ છે. અર્હંત, સિદ્ધ-જ્ઞાનીઓ પ્રત્યે ભક્તિ, ધર્મમાં ખરેખર ચેષ્ટા અને ગુરૂની આજ્ઞાનું પાલન તે પ્રશસ્ત રાગ છે. તુષાતુર, ક્ષુધાતુર અથવા દુઃખીને દેખી જે જીવ મનમાં દુઃખ પામતો થકો તેના પ્રત્યે કરુણાથી વર્તે છે, તેનો એ ભાવ અનુકંપા છે. જે પુણ્ય આશ્રવ છે.

પુણ્ય તત્વના ૪૨ ભેદ છે. શાતા વેદનીય, દેવાયુ, મનુષ્યાયુ, તિર્યંચાયુ, ઉચ્ચ ગોત્ર અને નામકર્મની - ૩૭ પ્રકૃતિ-પ્રત્યેક (૭) ત્રસદશક (૧૦), પિંડ પ્રકૃતિ (૨૦) પ્રત્યેક- (૭) - અગુરુલઘુ, નિર્માણ, આતપ, ઉદ્યોત, પરાઘાત, ઉચ્છ્વાસ, તીર્થંકર નામ., ત્રસદશક (૧૦) - ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ સુસ્વર, આદેય, યશ. પિંડ પ્રકૃતિ (૨૦) - ગતિ (૨) જાતિ (૧) પંચેન્દ્રિય, શરીર (૫) ઉપાંગ (૩) સંઘયણ (૧), સંસ્થાન (૧) વર્ણ (૧), ગંધ (૧), રસ (૧), સ્પર્શ (૧) અનુપૂર્વી (૨), વિહાયોગતિ (૧).

પુણ્યતત્વના મુખ્ય બે અંગ - એક પુણ્યક્રિયા રૂપ - બીજું પુણ્યફળ રૂપ.

જરૂરિયાતવાળાને અન્ન, તૃષાતુરને જળ, વસ્ત્રના જરૂરીયાતવાળાને વસ્ત્ર, જરૂરીયાતવાળાને આસન, શૈયા વિગેરે આપવું તે શુભ પુણ્યરૂપ ક્રિયા છે. મનથી સામેની વ્યક્તિના

હિતનો વિચાર કરવો, વાણીથી બીજાને આદર-માન આપવું. કાયાથી જરૂરીયાતવાળાની વૈયાવચ્ચ કરવી, ઉત્તમ પુરૂષોને નમન-વંદન કરવું. આ બધા પુણ્ય આશ્રવ છે.

શાસ્ત્રમાં પુણ્યને પણ આશ્રવ એટલે કર્મ આવવાનું કારણ કહ્યું છે. પણ મોક્ષ પ્રાપ્તિ માટે અનુકૂળ શરીર આદિ સામગ્રી તથા ધર્મ સામગ્રીની પ્રાપ્તિ પુણ્યથી જ પ્રાપ્ત થતી હોવાથી વ્યવહારથી તે ઉપાદેય - આદરવા યોગ્ય છે.

આત્મ વિકાસના સાધન રૂપ મનુષ્ય ગતિ, પાંચ ઈન્દ્રિયો, ઔદારિક શરીર તથા ઉત્તમ કુળ અને સદ્ દેવ, સદ્ગુરુ, સત્ધર્મની પ્રાપ્તિ પુણ્યથી જ થાય છે. જ્ઞાનીઓ એ બે પ્રકારના પુણ્ય બતાવ્યા છે. ૧. પુણ્યાનુબંધી પુણ્ય. ૨. પાપાનુબંધી પુણ્ય. જે પુણ્યથી પુણ્યની પરંપરા ચાલે અર્થાત્ જે પુણ્ય ભોગવતાં પણ નવા પુણ્યનો બંધ થાય તે પુણ્યાનુબંધી પુણ્ય સમજવું અને જે પુણ્યના ઉદયકાળમાં નવા પાપનો બંધ થાય તે પાપાનુબંધી પુણ્ય જાણવું.

પુણ્યાનુબંધી પુણ્ય આત્માને મોક્ષ માર્ગને યોગ્ય સર્વ સામગ્રી અને અનુકૂળતા આપીને પોતાની મુદત સુધી સાથે રહીને ચાલ્યું જાય છે અને પાપાનુબંધી પુણ્ય લુંટારાની જેમ પુણ્યની મૂડી લૂંટીને જીવને દુર્ગતિમાં ધકેલી દે છે.

## પાપ તત્ત્વ

અશુભ પરિણામ કરવા તે પાપ આશ્રવ છે. ક્રોધ, માન, માયા, લોભની મીઠાશ જીવને ક્ષોભ પમાડે છે અને પાપભાવની ઉત્પત્તિ કરે છે. ઘણા પ્રમાદવાળી ક્રિયા, ચિત્તની મલિનતા, ઈન્દ્રિય વિષયમાં લુબ્ધતા, બીજા જીવોને દુઃખ દેવું, તેનો અપવાદ બોલવો એ આદિ વર્તનથી જીવ "પાપ આશ્રવ" કરે છે. જ્ઞાનીઓ આને

કલુષતા કહે છે.

બહુ પ્રમાદથી ભરેલ આચરણ રૂપ પરિણતિ, કલુષતા રૂપ પરિણતિ, વિષય લોલુપતારૂપ પરિણતિ, પરને દુઃખ દેવા રૂપ પરિણતિ, પરના અપવાદ રૂપ પરિણતિ. આ પાંચ અશુભ ભાવો દ્રવ્ય પાપાશ્રવને નિમિત્ત માત્રપણે કારણભૂત છે. તેથી દ્રવ્ય પાપાશ્રવના પ્રસંગને અનુલક્ષીને તે અશુભ ભાવો ભાવ પાપાશ્રવ છે અને તેના નિમિત્ત દ્વારા અશુભ કર્મરૂપ કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે દ્રવ્ય પાપાશ્રવ છે.

ચાર સંજ્ઞા (આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ), ત્રણ લેશ્યા (કૃષ્ણ, નીલ, કાપોત), ઈન્દ્રિય વશતા, આર્ત અને રૌદ્ર ધ્યાન, દુષ્ટભાવ વાળી ધર્મક્રિયામાં મોહ એ ભાવ પાપાશ્રવ છે. તીવ્ર મોહના વિપાકથી ઉત્પન્ન થતી ચાર સંજ્ઞાઓ, તીવ્ર કષાયના ઉદયથી રંગાયેલ યોગ પ્રવૃત્તિ રૂપ કૃષ્ણ વિગેરે ત્રણ લેશ્યા, રાગ દ્વેષના ઉદયની ઉગ્રંતાને કારણે વર્તતું ઈન્દ્રિયાધીનપણું, રાગદ્વેષને કારણે પ્રિયના સંયોગને, અપ્રિયના વિયોગને, વેદનામાંથી છુટકારાને તથા નિદાનને ઈચ્છવા રૂપ આર્તધ્યાન, કષાય વડે કઠોર પરિણામને લીધે થતો હિંસાનંદ, અસત્યાનંદ, સ્તેયાનંદ અને વિષય સંરક્ષણાનંદ રૂપ રૌદ્ર ધ્યાન, વગર પ્રયોજને અશુભ કાર્યમાં દુષ્ટપણે જોડાયેલ યોગ અને સામાન્યપણે દર્શનચારિત્ર મોહનીયના ઉદયથી ઉત્પન્ન થતો અવિવેક રૂપ મોહ. આ ભાવ પાપાશ્રવનો વિસ્તાર છે. જે દ્રવ્ય પાપાશ્રવ માટે નિમિત્ત રૂપ બને છે.

અશુભ કર્મ (પાપ કર્મ)ની ઉદીરણા થતાં બુદ્ધિ નાશ પામે છે, અમૃત પણ વિષ થઈ જાય છે, પોતાના વહાલા મિત્રો પણ વૈરી થઈ જાય છે. અશુભના પ્રબળ ઉદયથી પોતે જ પોતાનો ઘાત કરે છે. સામાન્ય પણે અસત્યાદિ કરતાં હિંસાનું પાપ વિશેષ છે.

કર્મના ભેદ જોતાં પાપકર્મની ૮૨ પ્રકૃતિ છે. તેમાં ઘાતી કર્મની (૪૫) અને અઘાતી કર્મની (૩૭) છે.

**ઘાતી કર્મની (૪૫)** - જ્ઞાનાવરણીય (૫), દર્શનાવરણીય (૯), અંતરાય (૫) અને મોહનીયની મિશ્ર તથા સમકિત મોહનીય સિવાયની (૨૬). કુલ = ૪૫.

અઘાતી કર્મની (૩૭) - વેદનીય (૧), ગોત્ર (૧), આયુષ્ય (૧) નામકર્મ (૩૪) = ૩૭. નામકર્મમાં સ્થાવર દશક (૧૦), પ્રત્યેક (૧) ઉપઘાત; પિંડ પ્રકૃતિ (૨૩).

જેમ નવ પ્રકારની પુણ્યની ક્રિયાઓથી ૪૨ પ્રકારના પુણ્યનો બંધ થાય છે. તેમ ૧૮ પ્રકારના પાપની ક્રિયાઓથી જીવને પાપાશ્રવ થાય છે, જેને અઢાર પાપ સ્થાનક પણ કહેવામાં આવે છે. તે નીચે પ્રમાણે છે.

(૧) પ્રાણાતિપાત (૨) મૃષાવાદ (૩) અદત્તાદાન (૪) મૈથુન (૫) પરિગ્રહ (૬) ક્રોધ (૭) માન, (૮) માયા, (૯) લોભ, (૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ, (૧૩) અભ્યાખ્યાન - કોઈના દોષ પ્રગટ કરવા, ખોટા આક્ષેપ - આરોપ લગાવવા, કલંક દેવા. (૧૪) પૈશુન્ય - ચાડી ચુગલી કરવી, કાન ભંભેરવા, (૧૫) રતિ-અરતિ (૧૬) પર પરિવાદ (૧૭) માયા મૃષાવાદ, (૧૮) મિથ્યાત્વ. આ અઢાર પાપસ્થાનો દ્વારા કરેલું પાપ બ્યાસી પ્રકારથી ભોગવાય છે.

પુણ્યની જેમ પાપના પણ પાપાનુબંધી પાપ અને પુણ્યાનુબંધી પાપ એવા બે પ્રકાર જ્ઞાનીઓએ કહ્યા છે. જે પાપનું ફળ ભોગવતાં નવું પાપ બંધાય તે પાપાનુબંધી પાપ અને જે પાપનું ફળ ભોગવતાં નવું પુણ્ય બંધાય તે પુણ્યાનુબંધી પાપ કહેવાય છે.

## સંવર તત્ત્વ

જે સંયમીને - આત્મ પરિણતિમાં સ્થિતને જ્યારે યોગમાં (મન, વચન, કાયાના પ્રવર્તનમાં) પુણ્ય પાપની પ્રવૃત્તિ નથી, ત્યારે તેને શુભા શુભ કર્મ કર્તૃત્વનો સંવર છે. રાગાદિ ભાવોનો અભાવ થવાથી બંધ થતો નથી. યોગોને સ્થિર કરવા તે સંવર. આશ્રવને રોકી શકે એવો ચૈતન્ય સ્વભાવ તે ભાવ સંવર છે અને તેથી દ્રવ્યાશ્રવને રોકે તે દ્રવ્ય સંવર છે. સમિતિ (૫), ગુપ્તિ (૩), પરિસહ (૨૨), યતિ ધર્મ (૧૦), ભાવના (૧૨) અને ચારિત્ર (૫) એ ભાવસંવર છે, વૃત્તિઓનો નિરોધ એ સંવર છે. જ્ઞાન ધ્યાનમાં પ્રવર્તમાન થઈને જીવ નવા કર્મ બાંધે નહીં તે સંવર. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગથી આવતાં કર્મોને રોકવા તે સંવર છે.

સંવરના ભેદ (૫૭) : સમિતિ (૫) - ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ, પારિષ્ઠાપનિકા સમિતિ, ગુપ્તિ (૩) - મન, વચન અને કાય ગુપ્તિ. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને અષ્ટ પ્રવચન માતા પણ કહેવાય છે.

પરિષહ : (૨૨) - ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ, અચેલક, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણ સ્પર્શ, મલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, સમ્યક્ત્વ. આ બાવીસ પરિષહ સમભાવે સહન કરવા તે સંવર ક્રિયા છે.

યતિ ધર્મ (૧૦) : ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનત્વ, બ્રહ્મચર્ય.

ભાવના (૧૨) : અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ,

અન્યત્વ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વભાવ, બોધિ દુર્લભ અને ધર્મ દુર્લભ ભાવના.

ચારિત્ર (૫) : સામાયિક, છેદોપસ્થાનીય પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્ર.

નવીન બંધાતા કર્મની વિરાટ ઈમારતને અટકાવનાર આ સંવર તત્વ છે. માટે મુમુક્ષુઓએ સંવર તત્વના ૫૭ ભેદોને સમજી તેને આદરવા જોઈએ. ઈન્દ્રિયો, કષાય અને સંજ્ઞાનો જય કરવાવાળો માર્ગ જે જીવને વર્તે છે, તે કાળે જીવને પાપ આશ્રવનો નિરોધ છે. જેને સર્વ દ્રવ્ય પ્રત્યે રાગ, દ્વેષ, અજ્ઞાન વર્તતું નથી, તે સાધકને શુભા શુભ આશ્રવ નથી.

## નિર્જરા તત્ત્વ

જે યોગનો નિરોધ કરીને (મન, વચન, કાયાની ચપળતાને દૂર કરીને) આત્મ પરિણામમાં સંયમ ભાવે રહ્યા કરે છે, તે નિશ્ચય બહુ પ્રકારનાં કર્મોની નિર્જરા કરે છે. નિર્જરા બે પ્રકારની છે. અકામ નિર્જરા અને સકામ નિર્જરા. અજ્ઞાનીને અકામ નિર્જરા હોય છે, જ્ઞાનીને સકામ નિર્જરા હોય છે.

જે આત્માર્થનો સાધનાર સંવર યુક્ત એટલે કે કર્મ આવવાના દ્વારનો નિરોધ કરીને, આત્મ સ્વરૂપ જાણીને તદ્રુપ ધ્યાન કરે છે, તે સાધક મહાત્મા કર્મરજને ખંખેરી નાખે છે.

જેને રાગ દ્વેષ તેમજ મોહ અને બાહ્ય ભાવમાં યોગ પરિણમન વર્તતા નથી. તેને શુભાશુભ કર્મને બાળીને ભસ્મ કરવાવાળો ધ્યાન રૂપી અગ્નિ પ્રગટે છે. જે ભાવ વડે, તપશ્ચર્યાએ કરીને કે યથાકાળે કર્મના પુદ્‌ગલો રસ ભોગવાઈ જઈ ખરી પડે છે, તે ભાવ નિર્જરા, તે પુદ્‌ગલ પરમાણુઓનું આત્મ પ્રદેશથી ખરી

જવું તે દ્રવ્ય નિર્જરા.

જો ઉદયમાં આવ્યા પહેલાં રસમાં મોળાશ કરી નાખવામાં આવે તો આત્મ પ્રદેશથી કર્મ ખરી જઈ નિર્જરા થાય અથવા મંદ રસે ઉદયમાં આવે. જ્ઞાનીઓ કર્મનો ભોગવટો કરતાં નવી ભૂલ કરતાં નથી, માટે અબંધ થઈ શકે છે. નિવૃત્તિવાળો અવસર સંપાદન કરી આત્મલક્ષી વિચારોનું અધિક અધિક મનન કરવાથી વિશેષ સમાધાન અને નિર્જરા થાય છે, સઉલ્લાસ ચિત્તથી જ્ઞાનની અનુપ્રેક્ષા કરતાં અનંત કર્મનો ક્ષય થાય છે. ઉપશમ જ જે જ્ઞાનનું મૂળ છે, તે જ્ઞાનમાં તીક્ષ્ણ વેદના પણ પરમ નિર્જરા ભાસવા યોગ્ય છે.

મતભેદથી દૂર રહી, મધ્યસ્થ વૃત્ત રહી, સ્વ આત્માનું હિત કરતાં જેમ જેમ પર આત્માનું હિત થાય તેમ પ્રવર્તવું અને જ્ઞાનીના માર્ગનું, જ્ઞાનક્રિયાનું સમન્વિતપણું સ્થાપિત કરવું એ જ નિર્જરાનો સુંદર માર્ગ છે.

પ્રત્યેક ઈન્દ્રિય પોતપોતાનો સ્વભાવ કરે છે, પણ આત્માનો ઉપયોગ તે રૂપ થઈ તાદાત્મ્ય રૂપ થઈ તેમાં હર્ષ વિષાદ કરે નહીં તો કર્મબંધ થાય નહીં. અહંકાર રહિત, કદાગ્રહ રહિત, લોકસંજ્ઞા રહિત આત્મામાં પ્રવર્તવું તે નિર્જરા. બાર પ્રકારના તપ વડે કરીને કર્મના જથ્થાને બાળીને ભસ્મીભૂત કરી નાખવો તે નિર્જરા છે. તપના છ બાહ્ય અને છ આભ્યંતર પ્રકારો છે.

બાહ્ય તપ : અનશન, ઉણોદરી, વૃત્તિ સંક્ષેપ, રસ પરિત્યાગ, કાય ક્લેશ, સંલીનતા.

આભ્યંતર તપ : પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાર્યોત્સર્ગ.

ખરેખરી આશંકા ટળે તો ઘણી નિર્જરા થઈ જાય. શુદ્ધ અધ્યવસાયવાળું પરિણમન તે નિર્જરા છે.

મનની સ્થિરતા - એકાગ્રતા થવાથી ચિત્ત નિર્મળ થાય છે અને તેથી નિર્જરા થાય છે. અંતર્વિચારનું સાધન હાથવગું કરવાથી સદ્ચિત્તવૃત્તિ બહાર નીકળવાને બદલે અંદર સમાયેલી રહે છે અને તેમ થવાથી નિર્જરા થાય છે.

નિર્જરાનો અસંખ્યાતગુણો, ઉત્તરોત્તર ક્રમ છે, સમ્યક્ દર્શન પામેલ નથી એવા મિથ્યાદૃષ્ટિ જીવ કરતાં સમ્યક્ દૃષ્ટિ અસંખ્યાત ગુણી નિર્જરા કરે છે. અકામ નિર્જરા ઔદ્યિક ભાવે થાય છે તે અનંતવાર આ જીવે કરી છે અને નવા બંધનું કારણ છે. સકામ નિર્જરા ક્ષાયોપશમિક ભાવે થાય છે, જે નવા કર્મના અબંધનું કારણ છે. જેટલે અંશે સકામ નિર્જરા થાય તેટલે અંશે આત્મા પ્રગટ થાય છે.

અત્યાર સુધી અનંતીવાર બાહ્ય ચારિત્ર લેવાથી જે નિર્જરા થઈ છે તે ઔદયિક ભાવે થઈ છે, ક્ષાયોપશમિક ભાવે થઈ નથી. જો એમ થયું હોત તો અત્યારે આપણે રખડતાં ન હોત.

પુદ્ગલ દ્રવ્યરૂપ શુભાશુભ કરજ જે કાળે ઉદયમાં આવે તે કાળે સમ્યક્ પ્રકારે વેદી ચૂકવી દેવાથી નિર્જરા થાય છે અને નવું કરજ થતું નથી. માટે સાધકે કરજમાંથી મુક્ત થવાને હર્ષાયમાન પણે તૈયાર થઈ રહેવું જોઈએ. કારણકે દીધા વગર છૂટકો થવાનો નથી.

તપશ્ચર્યા સમતા સહિત કરવી જોઈએ, કોઈ બાહ્ય પદાર્થની કામનાના હેતુથી નહિ, તો જ કર્મોની સકામ નિર્જરા થઈ શકે. તપ એ નિર્જરાનું મોક્ષનું સાધન છે માટે તેને તેવી રીતે કરવું જોઈએ કે જેથી ધર્મ કરવામાં શરીર કામમાં આવે, ચિત્તમાં દુર્ધ્યાન

પેદા ન થાય, ઈન્દ્રિયોનું બળ નષ્ટ ન થાય.

બાહ્ય તપના આચરણથી આભ્યંતર તપની વૃદ્ધિ થાય, ભાવની વિશુદ્ધિ થાય અને આત્મ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય, તે રીતે સાધકે સાધનામાં આગળ વધવું જોઈએ.

પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ અને સ્વાધ્યાયના સતત અભ્યાસથી મનની શુદ્ધિ થાય છે, ચિત્ત પ્રસન્ન બને છે. એ દ્વારા ધ્યાનની ધારામાં એકાગ્રતા પ્રગટે છે. ધ્યાન અને કાયોત્સર્ગ એ મોક્ષના કારણરૂપ સર્વ યોગોમાં પ્રકૃષ્ટ યોગ છે. કર્મના પુંજને ક્ષણવારમાં ભસ્મીભૂત કરવાનું અતુલ સામર્થ્ય સાધકમાં ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન દ્વારા અનુક્રમે પ્રગટે છે.

## બંધ તત્ત્વ

જો આત્મા વિકારી વર્તતો થકો ઉદિત શુભ કે અશુભ ભાવને કરે છે તો તે ભાવ વડે વિવિધ પુદ્ગલ કર્મથી બંધાય છે. એટલે કે તેને બંધ તત્ત્વ લાગે છે. મોહ, રાગ, દ્વેષ વડે સ્નિગ્ધ એવા જીવના શુભ કે અશુભ પરિણામ તે ભાવબંધ છે અને તેના નિમિત્તથી શુભા શુભ કર્મપણે પરિણત પુદ્ગલોનું આત્માના પ્રદેશો સાથે અવગાહન તે દ્રવ્યબંધ છે. કર્મ ગ્રહણનું નિમિત્ત યોગ (મન, વચન, કાયા)ની ચપળ પરિણતિ છે. એટલે કે ભાવ છે. જીવના કોઈપણ પરિણામમાં વર્તતો યોગ, કર્મના પ્રકૃતિ, પ્રદેશ બંધનું નિમિત્ત છે અને જીવના તે જ પરિણામ વખતે પ્રવર્તતો મોહ રાગ દ્વેષ કષાય કર્મના સ્થિતિબંધ અને અનુભાગ બંધનું નિમિત્ત થાય છે.

મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગને મૂળ - આઠ કર્મોના બંધના કારણ ગણવામાં આવ્યા છે. સમગ્રતયા જોઈએ તો જીવમાં

રહેલા રાગ, દ્વેષ અને અજ્ઞાન બંધના કારણો છે. જ્ઞાનાવરણીયાદિ કર્મને યોગ્ય જે પુદ્ગલ ગ્રહણ થાય છે, તે દ્રવ્ય બંધ છે અને જીવ જે પરિણામથી આ કર્મોનો બંધ કરે છે તે ભાવબંધ છે.

મિથ્યાત્વ એટલે જીવમાં જે ઊલટી સમજણ છે તે. મિથ્યાત્વના ઉદયના કારણે જીવ વિરતિપણું નહીં હોવાથી કષાયનો ઉદ્ભવ થાય અને કષાયના ઉદયથી યોગોનું ચલાયમાનપણું થાય. આમ મિથ્યાત્વ - અવિરતિ, કષાય અને યોગથી અનુક્રમે બંધ પડે છે. દર્શનમાં ભૂલ થવાથી જ્ઞાનમાં ભૂલ થાય છે, જેવા રસથી જ્ઞાનમાં ભૂલ થાય છે, તેવી રીતે આત્માનું વીર્ય સ્ફૂરાયમાન થાય અને તેને અનુલક્ષીને જીવ કાર્મણ પરમાણુને ગ્રહણ કરે અને તેવો જ બંધ પડે અને તે પ્રમાણે ઉદયમાં આવે. ઈન્દ્રિયો રૂપ આત્મા પરિણમવાથી કર્મબંધ થાય છે.

જ્યારે શુભ કર્મનો ઉદય થાય છે ત્યારે મૂર્ખને પણ પ્રબળ બુદ્ધિ ઉપજે છે. કર્યા વિના સુખાકારી અનેક ઉપાય પોતાની મેળે પ્રગટ થાય છે, વૈરી મિત્ર થઈ જાય છે, વિષ પણ અમૃત રૂપે પરિણમે છે. આ ઉદય વખતે જીવ જો જાગૃતિ નથી રાખતો તો ઉદય વખતે જેવા ભાવ કરે છે તેવા નવા કર્મોનો બંધ કરે છે.

કર્મબંધ સમયે જ્ઞાનાદિ ગુણને આચ્છાદિત કરવાનો સ્વભાવ નિશ્ચિત થાય તે **"પ્રકૃતિ બંધ"** છે. કર્મબંધ સમયે જીવની સાથે કોઈ કર્મ અમુક સમય સુધી રહેશે તે સમયનું નિશ્ચિત થવું તે સ્થિતિબંધ. કર્મ પ્રકૃતિઓ પોતાની કાળ મર્યાદા સુધી પોતાના સ્વભાવ અનુસારે જે ફળ આપશે તેમાં તીવ્ર - તીવ્રતર - તીવ્રતમ અથવા મંદ-મંદતર-મંદતમ રસ (અનુભાગ)ની તરતમતા નક્કી થવી તે અનુભાગ (રસ) બંધ કહેવાય છે. બંધાયેલા કર્મો કેટલા પુદ્ગલ સ્કંધના બનેલા છે તેના પ્રમાણનું નક્કી થવું તે પ્રદેશબંધ.

પ્રકૃતિ અને પ્રદેશ બંધ - યોગોના ચલાયમાન પણાથી થાય છે. અનુભાગ અને સ્થિતિ બંધ કષાયથી થાય છે.

સંસારી જીવનની પ્રત્યેક ક્રિયા કર્મબંધ કરાવનારી છે. કર્મના બંધનથી બચવાનો ઉત્તમ માર્ગ સર્વ સંગ પરિત્યાગી બનવું. જો તેમ ન બની શકે તો યથાશક્તિ યમ નિયમ અંગીકાર કરી, પ્રભુની આજ્ઞા પ્રમાણે જીવન જીવવા પુરૂષાર્થ કરવો અને સતત પણે સંસાર ભાવોને મોળા પાડવા પુરૂષાર્થ કરવો જોઈએ.

## મોક્ષ તત્ત્વ

મોહ રાગ, દ્વેષ રૂપ હેતુનો અભાવ થવાથી જ્ઞાનીને નિયમથી આશ્રવનો નિરોધ થાય છે અને આશ્રવ ભાવના અભાવમાં કર્મનો નિરોધ થાય છે. વળી કર્મોનો અભાવ થવાથી તે જીવ સર્વજ્ઞ સર્વદર્શી થઈને ઈન્દ્રિય રહિત થઈને અવ્યાબાધ અનંત સુખને પામે છે.

દર્શન-જ્ઞાનથી ભરપુર, અન્ય દ્રવ્યના સંસર્ગથી રહિત એવું ધ્યાન નિર્જરા હેતુથી ધ્યાવે છે, તે મહાત્મા સ્વભાવ સહિત છે. જે સંવર યુક્ત સર્વ કર્મની નિર્જરા કરતો છતો વેદનીય અને આયુષ્ય કર્મથી રહિત થાય તે મહાત્મા તે જ ભવે મોક્ષ પામે. જીવનો સ્વભાવ અપ્રતિહત જ્ઞાન-દર્શન છે. તેનું અનન્યમય આચરણ - શુદ્ધ નિશ્ચયમય એવો સ્થિર સ્વભાવ તેને સર્વજ્ઞે નિર્મળ ચારિત્ર કહ્યું છે. જો કે નિશ્ચયથી, દ્રવ્યાર્થિક નયથી આત્માનો સ્વભાવ નિર્મળ જ છે. પણ ગુણ અને પર્યાય પરસમય પરિણામીપણે અનાદિથી પરિણમ્યા છે, તે દૃષ્ટિથી તે અનિર્મલ છે. જો તે આત્મા સ્વસમયને પ્રાપ્ત થાય તો કર્મબંધથી રહિત થાય એટલે કે મોક્ષ થાય.

જે સર્વસંગ માત્રથી મુક્ત થઈ, અનન્ય પણે આત્મ સ્વભાવમાં સ્થિત છે, નિર્મલ જ્ઞાતા દ્રષ્ટા છે તે સ્વચારિત્ર આચરે

છે. પર દ્રવ્ય પ્રત્યેના ભાવથી રહિત, નિર્વિકલ્પ, જ્ઞાન દર્શનમય પરિણામીપણું તે સ્વ ચારિત્રાચરણ છે.

છ દ્રવ્યની યથાર્થ પ્રતીતિ તે સમ્યક્ત્વ, બાર અંગ અને પૂર્વનું જાણપણું તે જ્ઞાન અને તપશ્ચર્યાદિમાં પ્રવૃત્તિ તે વ્યવહાર મોક્ષ માર્ગ છે, તે ત્રણ વડે સમાહિત આત્મા, આત્મ સ્વભાવ સિવાય જ્યાં અન્ય કિંચિત માત્ર કરતો નથી, માત્ર અનન્યમય આત્મામય છે, ત્યાં નિશ્ચય મોક્ષમાર્ગ સર્વજ્ઞ વીતરાગે કહ્યો છે. જે આત્મા, આત્મ સ્વભાવમય એવાં જ્ઞાન દર્શનને અનન્યમય આચરે છે તેને તે નિશ્ચય જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષ માર્ગ છે અથવા ત્રણેની એકતા થવી તે મોક્ષ માર્ગ છે. તેની સેવનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે અને અમુક હેતુથી બંધ થાય છે. એમ મુનિઓએ કહ્યું છે, અહીંયા પ્રશ્ન થાય છે કે આમ કેમ ? તેનું સમાધાન -

દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ જો તેઓ પર સમય પ્રવૃત્તિ યુક્ત હોય તો બંધના કારણ કહેવામાં આવે છે. જો કે તે શુભ ભાવો હોય તો પરંપરા મોક્ષના હેતુ બને છે. જ્ઞાનીને જ્યારે શુદ્ધાશુદ્ધ રૂપ મિશ્ર પર્યાય વર્તતો હોય ત્યારે તે મિશ્ર પર્યાય એકાંતે સંવર નિર્જરા મોક્ષના કારણભૂત હોતો નથી કે એકાંતે આશ્રવ-બંધના કારણભૂત હોતો નથી. પરંતુ તે મિશ્ર પર્યાયનો શુદ્ધ અંશ સંવર નિર્જરા મોક્ષના કારણભૂત હોય છે અને અશુદ્ધ અંશ આશ્રવ બંધના કારણભૂત હોય છે.

શુભ ભક્તિભાવથી દુઃખનો મોક્ષ થાય છે એમ માને તો તે પરસમય રત જીવ છે. તે કેવી રીતે ? તેનું સમાધાન.

કોઈ સાધક નિર્વિકાર શુદ્ધ આત્મભાવના સ્વરૂપ પરમોપેક્ષા સંયમમાં સ્થિત રહેવા ઈચ્છે છે. પરંતુ તેમાં સ્થિત રહેવાને અશક્ત

વર્તતો થકો કામ, ક્રોધાદિ અશુભ પરિણામના વચનાર્થે અથવા સંસાર સ્થિતિના છેદનાર્થે જ્યારે પંચ પરમેષ્ટી પ્રત્યે ગુણ સ્તવનાદિ ભક્તિ કરે છે, ત્યારે તે સૂક્ષ્મ પરસમયરૂપે પરિણત વર્તતો થકો સરાગ સમ્યગ્ દૃષ્ટિ છે અને જો તે પુરૂષ શુદ્ધાત્મ ભાવનામાં સમર્થ હોવા છતાં પણ શુદ્ધાત્મ ભાવનાને છોડીને શુભોપયોગથી જ મોક્ષ થાય છે, એમ એકાંતે માને તો તે સ્થૂલ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ થાય છે. (શ્રી જયસેનાચાર્ય)

અર્હંત, સિદ્ધ, ચૈત્ય, પ્રવચન, મુનિગણ ભક્તિ સંપન્ન ઘણું પુણ્ય ઉત્પન્ન કરે છે, પણ તે સર્વ કર્મને ક્ષય કરતો નથી. જેના હૃદયને વિષે અણુમાત્ર પરદ્રવ્ય પ્રત્યે રાગ વર્તે છે, તે સર્વ આગમનો જાણનાર હોય તો પણ સ્વસમય નથી જાણતો એમ ગણવું જોઈએ. જે પોતાના ચિત્તને સ્થિર રાખી શકતો નથી તેને શુભાશુભ કર્મનો નિરોધ નથી. તે માટે સર્વ ઈચ્છાથી નિવર્તી નિઃસંગ અને નિર્મમત્વ થઈને જે સિદ્ધ સ્વરૂપની ભક્તિ કરે તે નિર્વાણને પ્રાપ્ત થાય. પરમેષ્ઠી પદને વિષે જેને તત્વાર્થ પ્રતીતિ પૂર્વક ભક્તિ છે અને નિર્ગ્રંથ પ્રવચનમાં રુચિપણે જેની બુદ્ધિ પરિણમી છે; તેમજ તે સંયમ તપ સહિત વર્તે છે તો તેને મોક્ષ કંઈ દૂર નથી.

અર્હંતની, સિદ્ધની, ચૈત્યની, પ્રવચનની ભક્તિ સહિત, જો તપશ્ચર્યા કરે છે તો તે નિયમથી દેવલોકને અંગીકાર કરે છે. તેથી ઈચ્છા માત્રની નિવૃત્તિ કરો, સર્વત્ર કિંચિત માત્ર પણ રાગ કરો મા, કેમકે વીતરાગ ભવ સાગરને તરે છે.

સંપૂર્ણ નિર્જરા તે મોક્ષ. રાગ હોય ત્યાં સુધી મોક્ષ નથી. મનુષ્ય રૂપે દેહ ધારી આત્માઓ મોક્ષ રૂપી પુરૂષાર્થ કરી શકવાને વિશેષ યોગ્ય છે. સર્વ કર્મનો ક્ષય થવા રૂપ આત્મ સ્વભાવ તે ભાવ

મોક્ષ. કર્મ વર્ગણાથી આત્મદ્રવ્યનું જુદુ થઈ જવું તે દ્રવ્ય મોક્ષ. જ્ઞાનીના હાથે ચારિત્ર આવે તો અવશ્ય મોક્ષ થાય, કારણકે જ્ઞાની જે જે વ્રત આપે તેને ઠેઠ લઈ જઈ પાર ઉતારનારા છે. જ્યારે આત્મા એકત્વ બુદ્ધિ પામી મહાત્માના સંગને આરાધશે વા પોતે કોઈ પૂર્વના સ્મરણને પામશે તો ઈચ્છિત (મોક્ષ) સિદ્ધિને પામશે.

જેં ક્રોધાદિ અજ્ઞાન ભાવમાં, દેહાદિમાં પ્રતિબંધ છે તેનાથી સર્વથા નિવૃત્તિ થવી, મુક્તિ થવી તે મોક્ષપદ છે, એમ જ્ઞાનીઓએ કહ્યું છે. ભક્તિ જ્ઞાનનો હેતુ છે, જ્ઞાન એ મોક્ષનો હેતુ છે. એટલે અભણનો પણ મોક્ષ થાય. કારણ જીવ માત્ર જ્ઞાન સ્વભાવી છે. આત્મજ્ઞાનથી નિજ સ્વભાવ સ્વરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે, જ્ઞાની પુરૂષના દૃઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે. સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ મોક્ષ કહે છે. અસંગતા સિદ્ધ થવી, પરિણત થવી તે મોક્ષ છે.

**રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;**
**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. - ૧૫**

જીવ અનાદિ કાળથી પોતાના ડહાપણે અને પોતાની ઈચ્છાએ ચાલ્યો છે. એનું નામ સ્વચ્છંદ છે. જો તે સ્વચ્છંદને રોકે તો જરૂર મોક્ષને પામે. આ રીતે ભૂતકાળે અનંતા જીવ મોક્ષને પામ્યા છે એમ અઢાર દોષ રહિત એવા જિનેશ્વર ભગવંતે કહ્યું છે :

જેમ શુભાશુભ કર્મ પદ, જાણ્યા સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. - ૮૯
વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ. - ૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખ ભોગ. - ૯૧
પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષ ઉપાયની, સહજ પ્રતીત એ રીત. - ૯૭
કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ. - ૯૮
જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષ પંથ ભવ અંત. - ૯૯
રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. - ૧૦૦
આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિએ, મોક્ષ પંથ તે રીત. - ૧૦૧
કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. -૧૦૨
કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. - ૧૦૩
ષટપદના ષટ પ્રશ્નને, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષ માર્ગ નિર્ધાર. - ૧૦૬
છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. - ૧૧૫
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. - ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ. - ૧૧૭

- - - - - - - - - - - - - - - - - - - - -

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ. - ૧૨૩
સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. - ૧૪૧

દર્શન મોહ ઉપશાંત અથવા ક્ષીણ થયો છે જેનો એવો ધીર પુરૂષ વીતરાગોએ દર્શાવેલા માર્ગને અંગીકાર કરીને શુદ્ધ ચૈતન્ય સ્વભાવ પરિણામી થઈ મોક્ષપુર પ્રત્યે જાય છે. જ્ઞાન દર્શન ચારિત્ર અને તપ એ ચાર કારણ મોક્ષનાં કહ્યાં છે, તે એકબીજા અવિરોધપણે પ્રાપ્ત થયે મોક્ષ થાય. શૂરવીર પણું ગ્રહીને જ્ઞાનીના માર્ગે ચાલતાં મોક્ષ પાટણ તો સુલભ જ છે.

વીતરાગની - જ્ઞાનીની આજ્ઞાથી પોરસીનું ધ્યાન તથારૂપ કરે તો યાવત્ મોક્ષ થાય. વીતરાગની જ્ઞાનીની આજ્ઞાથી પોરસીનો સ્વાધ્યાય તથારૂપ કરે તો યાવત્ મોક્ષ થાય. આત્માને જે મોક્ષનાં હેતુ છે તે સુપચ્ચખાણ. જે આત્માને સંસારના હેતુ થાય તે દુ:પચ્ચખાણ છે.

ભાવ અધ્યાત્મ વિના માત્ર શબ્દ અધ્યાત્મીનો મોક્ષ નથી થતો. સર્વથા સ્વભાવ પરિણામ તે મોક્ષ. જગતની વાત જાણવી તેને શાસ્ત્રમાં મુક્તિ કહી નથી. પણ નિરાવરણ થાય ત્યારે મોક્ષ થાય. આત્માની પરમ શાંત દશા તે મોક્ષ. મોક્ષમાં આત્માના અનુભવનો નાશ થતો નથી.

મોક્ષ એટલે શું ? આત્માનું અત્યંત શુદ્ધપણું તે, અજ્ઞાનથી છુટી જવું તે, સર્વ કર્મથી મુક્ત થવું તે મોક્ષ. યથાતથ્ય જ્ઞાન

પ્રગટ્યે મોક્ષ. જ્ઞાન અને અનુભવ હોય તો મોક્ષ થાય. કેવળ સમવસ્થિત શુદ્ધ ચેતન તે મોક્ષ, તે સ્વભાવનું અનુસંધાન તે મોક્ષમાર્ગ.

સુવિચાર વિના જ્ઞાન નહીં, જ્ઞાન વિના સુપ્રતીતિ એટલે સમ્યક્ત્વ નહીં, સમ્યક્ત્વ વિના ચારિત્ર ન આવે અને ચારિત્ર ન આવે ત્યાં સુધી કેવળજ્ઞાન ન પામે અને જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી મોક્ષ નથી.

આત્મા વિનયી થઈ સરળ અને લઘુત્વભાવ પામી સદૈવ સત્પુરૂષના ચરણ કમળ પ્રતિ રહ્યો, તો જે મહાત્માઓને નમસ્કાર કર્યા છે તે મહાત્માઓની જે જાતિની રિદ્ધિ છે તે તે સંપ્રાપ્ય કરી શકાય. અનંત કાળમાં કાં તો સત્ પાત્રતા થઈ નથી અને કાં તો સત્પુરૂષ મળ્યાં નથી. નહીં તો નિશ્ચય છે કે મોક્ષ હથેળીમાં છે. ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરૂષો માર્ગ પામીને મોક્ષ પ્રાપ્ત થયા એમ ભગવાન મહાવીરે કહ્યું છે. મતભેદ રાખી મોક્ષ મેળવી શકાતો નથી.

મોક્ષ દુર્લભ નથી, મોક્ષ માર્ગના દાતા મળવા દુર્લભ છે. ભક્તિ એ સર્વોપરી માર્ગ છે અને સત્પુરૂષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે. કર્મથી, ભ્રાંતિથી અથવા માયાથી છૂટવું તે મોક્ષની શબ્દ વ્યાખ્યા છે.

જીવને માટે સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે. પરમાર્થ પરમાર્થ સ્વરૂપ જ્ઞાનીનો આશ્રય એ નિકટ મોક્ષનો ઉપાય છે. પરમાર્થ વ્યવહાર સ્વરૂપ જ્ઞાનીનો આશ્રય એ અનંતર પરંપર સંબંધે મોક્ષનો ઉપાય છે. વ્યવહાર પરમાર્થ સ્વરૂપ જ્ઞાનીનો આશ્રય તે ઘણા કાળે કોઈ પ્રકારે પણ મોક્ષના કારણભૂત થવાનો ઉપાય છે. વ્યવહાર વ્યવહાર સ્વરૂપ પુરૂષનો આશ્રય આત્મ પ્રત્યયી થતો

નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થમાં પ્રથમ ત્રણથી ચઢિયાતો મોક્ષનો પુરૂષાર્થ છે. મોક્ષ અર્થે બાકીના ત્રણે છે.

મોક્ષ માર્ગનો ઉપદેશ સાકાર ઉપદેષ્ટા એટલે દેહ સ્થિતિએ જેણે મોક્ષ અનુભવ્યો છે તેવા કરી શકે. નિરાકાર ન કરી શકે. "છ પદ"માં પણ મોક્ષ પદનો ઉલ્લેખ છે. તેની આશંકા કરવી નહીં. વીર સ્વામીનું બોધેલું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી સર્વ સ્વરૂપ યથાતથ્ય છે, એ ભૂલવું નહીં. મન, વચન, કાયાથી અને આત્મભાવે સત્ પુરૂષના ચરણમાં અર્પણતા કરવી એ જ મોક્ષમાર્ગ છે, કારણ મોક્ષમાર્ગનો મર્મ સત્પુરૂષના અંતર આત્મામાં રહેલો છે.

મોક્ષના માર્ગ બે નથી. જે જે પુરૂષો મોક્ષ રૂપ પરમ શાંતિને ભૂતકાળે પામ્યા તે સઘળા એક જ માર્ગથી પામ્યા છે. વર્તમાનકાળે પણ તેથી જ પામે છે, ભવિષ્યકાળે પણ તેથી જ પામશે. તે માર્ગમાં મતભેદ નથી, અસરળતા નથી, ઉન્મત્તતા નથી, ભેદાભેદ નથી, માન્યામાન્ય નથી. તે સરળ માર્ગ છે, તે સમાધિ માર્ગ છે તથા તે સ્થિર માર્ગ છે અને સ્વાભાવિક શાંતિ સ્વરૂપ છે. સર્વકાળે તે માર્ગનું હોવાપણું છે. જે માર્ગના મર્મને પામ્યા વિના કોઈ ભૂતકાળે મોક્ષ પામ્યા નથી, વર્તમાન કાળે પામતા નથી અને ભવિષ્ય કાળે પામશે નહીં. મોક્ષ માર્ગની અનુકૂળતા ધોરી માર્ગે પ્રથમ ધર્મ ધ્યાનથી છે. મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગને પમાડશે.

જેને લાગી છે તેને જ લાગી છે અને તેણે જ જાણી છે; તે જ 'પિયુ પિયુ' પોકારે છે... લાગી છે તેને જ લાગી છે, તેના જ ચરણસંગથી લાગે છે અને લાગે છે ત્યારે જ છુટકો હોય છે. એ વિના બીજો સુગમ મોક્ષમાર્ગ છે જ નહીં, તથાપિ કોઈ પ્રયત્ન કરતું નથી ! મોહ બળવાન છે.

મોક્ષ માર્ગ અગમ્ય છે તેમજ સરળ પણ છે. આત્મ અનુભવ ગમ્ય અથવા આત્મજનિત સુખ અને મોક્ષ સુખ તે એક જ છે. માત્ર શબ્દ જુદા છે. મોક્ષ માર્ગમાં પ્રવૃત્તિ બેની ઘટે છે. એક આત્મ જ્ઞાનીની અને એક આત્મ જ્ઞાનીના આશ્રયવાનની. એમ શ્રી જિને કહ્યું છે. મોક્ષ માર્ગ કરવાળની ધાર જેવો છે. એટલે કે એક ધારો છે, એક પ્રવાહ રૂપે છે. ત્રણે કાળમાં એક ધારાએ એક સરખો પ્રવર્ત્તે તે જ મોક્ષ માર્ગ. વહેવામાં ખંડિત નહીં તે જ મોક્ષ માર્ગ.

શુભાશુભ અને શુદ્ધાશુદ્ધ ઉપર બધો આધાર છે. અલ્પ અલ્પ બાબતમાં પણ દોષ માનવામાં આવે તો ત્યાં મોક્ષ થતો નથી. લોક રૂઢિમાં અથવા લોક વ્યવહારમાં પડેલો જીવ મોક્ષ તત્ત્વનું રહસ્ય જાણી શકતો નથી.

જ્ઞાન - દર્શન - ચારિત્ર તપ એમ મોક્ષ માર્ગ ચાર પ્રકારે કહ્યો છે, તેમાંથી એકને પણ છોડીને મોક્ષ માર્ગમાં આગળ વધી શકાતું નથી. હાલમાં બાહ્યમાં દૃષ્ટિ દઈએ તો પ્રથમના બેને તજી દીધા હોય તેમ લાગે છે.

મોક્ષ માર્ગ માટે સાધના કરવા માટે આ મનુષ્ય ભવ જ ઉપયોગી છે. બીજી ગતિમાં મોક્ષ માર્ગની સાધના થઈ શકતી નથી.

**પુણ્ય, સંવર અને નિર્જરા તત્ત્વ મોક્ષ માર્ગના સાધક છે,**

**પાપ, આશ્રવ, બંધ, તત્ત્વ મોક્ષ માર્ગના બાધક છે.**

આ જીવાદિ નવ તત્ત્વોને જે જાણે તેને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થાય છે. શ્રી જિનેશ્વર ભગવંત કથિત સર્વ વચનો સત્ય જ હોય છે. કદી પણ અસત્ય હોઈ શકે જ નહીં, કારણકે તેમનામાં અસત્યના કારણભૂત એવા કષાયો તથા નૌ કષાયાદિનો સર્વથા

નાશ થઈ ગયો છે.

આવા તત્વ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વનો અંતર્મુહૂર્ત માત્ર પણ જે આત્મામાં સ્પર્શ થઈ જાય તેનો સંસાર અર્ધ પુદ્ગલ પરાવર્તનથી અધિક ન હોઈ શકે અને આ સમ્યક્ત્વ આત્મામાં સ્થિર રહી જાય તો જઘન્યથી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવી શકે છે. કદાચ વધારે ભવ થાય તો વધારેમાં વધારે પંદર ભવમાં નિવેડો આવી જ જાય. શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા એ સમ્યક્ત્વના લક્ષણો છે.

✧ ✧ ✧

## ૪. મોક્ષ માર્ગના સાધક-બાધક કારણો

આ કાળને વિષે પૂર્વ કદી નહિ જાણેલો, નહિ પ્રતીત કરેલો અને નહીં આરાધેલો એવો સન્માર્ગ જીવને પ્રાપ્ત થવો દુષ્કર છે, તેમ છતાં પણ જો કોઈ મુમુક્ષુ જીવને માર્ગ પ્રાપ્તિનો એક માત્ર લક્ષ હોય તો માર્ગ પ્રાપ્તિ અવશ્ય થવી સંભવે છે. માર્ગ પ્રાપ્તિના પ્રબળ નિમિત્તો (૧) પ્રત્યક્ષ સત્પુરૂષનો યોગ અને (૨) સત્ શ્રુતનો સ્વાધ્યાય. આ બે છે. જો આ બન્ને નિમિત્તોની પ્રાપ્તિ હોય તો તે મહત્ પુણ્યનો યોગ છે. પ્રથમ નિમિત્ત સબળ કારણ છે.

અનંત કાળે જ્ઞાની પુરૂષનો - સત્ પુરૂષનો સમાગમ મહત્ પુણ્યના યોગે થાય છે. તે કાળે જો મુમુક્ષુ જીવની યોગ્યતા તે સત્પુરૂષને ઓળખી લે તો તની આત્મ કલ્યાણની અભિલાષા સફળ થવી સંભવે છે.

જન્મ મરણથી મુક્ત થવાના ઉપાય સંબંધિત જિજ્ઞાસા જ્યારે જીવમાં જોર કરે છે, ત્યારે જ જીવમાં સત્યને સમજવાનો યોગ્ય અવકાશ થાય છે. આ ભૂમિકામાં ભાવનાનું તત્ત્વ મુખ્યપણે કાર્ય કરે છે. સ્વરૂપ પ્રાપ્તિની તીવ્ર ભાવના મુમુક્ષુ જીવને આગળ વધારવાનું કાર્ય કરે છે. તેવા જીવને સ્વાનુભૂતિ થયાં પહેલાં ગમે તેવા ઉચ્ચ શુભ પરિણામ થવા છતાં, અંદરમાંથી તેના પ્રત્યે વૃત્તિ હોતી નથી. તેને તો ફક્ત સ્વ અનુભૂતિ કરવા તરફ જ લક્ષ હોય છે. તેથી શુભ ભાવો તેના માટે અટકવાનું કારણ બનતા નથી. આ ભૂમિકા જ્ઞાનની નિર્મળતાનું કારણ થાય છે. સમ્યક્ દર્શન થયા પહેલાંની ભૂમિકાનું જ્ઞાન યથાર્થ પ્રકારે નિર્મળ થતાં સમજણમાં વિપર્યાસ થવાનો પ્રસંગ રહેતો નથી. એટલે કે સત્ પુરૂષ અને સત્ શાસ્ત્રોના વચનો યથાર્થ સમજણમાં આવે છે. જો મુમુક્ષુ જીવની સમજણમાં યથાર્થતા ન આવે તો તે શુષ્કજ્ઞાની થઈ જાય છે.

યથાર્થ ભાવના રાગ દ્વેષમાંથી ઉગેલી હોતી નથી તેથી આવી ભાવનાવાળો જીવ રાગની પ્રધાનતામાં પ્રવર્તતો નથી, પણ ચૈતન્યની પ્રધાનતામાં પ્રવર્તવાનું કરે છે. તેથી તેની ભાવના સફળ થાય છે તે નિઃશંક છે.

આત્માર્થને પોષણ થાય તે કાર્ય કરવું અર્થાત્ સર્વ કાર્યમાં આત્માર્થનો લક્ષ રાખવો અને આત્માર્થથી પ્રતિકૂળ જવાતું હોય તે કાર્ય કરવું નહિ. જે મુમુક્ષુ જીવને સંસારના ઉદય પ્રસંગો પ્રત્યે કંટાળો આવે, સંસારના કાર્યો કરવા તે ઉપાધિમય લાગે અને તેથી તેમાં પ્રવર્તવું પડે ત્યારે તેમાં રસ ન આવે તેમજ જીવનું સંસાર બળ ઘટ્યા કરે, સંસાર પ્રત્યેની જે ભાવના તે મોળી પડી જાય તો માર્ગ જરૂર મળે. મુમુક્ષુ જીવને સર્વ વિભાવમાં નિરસપણું થઈ જાય છે, તેથી વિભાવના વેગમાં તે તણાતો નથી, પરંતુ ગુણગ્રાહી બને છે. આવી સ્થિતિમાં જો પ્રત્યક્ષ જ્ઞાની પુરૂષની વાણી શ્રુત રૂપે તેને મળે તો તેના અંતઃકરણમાં સચોટ અસર પેદા થાય છે અને પછી તેનું ચિત્ત બીજે ક્યાંય ચોટતું નથી. મારે કાંઈ જોઈતું નથી, કોઈ પર પદાર્થની લાલસા નથી, ફક્ત આત્મા જ જોઈએ છે એવી જેને તીવ્ર તમન્ના છે તેને માર્ગ મળ્યે જ છુટકો છે.

આત્મજ્ઞાન મેળવવા માટે દૃઢપણે કટિબદ્ધ - આત્મામય જેનું જીવન થયું છે તે મુમુક્ષુ (વર્તમાન) પાત્રતા વાળો જીવ પોતાની યથાર્થ સમજણને તુરત જ પ્રયોગમાં મૂકવાનો પ્રયત્ન કરે છે. તે નિઃસ્પૃહ થઈ જાય છે અને ફક્ત પોતાના અસ્તિત્વને જ મેળવવા ઈચ્છે છે, એવા પાત્ર જીવને આત્મા અવશ્ય પ્રગટ થાય છે. મુમુક્ષુ જીવ સ્વ કાર્યમાં પુરૂષાર્થી થયો હોવાથી સમયને વ્યર્થ ગુમાવતો નથી. ગમે તેવી કટોકટીમાં - મુશ્કેલીમાં પણ અંતર - વિચારણા અને સ્વાધ્યાય આદિનો સમય મેળવી લ્યે છે. ખોતરી ખોતરીને

સમય મેળવી લે છે. પૂર્ણતા મેળવવાના લક્ષે સાધના શરૂ કરનાર કોઈપણ સાધક સાધક અવસ્થામાં રોકાઈ રહેતો નથી, આગળ વધવા સતત પુરૂષાર્થ કર્યા કરે છે.

જે કોઈ જીવ મુમુક્ષુતાની ભૂમિકામાં ઉત્પન્ન થતાં કોઈપણ પ્રકારના શુભ ભાવમાં સંતુષ્ટ થાય છે, તેનો વિકાસ થઈ શકતો નથી. સમ્યગ્દૃષ્ટિ સાધકને પર્યાય દૃષ્ટિનો અભાવ હોવાથી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, સંતોષ થતો જ નથી. યથાર્થ પાત્રતાવાળો મુમુક્ષુ ક્યાંય પણ સંતોષાઈ જતો નથી અને સત્‌ની ઊંડી જિજ્ઞાસા હોવાથી તેનો પ્રયત્ન યથાર્થ પ્રકારે ચાલે છે. તીવ્ર જિજ્ઞાસાના સમયમાં સત્‌નું શ્રવણ ઊંડા સંસ્કાર પડવાનું કારણ બને છે. તેથી છેવટે તે સત્ પ્રગટવાનું કારણ બને છે.

સત્ પુરૂષના વચનો અને શાસ્ત્રો માર્ગ ચીંધવાનું કાર્ય કરે છે પણ કાર્યની સફળતા તો મુમુક્ષુ જીવ તે પ્રમાણે આરાધના કરે તો જ મળે છે. જેને સંસાર રૂપી કારાગૃહમાંથી છુટવું હોય તેણે મોહ, રાગદ્વેષરૂપ ભાવોને તિલાંજલિ આપવા માટે જ્ઞાતા-દૃષ્ટા ભાવનો અભ્યાસ કરવા રૂપ ચાવીનો ઉપયોગ કરવો જરૂરી છે.

અંતર્મુખી ચિત્તની વિચાર ધારામાં જ્ઞાન સ્વભાવી-જ્ઞાતા દૃષ્ટા આત્માના અવભાસન પૂર્વક સહજ પુરૂષાર્થ ઉત્પન્ન થાય, તો આત્મદર્શન થાય. આવો સહજ પુરૂષાર્થ જેટલો તીવ્ર તેટલી નિર્વિકલ્પ દશા શીઘ્ર પ્રાપ્ત થાય, મંદ હોય તો મોડું થાય - સ્વઅનુભૂતિ કરવાની આજ રીત છે.

મોક્ષ માર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે. સમજણની ભૂમિકામાં પણ સામાન્ય પ્રકારથી ચાલતી તત્ત્વ વિચારણા કાર્યકારી થતી નથી, પરંતુ આત્મ રુચિને પોષણ મળે તેવા પ્રકારે ઊંડુ મંથન કરીને મૂળ વસ્તુ સ્વરૂપ સમજાય તેવા રહસ્યથી ભરપુર અને સત્

પુરૂષોના ગંભીર વચનોનું ચિંતન કરી મૂળ માર્ગને પામી જાય તે ખરો મુમુક્ષુ કહેવાય છે.

જ્યાં સુધી મંદ કષાય રૂપ વિકલ્પમાં શાંતિ (સુખ અથવા શાતા) લાગે અને તીવ્ર કષાયવાળા વિકલ્પમાં દુઃખ લાગે ત્યાં સુધી માર્ગમાં આગળ વધી શકાતું નથી. યથાર્થ પણે તો કોઈપણ જાતના વિકલ્પ ભાવમાં તે દુઃખરૂપ છે તેમ લાગે તો અંતરમાં માર્ગ ખૂલ્યા વગર રહે નહીં. જે મુમુક્ષુ જીવ વિકલ્પ માત્રથી ખસવાની તૈયારીવાળો હોય તે અવશ્ય નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરે છે. ઊંડે ઊંડે પણ રાગના એક કણને પણ લાભરૂપ માને છે, તેને આત્માનાં દર્શન થતાં નથી. મુમુક્ષુ જીવને શુદ્ધતા પ્રગટ થાય તેટલો પુરૂષાર્થ નહિ પ્રગટવાને લીધે શુભ પરિણામ થયા કરે ત્યારે તેને શુભ ભાવ પણ મને અટકાવવાનું કામ કરશે તેવી લાગણી રહે છે. આ ભાવ મુમુક્ષુને પોતાના નિશ્ચિત ધ્યેયે પહોંચાડે છે.

ખરો મુમુક્ષુ જ્ઞાનીની આજ્ઞાનું આરાધન એક નિષ્ઠાથી કરવા તત્પર વૃત્તિવાળો હોય છે, તેથી વિદ્યમાન જ્ઞાનીના સમાગમમાં તેમના પ્રત્યે સર્વાર્પણ બુદ્ધિએ વર્તે છે અને કારણમાં કાર્યનું આરોપણ કરતાં આ મોક્ષનું બીજ છે. પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૦૫માં કહે છે કે "મહાવીરના બોધને પાત્ર કોણ ?"

(૧) સત્ પુરૂષના ચરણનો ઈચ્છક

(૨) સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી

(૩) ગુણ ઉપર પ્રશસ્ત ભાવ રાખનાર

(૪) બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન

(૫) જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર

(૬) ઉપયોગથી એક પળ પણ ભરનાર
(૭) એકાંત વાતને વખાણનાર
(૮) તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી
(૯) આહાર-વિહાર-નિહારનો નિયમી
(૧૦) પોતાની ગુરૂતા દબાવનાર

એવો કોઈ પણ પુરૂષ તે મહાવીરના બોધને પાત્ર છે, સમ્યક્ દશાને પાત્ર છે. પહેલાં જેવું એક્કે નથી.

આ દશ વચનોમાં પ્રથમ ઉપર વધારે ભાર આપી તેનું મહત્વ સમજાવ્યું છે તે આ ઊંડા તત્વદર્શી વિષયના ઊંડા રહસ્યનું સૂચક છે અને મુમુક્ષુતાના અન્ય સર્વ ગુણ ઉત્પન્ન થવાનું કારણ પણ એજ છે.

નિર્દોષ દશાનું ધ્યેય નક્કી કરનાર મુમુક્ષુ જીવની પોતાના હિતના પ્રયોજનની સૂક્ષ્મ દૃષ્ટિ થઈ જવાથી, જ્યારે તે સ્વદોષને અપક્ષપાતપણે દેખે છે, ત્યારે તેને છોડવાની સાવધાનીમાં તેના પરિણામ વર્તવા લાગે છે. આવી સ્થિતિવાળા જીવને સ્વચ્છંદ થવાનો અવકાશ રહેતો નથી.

આવો સાધક-મુમુક્ષુ જીવ પડવાનાં અનેક સ્થાનો હોવા છતાં તે બધાથી બચી જાય છે અને પોતાના હિતને સાધી શકે છે. મુમુક્ષુ જીવ અનેકનાં પરિચયને વ્યર્થ સમય ગુમાવવાનું નિમિત્ત સમજે છે, તેથી પરિચય વધવાના પ્રસંગોથી તે દૂર રહેવા ચાહે છે. અર્થાત્ એકાંત તેને પ્રિય લાગે છે, જેથી પોતાની સાધનામાં આગળ વધવા માટેનો પુરૂષાર્થ કરી શકે.

તીર્થસ્થાન એ મહાપુરૂષોના આચરણ અને અંતરંગ ઉજ્જવળ પરિણામોની સ્મૃતિનું નિમિત્ત છે. તેથી તેવા સ્થાનોમાં જવાની

ઈચ્છા મુમુક્ષુ જીવોને રહે છે.

સામાન્ય પણે આહાર, વિહાર અને નિહારની અનિયમિતતા સાધનાને જરા પણ અનુકૂળ નથી અને વૃત્તિમાં સ્વચ્છંદ ઉત્પન્ન કરનારી છે અર્થાત્ સાધનામાં બાધક થાય છે. માટે આહાર, વિહાર અને નિહારની નિયમિતતા એ જરૂરી બાબત છે.

મુમુક્ષુતાનું ઊંચામાં ઊંચુ લક્ષણ પોતાની ગુરૂતાને દબાવવી તે છે. પોતાના કાર્યમાં જે વિચક્ષણ છે અને માન જેવા મોટા શત્રુને જે મારવા માગે છે, તે પોતાનામાં મુમુક્ષુને યોગ્ય એવા અનેક ગુણો વડે પોતાની ગુરૂતાને દબાવી રાખે છે, તેમજ પોતાની આ બાબતમાં પ્રસિદ્ધિ ન થાય તે માટે પ્રસિદ્ધિ થવાનાં પ્રસંગોથી દૂર રહેવા પ્રયત્ન કરે છે, છતાં કદાચ એવો પ્રસંગ આવી જાય તો અંતરંગમાં જાગૃતિ સાથે વેદી લ્યે છે, લૌકિક જનોની જેમ પોતાની મોટાઈ-ગુરુતા દેખાડવાના પ્રકારે વર્તતા નથી. આવી ભાવનાવાળો જીવ પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટેનો અધિકારી છે.

ભવ ભ્રમણનું અને સર્વ દુઃખનું મૂળ કારણ અજ્ઞાન અને મિથ્યાત્વ છે. તેથી તેને ટાળવાનો પૂરો પુરૂષાર્થ કરવો ઘટે છે. અજ્ઞાન અને મિથ્યાત્વનો અભાવ કરવાની જેને તીવ્ર લગની લાગી છે, તે પોતાની જરૂરીયાત પ્રમાણેનો પ્રયત્ન કર્યા વિના રહી શકે નહીં, કારણકે જરૂરીયાત જ પ્રયત્ન કરાવે છે.

કોઈ એમ પ્રશ્ન કરે છે કે શું કરીએ, બધું સમજાય તો છે, પરંતુ હજી અમારો પુરૂષાર્થ ઉપડતો નથી ? તેને "બધું સમજાય છે" તેવો ભ્રમ થયો છે. ખરેખર તો તેને સમ્યગ્ દર્શનની વાસ્તવિક જરૂરિયાત પણ સમજાણી નથી. તેથી સમજવાના ભ્રમમાંને ભ્રમમાં તે બાહ્ય ક્રિયામાં પ્રવર્તે છે, તેમાં આગળ વધે છે અને સાચી વાતથી દૂર જાય છે. સાચો મુમુક્ષુ આમ વિચારતો જ નથી. તે તો

ઉદયની સર્વ પ્રવૃત્તિમાં 'આત્મલક્ષ' રાખીને પરિણમનમાં જે કાંઈ ઈષ્ટ-અનિષ્ટપણા રૂપ પરિણામ વર્તે છે, તેમાં જેટલો પોતાનો રસ છે, તેનું જાગૃતિ પૂર્વક સૂક્ષ્મ અવલોકન રહ્યા કરે છે અને તેથી વિભાવ રસ મોળો પડતો જાય છે. પર વસ્તુના ઈષ્ટ-અનિષ્ટ પણાના અભિપ્રાયને તોડવાનો આ પ્રયત્ન છે, સાથે સાથે પોતાના વિભાવ રસને પણ મોળો પાડવાનો આ જ પ્રયત્ન છે.

આત્મલક્ષે પર પ્રત્યેનો રસ મંદ પડતાં, પર રસમાં રંગાયેલું જ્ઞાન, તે સ્થિતિમાંથી હળવું થઈને તે ભૂમિકાની નિર્મળતા અને ગંભીરતા ધારણ કરે છે. તે જ્ઞાન ધીર અને ગંભીર થઈ ચૈતન્ય તત્વના સ્વરૂપને ગ્રહણ કરવાની ક્ષમતાને પ્રાપ્ત કરે છે. આ પ્રકારે આત્મ જાગૃતિ એ મુમુક્ષુતાનું ખાસ લક્ષણ છે. કોઈપણ અપેક્ષાએ મિથ્યાત્વ અને રાગનો અભાવ કેમ થાય ? તે દષ્ટિકોણ મુખ્ય રાખીને જ્ઞાનમાં પ્રવૃત્તિ થાય તો સમજણમાં વિપર્યાસ થવાનો પ્રસંગ નહીં બને અને પોતાનું અંતર શોધન જાગૃતિને કારણે ચાલુને ચાલુ રહે છે. "હું જ્ઞાન માત્ર છું" તેવી અંતરમાં સાવધાની તે જાગૃતિ છે. જાગૃતિ થતાં ઉદયમાન સંયોગ અને રાગ પ્રત્યેનો રાગ તૂટે છે અને સ્વલક્ષે યથાર્થપણે સ્વભાવનું ચિંતન-મનન નિદિધ્યાસન સતત ચાલે એવી સ્થિતિ ઉત્પન્ન થાય છે. જેને કારણે જીવ-અનુભવની નજીક પહોંચે છે.

આત્માને સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે, તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહિ અને તે આત્મ સ્વરૂપને પામે છે, મેળવે છે.

પૂ. ગુરૂદેવ ઘણીવાર કહે છે કે, છ માસ સુધી જો આત્માના લક્ષે ધૂન લાગે, તેવો સતત પુરૂષાર્થ ઉપડે તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહિ. જો ખરેખર જીવને આત્માની રુચિ થતી

હોય તો તેને સતત્ પણે નિરંતર આત્મલક્ષે ચિંતન તથા મનન રહ્યા કરે. આવી અનન્ય રુચિ વાળો જીવ આગળ વધીને પોતાનું કામ કરી લ્યે છે. આવો જીવ સત્ સમાગમે પોતાનું પરમાત્મ સ્વરૂપ સાંભળતો ઉલ્લાસિત થયા કરે છે. કારણકે તેને અતિન્દ્રિય આનંદની તાલાવેલી જાગી છે. તેથી આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ, બીજે ક્યાંય રસ પડે નહિ જગતના પદાર્થોનો રસ ફીક્કો થઈ જાય છે.

પરથી વિરક્તતા અને વિભાવ પ્રત્યે તુચ્છતા આવ્યા વિના પરિણામ અંદરમાં આવી શકે નહિ, આ સહજ સ્થિતિ મેળવવાનો નિયમ છે. મુમુક્ષુ જીવની યથાર્થ યોગ્યતા હોય તો તે યોગ્યતા જ જ્ઞાન પ્રાપ્તિનું પ્રબળ કારણ છે. આવી યોગ્યતાના અભાવમાં, સ્વરૂપમાં પ્રાપ્તિમાં બાધક કારણો પણ પ્રયોજનના લક્ષે વિચારણીય છે.

(૧) મુમુક્ષુતામાં પણ જો કોઈ પદાર્થમાં ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય તો પોતે અનંત પરમાનંદમય છે તેવું ભાસતું નથી. કષાયની મંદતાના કાળે અથવા કોઈ પણ અનુકૂળતાના પ્રસંગમાં શાતાના વેદનવાળા પરિણામમાં અથવા શુભ પરિણામમાં આશ્રય બુદ્ધિ રહી જાય છે. તો તે સાધનામાં અટકવાનું બાધક કારણ છે. બાહ્ય સંયોગોની અનુકૂળતાની દૃષ્ટિના કારણે જડ વિષયોમાં સુખની અથવા અનુકૂળતાની કલ્પના રહ્યા કરે છે. તેથી તે તે ઈન્દ્રિય વિષયોની ઉપેક્ષા થઈ શકતી નથી.

(૨) વીતરાગ માર્ગની પ્રાપ્તિ રોકનાર સૌથી વધુ બાધક કારણ જીવમાં રહેલો સ્વચ્છંદ નામનો મહાદોષ છે. જે અનેક પ્રકારે જીવને સ્વચ્છંદમાં રોકી રાખે છે તેથી તેનો વિચાર કરવો અવશ્યનો છે.

મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાનના ક્ષયોપશમવાળો જીવ શાસ્ત્ર અભ્યાસ કરે છે. આવું શાસ્ત્રનું અધ્યયન પ્રાયઃ અભ્યાસી જીવને 'હું સમજું છું' તેવો પોતાને વિષે અભિપ્રાય બંધાય છે. આ એક ભ્રમ છે કે જેને કારણે સ્થૂળપણે અથવા સૂક્ષ્મ પણે સ્વચ્છંદની ઉત્પત્તિ થાય છે. તેથી મુમુક્ષુ જીવે અત્યંત જાગૃત રહી, આ પ્રબળ બાધક કારણથી બચવું આવશ્યક છે. આ દોષને લીધે જીવ સત્ પુરૂષને ઓળખી શકતો નથી.

સ્વચ્છંદના સદ્‌ભાવમાં જીવને સ્વ-પરનાં દોષનો નિષેધ આવવાને બદલે ઉલ્ટો પક્ષ થાય છે અને તે એટલું પણ ભૂલી જાય છે કે નિષ્પક્ષપણે પોતાના દોષનું અવલોકન થવું તે મુમુક્ષુતાનું લક્ષણ છે, તેના બદલે સ્થૂળ સ્વચ્છંદને લીધે તે બીજાના દોષ ભાવનું સમર્થન કરે, તેને મુમુક્ષુતાતો ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય. આવી સ્થિતિમાં સ્વચ્છંદી જીવ શાસ્ત્રજ્ઞાનની ધારણા વડે, અપેક્ષાઓનો વિપરીત ઉપયોગ કરી પોતાના અથવા જેનો પક્ષ કરવો છે, તેવા અન્યના દોષનો પક્ષ કરે છે. તે બુદ્ધિની વક્રતાનું પ્રસિદ્ધ લક્ષણ છે અને માર્ગનું બળવાન પ્રતિબંધક કારણ છે.

સ્થૂળ સ્વચ્છંદને કારણે જીવ જ્ઞાનીનાં વચનોમાં પણ શંકા કરવા લાગી જાય છે. તેથી જેને સમસ્ત જગતના સ્વરૂપને જાણીને તેનાથી ઉપેક્ષિત થઈ એક પરમ સ્વરૂપમાં લીન થવાનો મહાવિવેક પ્રગટ થયો છે. એવા જ્ઞાની પુરૂષ પ્રત્યે તેને આસ્થાનો અભાવ થઈ જ્ઞાનીના કથનમાંથી ભૂલ શોધવાની વૃત્તિ એ અભક્તિના પરિણામમાં પરિણમે છે અને જીવ પોતાનું અહંમપણુ રક્ષવા અથવા માનાદિ વધારવા નૈતિક સ્તરથી પણ નીચે જઈને વર્તવા લાગે છે, સ્વચ્છંદના કારણે યથાર્થ બોધિના દાતાર એવા મહાત્માનો ઉપકાર ઓળવવો જોઈએ નહીં. જો કે આવા ઉપકારીનો પ્રતિ ઉપકાર તો

કોઈપણ રીતે વાળી શકાતો નથી. તેના બદલે ઉપકાર ઓળવવા રૂપ દ્રોહ થાય છે, તે સ્વચ્છંદનો જ પ્રભાવ છે.

જ્યાં સુધી સ્વચ્છંદ રૂપી અંધત્વ છે ત્યાં સુધી જ્ઞાનીનાં વચનોમાં અચળ પ્રેમ થતો નથી અને વચનો અંતઃકરણને સ્પર્શતા નથી. તેથી જ જ્ઞાની પ્રત્યે પરમ વિનયભાવ ઉત્પન્ન થતો નથી. અનંત કાળમાં ધર્મનું સાધન કરવામાં જે કાંઈ ખાસ ભૂલ રહી ગઈ છે, તે આ પ્રકારની ક્ષતિ રહી ગઈ છે. આવી શુષ્ક ધારણા જીવને બીજા અનેક દોષો ઉત્પન્ન થવાનું કારણ બને છે.

જ્ઞાનીપુરૂષનાં ઔદયીક ભાવને અંનુલક્ષીને તેમના આચરણમાં દોષ શોધવા અથવા ચારિત્ર મોહનાં પરિણામમાંથી દોષને મુખ્ય કરવા, તે અજ્ઞાનીનાં સ્વચ્છંદનું પ્રદર્શન છે. આવો જીવ કોઈ જ્ઞાનીનો અવર્ણવાદ કરે છે, તો તેમાં અનંત જ્ઞાની પ્રત્યેનો અનાદર રહેલો છે.

(૩) હઠાગ્રહ, અસરળતા, જીદ વગેરે પ્રકારના પરિણામ પણ આત્માર્થને બાધક છે. અલૌકિક માર્ગમાં હઠથી કાર્ય થતું નથી. કારણકે આ માર્ગ સહજ છે, હઠથી, ઉતાવળથી કે અધીરજથી માર્ગ પ્રાપ્ત થતો નથી. માર્ગ સહજતાથી, વિવેક અને ધીરજથી પ્રાપ્ત થાય છે. માર્ગ પ્રાપ્તિમાં સરળતા એક મુખ્ય કારણ છે. તેથી તે પ્રત્યે ખાસ ધ્યાન દેવાની જરૂર છે.

તત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે ચાર ગતિમાં મોક્ષ માર્ગ પામવા માટે મનુષ્ય ગતિ ઉત્તમ છે અને તે સરળતા યુક્ત પરિણામના ફળમાં ઉત્પન્ન થાય છે. એ મનુષ્યમાં પણ જે જીવ સત્યનો સ્વીકાર કરવા પર્યંત સરળતા સેવે અને પૂર્વના વિપરીત સંસ્કારને પકડી નહીં રાખતાં સત્યને સ્વીકારે તો તે જીવ અવશ્ય સન્માર્ગની પ્રાપ્તિ કરે છે. પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી પણ

પત્રાંક-૪૪૯માં કહે છે કે મળ મટવા માટેના સાધનો છે તેમાં "ક્ષમા, પોતાના દોષનું જોવું, સરળતા, અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ" આદિનો સમાવેશ થાય છે.

અસરળતાથી હઠ કરનારને બહારમાં રોકાવાનું કારણ બને છે. જ્યારે સરળતાવાળા જીવને બહારમાં રોકાવાનાં કારણો બંધ થઈ જાય છે. તે સરળતાથી જતું કરી દે છે. પારમાર્થિક સરળતા તે છે કે પોતાના પરિણામમાં ઉપજતાં શુભ ભાવની પણ પક્કડ-હઠ ન રહે, ત્યારે શુભ ભાવ પરનું વજન અને રસ ઘટે છે, ત્યારે તે જીવ સમ્યગ્ દર્શનનો અધિકારી થાય છે કે જેથી તે કારણે સાધનામાં રૂકાવટ ન કરે.

(૪) જ્ઞાની પ્રત્યે જેટલું વિનયાન્વિત થવું જોઈએ તેવું ન થવું તે પણ મુમુક્ષુની ભૂમિકામાં યોગ્યતાની મોટી ક્ષતિ છે. તેમાં પણ અનેક કારણો છે. તેમાં કોઈને "હું સમજું છું" તેવું માન રહ્યા કરે છે, તો કોઈને લોકભય, સમાજ ભય અથવા અપકીર્તિ ભયને લીધે વિનયની ઓછપ રહે છે. કોઈને કુટુંબ, પરિગ્રહાદિ સંયોગને વિષે જ્ઞાની કરતાં પણ અધિક રાગ, કોઈને પોતાની કલ્પના પ્રમાણે જ્ઞાનીના વિચાર/વચનનું મૂલ્યાંકન થવું. કોઈકોઈને મિથ્યા આગ્રહ રહે છે. કોઈને કુળ અથવા સંપ્રદાયની પરંપરાથી અંગીકાર કરેલા ક્રિયાકાંડ અથવા રુઢિનો આગ્રહ રહ્યા કરે છે. આવા કારણો જ્ઞાનીનું સમીપપણું થતાં રોકે છે. પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૫૨૬માં કહે છે કે,

"જે જે પ્રકારે પોતાની ભ્રાંતિ કલ્પાઈ છે, તે તે પ્રકારે તે ભ્રાંતિ સમજી તે સંબંધી અભિમાન નિવૃત્ત કરવું, એ જ સર્વ તીર્થંકરાદિ મહાત્માનું કહેવું છે અને તે જ વાક્ય ઉપર જીવે વિશેષ કરી સ્થિર થવાનું છે, વિશેષ વિચારવાનું છે... તે કાર્યની સિદ્ધિને

અર્થે સર્વ સાધન કહ્યાં છે. અહંતાદિ વધવાને માટે, બાહ્ય ક્રિયા કે મતના આગ્રહ માટે, સંપ્રદાય ચલાવવા માટે કે પૂજા શ્લાઘાદિ પામવા અર્થે, કોઈ મહાપુરૂષનો કંઈ ઉપદેશ છે નહીં અને તે જ કાર્ય કરવાની સર્વથા આજ્ઞા જ્ઞાનીપુરૂષની છે. પોતાને વિષે ઉત્પન્ન થયો હોય એવો મહિમા યોગ્ય ગુણ તેથી ઉત્કર્ષ પામવું ઘટતું નથી, પણ અલ્પ પણ નિજ દોષ જોઈને ફરી ફરી પશ્ચાતાપમાં પડવું ઘટે છે અને વિના પ્રમાદે તેથી પાછું ફરવું ઘટે છે; એ ભલામણ જ્ઞાની પુરૂષનાં વચનમાં સર્વત્ર રહી છે અને તે ભાવ આવવા માટે સત્સંગ, સદ્‌ગુરુ અને સત્ શાસ્ત્રાદિ સાધન કહ્યા છે, જે અનન્ય નિમિત્ત છે. તે સાધનની આરાધના જીવને નિજ સ્વરૂપ કરવાના હેતુપણે જ છે, તથાપિ જીવ જો ત્યાં પણ વંચના બુદ્ધિએ પ્રવર્તે તો કોઈ દિવસ કલ્યાણ થાય નહીં. વંચના બુદ્ધિ એટલે સત્સંગ સદ્‌ગુરુ આદિને વિષે ખરા આત્મભાવે માહાત્મ્ય બુદ્ધિ ઘટે તે માહાત્મ્ય બુદ્ધિ નહીં અને પોતાના આત્માને અજ્ઞાનપણું જ વર્ત્યા કર્યું છે, માટે તેની અલ્પજ્ઞતા, લઘુતા વિચારી, અમાહાત્મય બુદ્ધિ નહીં; તે સત્સંગ સદ્‌ગુરુ આદિને વિષે આરાધવાં નહીં એ પણ વંચના બુદ્ધિ છે. ત્યાં પણ જો જીવ લઘુતા ધારણ ન કરે તો પ્રત્યક્ષ પણે જીવ ભવ પરિભ્રમણથી ભય નથી પામતો, એમ જ વિચારવા યોગ્ય છે. વધારે લક્ષ તો પ્રથમ જીવને જો આ થાય તો સર્વ શાસ્ત્રાર્થ અને આત્માર્થ સહેજે સિદ્ધ થવા સંભવે છે.''

આ વચનામૃત મુમુક્ષુ જીવને અત્યંત ઉપકારી થાય તેવું છે. પ્રાયઃ મુમુક્ષુ જીવને જ્ઞાની પ્રત્યે યત્‌કિંચિત વિનય તો હોય છે, પરંતુ તેવા વિનયની ઓછપને શ્રીમદ્‌જીએ વંચના બુદ્ધિ કહીને આ વિષય બરાબર સમજાવ્યો છે. આવો જીવ હજી ભવભ્રમણના ભય વિનાનો છે. આ રીતે વંચનાબુદ્ધિનો દોષ પણ જીવને મુમુક્ષુની

ભૂમિકામાં નિહિત પ્રતિબંધક કારણ છે. તેથી અલ્પ વિનયના પરિણામવાળા જીવોને, તેમાં સંતોષ પામવા જેવું નથી, તે તો વંચના બુદ્ધિ રૂપ દોષ છે. આ દોષની ઉપેક્ષા કરવાથી જીવની યોગ્યતા રોકાઈ જાય છે.

(૫) ઉલ્લાસ વીર્યથી પોતાનું નિજહિત કરવાનો જે ઉત્સાહ તેનું ઉત્પન્ન ન થવું તેને પ્રમાદ કહે છે. આવો પ્રમાદ રહેવાનું કારણ તે છે કે વિચારની ભૂમિકામાં પરમાર્થનું યથાર્થ મૂલ્યાંકન ન થવાથી તેમજ શાતાના ઉદયમાં અથવા કષાયની મંદતાવાળા પરિણામમાં રસ રહે છે અને સ્વકાર્યનો પુરૂષાર્થ ઉપડતો નથી અને પ્રમાદમાં મનુષ્ય ભવનો અમૂલ્ય સમય વ્યતીત થઈ જાય છે. તેથી તેને જ્ઞાનીઓએ મહારિપુ કહ્યો છે.

(૬) વળી અપરિપક્વ વિચાર દશા અને અધૂરા નિશ્ચયને લીધે જીવને વિભ્રમ સાથે વિકલ્પ, શંકા વગેરે રહ્યા કરે છે અને તેથી સત્પુરૂષની ઓળખાણ અને પ્રતીતિ થતી નથી, જેને લીધે જ્ઞાનીના વચનમાં રહેલાં ગંભીર આશયથી તે વંચિત રહી જાય છે અને કાંઈ કાર્યકારી થતું નથી. જ્યાં સુધી અભિનિવેશનો સદ્ભાવ રહે છે, ત્યાં સુધી મિથ્યાત્વનો નાશ થતો નથી.

પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે, ''લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવ કાંટો છે, તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ પરિવારાદિ યોગવાળી હોય તો પણ તે દુઃખનો જ હેતુ છે. આત્મશાંતિ જે જીંદગીનો ધ્રુવ કાંટો છે, તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તો પણ પરમ સમાધિનું સ્થાન છે. (પત્રાંક-૯૪૯)

લૌકિક અભિનિવેશ વૃત્તિનું જોર વધી જાય છે, ત્યારે માયાચાર અને અનૈતિક સાધનો અપનાવવા લાગી જાય છે. આમ

લૌકિક દૃષ્ટિનું દૂષણ જીવને અતિ નીચે સહજપણે લઈ જાય છે અને અપૂર્વ ગુણની ઉત્પત્તિ થવા દેતી નથી. ત્યાં આત્મહિતનો વિચાર સુદ્ધાં ઊપજતો નથી. બીજો ભેદ શાસ્ત્રીય અભિનિવેશ છે. આત્માર્થ સિવાય, શાસ્ત્રની જે જે પ્રકારે જીવ માન્યતા કરે અથવા કલ્પના કરે અથવા શાસ્ત્રનાં ભણતરમાં સંતોષ માને તે શાસ્ત્રીય અભિનિવેશ છે. આત્માર્થ ગૌણ થાય ત્યાં શાસ્ત્રીય અભિનિવેશ વર્તે છે. આ દોષને લીધે જીવ, મુખ્ય સાધન એવો જ્ઞાનીનો સમાગમ તેને ગૌણ કરીને, તે સમાન અથવા તેનાથી વધુ ભાર શાસ્ત્ર પ્રત્યે મુકે છે. શાસ્ત્રો આત્મજ્ઞાન થવા માટે ઉપકારી છે, પણ સ્વચ્છંદ રહિત જીવને માટે. શાસ્ત્રની જાણકારીથી મોટાઈ કે માન વધારવાની ઈચ્છા થવી તે પોતાના આત્માને વંચવા - છેતરવા બરાબર છે.

(૭) શાસ્ત્રજ્ઞાનથી ધારણા - વિગેરેની આવડતને સાચા જ્ઞાનની પ્રાપ્તિ માનીને પોતાને જ્ઞાન પ્રગટ થયું છે અથવા વર્તે છે તેવા ભ્રમમાં જેને અતિપરિણામીપણું કહેવાય તેવા દોષમાં અભિમાન પૂર્વક વર્તે છે. ત્યારે શુષ્ક જ્ઞાનપણું ઉત્પન્ન થાય છે અને જિજ્ઞાસાવૃત્તિનો અભાવ થઈ જાય છે. જેનાથી સાધકને મોટું નુકસાન આત્માર્થમાં થવા શક્યતા હોય છે.

(૮) ક્રિયા માર્ગમાં યથાર્થ સમજણ દ્વારા બાહ્ય પદાર્થોનો ત્યાગ કરવામાં હિત રહેલું છે. પણ જો પરમાં સ્વપણાના અધ્યાસ સહિત, પર પદાર્થનો માત્ર બાહ્ય ત્યાગ અજ્ઞાન સાથે કરવામાં આવે તો અભિમાન ઊભું થાય છે. મિથ્યાત્વની દશામાં જીવને પર્યાય બુદ્ધિ રહેતી હોવાને લીધે બાહ્ય ક્રિયાઓ કરવામાં મિથ્યા આગ્રહ રહે છે. બાહ્ય ક્રિયાઓ પર જ દૃષ્ટિ હોવાથી તે બાહ્ય ક્રિયા ઉપરથી જ જ્ઞાનીનું માપ કાઢવા મથે છે. એમ કરવા જતાં

અજ્ઞાનીનાં સંગમાં ચાલ્યો જાય છે અને તેને જ અનુમોદના આપવા રૂપ કાર્ય થાય છે. અથવા બાહ્ય તપ કરવાથી અનેક પ્રકારની રિદ્ધિ સિદ્ધ વિગેરે ઉત્પન્ન થાય છે, એમ માની સંયોગોની અનુકૂળતાના મોહમાં જીવ તણાઈ જાય છે અને તેથી ત્યાગની પ્રવૃત્તિ માનાર્થે કરવા લાગે છે, આથી આત્મામાં અંતર શુદ્ધિની ક્રિયાનો ઉપાય તેને સૂઝતો નથી - મળતો નથી. બાહ્ય દૃષ્ટિપૂર્વક ત્યાગની ક્રિયા દૈહિક ક્રિયામાં આત્મ નિષ્ઠાને વધુ દૃઢ કરે છે. તેથી આત્મામાં આત્મ બુદ્ધિરૂપ આત્મનિષ્ઠા ઉત્પન્ન થવામાં બાધા ઉત્પન્ન થાય છે.

(૯) પરલક્ષી ધારણાવાળા જીવને યથાર્થ લક્ષ વગર શાસ્ત્ર પ્રમાણે તર્ક દ્વારા આત્માનું ચિંતવન થાય છે તો તેને વ્યામોહ ઉત્પન્ન થઈ શુષ્ક અધ્યાત્મીપણું પ્રાપ્ત થઈ જાય છે. જે અવગુણનું કારણ બને છે. આ પ્રકારથી છુટવું જીવને દુષ્કર થઈ પડે છે.

(૧૦) કોઈ સાધક - મુમુક્ષુ જીવને મુમુક્ષુની ભૂમિકામાં આત્મજ્ઞાન ઉત્પન્ન થયાં પહેલાં પૂર્વકર્મના ઉદય યોગે તત્ત્વજ્ઞાન વિષે બોલવું પડે છે, તો આવા પ્રસંગોમાં અત્યંત જાગૃત રહીને પ્રવર્તવામાં ન આવે તો સંસાર પરિભ્રમણ વધવાનું કારણ બને છે. આ પ્રસંગે જો સાધક મુમુક્ષુ સત્પુરૂષના ગુણ, જ્ઞાન અને સત્પુરૂષ પ્રત્યે પ્રમોદ ભાવના વધે તેવા હેતુથી બોલે તો, જેથી કરીને સાંભળનારને સત્પુરૂષોના વચનને ગ્રહણ કરવાની આત્મવૃત્તિ થાય અને સત્ પુરૂષના પ્રત્યક્ષ સમાગમની ભાવના અને આકાંક્ષા થાય. પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૬૭૦માં કહે છે કે :

"તે આત્મજ્ઞાન થતાં સુધી જીવે મૂર્તિમાન આત્મજ્ઞાન સ્વરૂપ એવા સદ્‌ગુરુ દેવનો નિરંતર આશ્રય અવશ્ય કરવા યોગ્ય છે, એમાં સંશય નથી. તે આશ્રયનો વિયોગ હોય ત્યારે આશ્રય

ભાવના નિત્ય કર્તવ્ય છે."

"ઉદયના યોગે તથારૂપ આત્મજ્ઞાન થયા પ્રથમ ઉપદેશ કાર્ય કરવું પડતું હોય તો વિચારવાન મુમુક્ષુ પરમાર્થના માર્ગને અનુસરવાને હેતુભૂત એવા સત્પુરૂષની ભક્તિ, સત્પુરૂષના ગુણ ગ્રામ, સત્પુરૂષ પ્રત્યે પ્રમોદભાવના અને સત્પુરૂષ પ્રત્યે અવિરોધ ભાવના લોકોને ઉપદેશે છે; જે પ્રકારે મતમતાંતરનો અભિનિવેશ ટળે અને સત્‌પુરૂષના વચન ગ્રહણ કરવાની આત્મવૃત્તિ થાય તેમ કરે છે... સર્વ કાર્યમાં કર્તવ્ય માત્ર આત્માર્થ છે; એવી સંભાવના નિત્ય મુમુક્ષુ જીવે કરવી યોગ્ય છે.

આનો ભાવાર્થ એટલો જ છે કે, યર્થાર્થ સ્વરૂપ સમજ્યા વિના, તે પરમાર્થથી યથાર્થ છે કે કેમ ? તે જાણ્યા વિના બોલે છે તે અનંત સંસારને વધારે છે. માટે જ્યાં સુધી આ સમજવાની શક્તિ ન આવે ત્યાં સુધી મૌન રહેવું એ ઉત્તમ છે. પરમ કૃપાળુ દેવ પત્રાંક-૬૭૦માં કહે છે તે મહત્વપૂર્ણ માર્ગદર્શન સાધક મુમુક્ષુને આપે છે.

સત્‌ માર્ગના અનુભવી સત્‌ પુરૂષની વિદ્યમાનતામાં તેનું સાનિધ્ય સેવતાં, ઉક્ત દોષોમાંથી છુટવાનું સંભવે છે. તેમ જાણીને પ્રત્યક્ષ સત્-પુરૂષનો સમાગમ માર્ગ પ્રાપ્તિનું પ્રબળ કારણ છે. તેમ અહીંયા ભાર મૂકવામાં આવ્યો છે.

સાધનાના બાધક કારણોથી, સન્માર્ગના અનુભવી સત્‌ પુરૂષની વિદ્યમાનતામાં, તેમનું સાનિધ્ય સેવતાં છૂટવાનું સંભવે છે. ચૈતન્યને સ્પર્શીને નીકળતી સત્પુરૂષની વાણી પાત્રતાવાળા જીવના હૃદયમાં ઉતરી જાય છે. તે જીવને સમ્યક્ત્વની નજીક લઈ જાય છે. તેથી જ વિચારવાન જીવ સત્‌ પુરૂષના સાનિધ્યમાં રહ્યા છે અને તેમના પ્રત્યે પરમ ભક્તિપણે, આજ્ઞાશીલ થઈને વર્ત્યા છે.

જીવને પોતાની મતિ કલ્પનાથી પરમાર્થનું જ્ઞાન અથવા પરમાર્થની પ્રાપ્તિ થતી નથી અને બાહ્ય ધર્મ સાધનવાળી પ્રવૃત્તિમાં વર્ત્યા કરે છે અને તેમાં પરમાર્થ માર્ગની કલ્પના કરે છે. આ મૂળ ભૂલને બતાવનાર પ્રત્યક્ષ જ્ઞાની જ છે.

આવા સત્ પુરૂષનો યોગ અત્યંત દુર્લભ છે, તો પણ કદાચિત્ તેવો યોગ પૂર્વના મહાપુણ્યને લીધે સંપ્રાપ્ત થાય, તો તેની કિંમત થઈ શકે તેમ નથી. પરમ કૃપાળુદેવ પત્રાંક-૨૦૦માં કહે છે કે,

૧. જીવ પોતાને ભૂલી ગયો છે અને તેથી તેને સત્ સુખનો વિયોગ છે...

૨. પોતાને ભૂલી ગયા રૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે...

૩. જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે, છતાં જીવ લોકલજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એજ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

૪. જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઈચ્છવી, તેણે જ્ઞાનીની ઈચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઈચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો.

૫. જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઈચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

૬. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે, જે એક નિષ્ઠાએ, તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.

૭. જો કે જ્ઞાની ભક્તિ ઈચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને

તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી અને મનન તથા નિદિધ્યાસનનો હેતુ થતો નથી, માટે મુમુક્ષુએ/સાધકે જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે. એમ સત્પુરૂષોએ કહ્યું છે...

૧૧. અનંત કાળ સુધી જીવ નિજછંદે ચાલી પરિશ્રમ કરે તો પણ પોતે પોતાથી જ્ઞાન પામી શકે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.

૧૨. શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.

૧૩. આ જ્ઞાનમાર્ગની શ્રેણી... એ પામ્યા વિના બીજા માર્ગથી મોક્ષ નથી.

૧૪. એ ગુપ્ત તત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે ?

આ વચનામૃતો પ્રત્યક્ષ જ્ઞાનીનું મહત્વ સમજાવે છે. વળી પત્રાંક-૫૩૯માં કહે છે કે, "સર્વ જીવ આત્માપણે સમ સ્વભાવી છે. બીજા પદાર્થમાં જીવ જો નિજ બુદ્ધિ કરે તો પરિભ્રમણ દશા પામે છે અને નિજને વિષે નિજ બુદ્ધિ થાય તો પરિભ્રમણ દશા ટળે છે. જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે, તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે, તેની દાસાનુદાસ પણે અનન્ય ભક્તિ કરવી, એ પરમ શ્રેય છે." અહીંયા પણ પ્રત્યક્ષ જ્ઞાનીનું મહાત્મ્ય કેટલું છે તે બતાવ્યું છે. ભક્તિ પ્રત્યક્ષ જ્ઞાનીની કરવી અવશ્ય છે. તેમ આ વચનામૃતો પ્રતિપાદિત કરે છે કે જેના દ્વારા જીવ પોતાના આત્મસ્વરૂપને જાણવા શક્તિમાન છે, અસંગતાને સિદ્ધ કરી શકે છે, આ સ્વરૂપનું જાણપણું સ્વરૂપના અનુભવી જ્ઞાતા પુરૂષને યોગે સુલભપણે થવા યોગ્ય છે. કર્મ

જનિત વિભાવને કારણે જીવ તેનાથી ઘેરાઈ રહેલો છે, પણ ગુરૂની આજ્ઞાએ વર્તવાથી કર્મનો ભુક્કો બોલાવી શકાય છે અને ગુણો પ્રગટાવી શકાય છે.

જો જીવમાં આત્મ કલ્યાણની તીવ્ર ભાવના-લગની ઉત્પન્ન થાય તો તે પ્રત્યક્ષ જ્ઞાનીના યોગે દર્શન મોહના અનુભાગને ઘટાડી શકે છે. તેથી શુભાશુભ પરિણામોથી જીવ પાછો વળી જવાથી એટલે કે તેનો દૃષ્ટા થઈ જવાથી સત્ ને પોતાનામાં પરિણમાવી શકે છે.

પરમ કૃપાળુદેવ પત્રાંક-૫૨૨માં કહે છે કે, "જીવને જ્ઞાની પુરૂષનું ઓળખાણ થયે તથા પ્રકારે અનંતાનુબંધી કષાય મોળા પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે. સત્પુરૂષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે; વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે, કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે, જીવને અનિત્યાદિ ભાવના ચિંતવવા પ્રત્યે બળવીર્ય સ્ફૂરવા વિષે જે પ્રકારે જ્ઞાની પુરૂષ સમીપે સાંભળ્યું છે, તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે પંચ વિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દૃઢ કરે છે. અર્થાત્ સત્પુરૂષ મળ્યે આ સત્પુરૂષ છે એટલું જાણી સત્પુરૂષને જાણ્યા પ્રથમ જેમ આત્મા પંચવિષયાદિને વિષે રક્ત હતો તેમ રક્ત ત્યાર પછી નથી રહેતો અને અનુક્રમે એ રક્તભાવ મોળો પડે એવા વૈરાગ્યમાં જીવ આવે છે; અથવા સત્પુરૂષનો યોગ થયા વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મ વિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી; અને સત્પુરૂષનો યોગ જીવને થયો છે, એવું ખરેખરું તે જીવને ભાસ્યું

છે, એમ પણ કહેવું કઠણ છે.

જીવને સત્પુરૂષનો યોગ થયે તો એવી ભાવના થાય કે અત્યાર સુધી જે મારાં પ્રયત્ન કલ્યાણને અર્થે હતાં તેઓ નિષ્ફળ હતાં, લક્ષ વગરનાં બાણની પેઠે હતાં, પણ હવે સત્પુરૂષનો અપૂર્વ યોગ થયો છે, તો મારાં સર્વ સાધન થવાનો હેતુ છે. લોક પ્રસંગમાં રહીને જે નિષ્ફળ, નિર્લક્ષ સાધનો કર્યાં તે પ્રકારે એ સત્પુરૂષને યોગે ન કરતાં જરૂર અંતર્આત્મામાં વિચારીને દૃઢ પરિણામ રાખીને, જીવે આ યોગને, વચનને વિષે જાગૃત થવા યોગ્ય છે, જાગૃત રહેવા યોગ્ય છે અને તે તે પ્રકાર ભાવી, જીવને દૃઢ કરવો કે જેથી તેને પ્રાપ્ત જોગ 'અફળ' ન જાય અને સર્વ પ્રકારે એ જ બળ આત્મામાં વર્ધમાન કરવું કે આ યોગથી જીવને અભિમાન, કુળધર્મને અને કરતા આવ્યા છીએ, તે ક્રિયાને કેમ ત્યાગી શકાય એવો લોકભય, સત્પુરૂષની ભક્તિ આદિને વિષે પણ લૌકિકભાવ અને કદાપિ કોઈ પંચ વિષયાકાર એવાં કર્મ જ્ઞાનીને ઉદયમાં દેખી તેવો ભાવ પોતે આરાધવાપણું એ આદિ પ્રકાર છે', તે જ અનંતાનુબંધી કષાય છે... જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથા પ્રકારના અભિમાન પણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા સિવાય તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજી સુધી તે જ્ઞાન વિચારે કરી ભાવ ગાળ્યો નથી અને તે તે પૂર્વ સંજ્ઞાઓ હજી એમને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે, એ જ એને લોક આખાની અધિકરણ ક્રિયાનો હેતુ કહ્યો છે.'

ઉપરોક્ત વચનામૃતોમાંથી ફલિત થાય છે કે સત્પુરૂષની પ્રાપ્તિ થઈ હોય એવા જીવે સત્પુરૂષના ગમે તેવા વચનમાં પણ શ્રદ્ધા રાખીને તેમજ તેનાં પ્રત્યે પરમેશ્વર બુદ્ધિએ કરી સંપૂર્ણ

અર્પણતા કરવી જરૂરી છે. આને જ મોક્ષનું બીજ કહેવામાં આવ્યું છે. વળી પત્રાંક-૧૬૬માં પરમ કૃપાળુદેવ કહે છે કે :

"નીચેનાં વાક્યો પ્રત્યેક મુમુક્ષુઓને માટે મેં અસંખ્ય સત્પુરૂષોની સંમતિથી મંગળરૂપ માન્યા છે, મોક્ષના સર્વોત્તમ કારણરૂપ માન્યા છે :

(૧) માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છુટકો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે... (૨) કોઈપણ પ્રકારે સદ્‌ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણ બુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે... (૩) અનાદિ કાળના પરિભ્રમણમાં અનંતવાર શાસ્ત્ર શ્રવણ, અનંતવાર વિદ્યાભ્યાસ, અનંતવાર જિનદીક્ષા, અનંતવાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર સત્ મળ્યા નથી, સત્ સુણ્યું નથી અને સત્ શ્રધ્યું નથી અને એ મળ્યે, એ સુણ્યે અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે. (૪) મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે."

ઉપરના વચનામૃતો પણ સાધકતા માટેની તૈયારી અને શું કરવું જરૂરી છે તે દર્શાવે છે. આમાં આત્મહિત શેમાં છે તેનું રહસ્ય પ્રદર્શિત કર્યું છે. વળી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહે છે કે,

**"પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર**
**એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મ વિચાર.**

(આ.સિ.શા.)

આ કડીમાં પણ પરમ કૃપાળુદેવ શ્રીમદ્જી કહે છે કે, "પ્રત્યક્ષ યોગ" સંબંધમાં જીવનું યથાર્થ લક્ષ ન હોય તો પોતાના આત્મહિતનો વિચાર પણ તેનામાં પ્રગટવો મુશ્કેલ છે." વળી પત્રાંક-૪૬૬માં કહે છે કે,

(૫) પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાનીઓ જો કે મહાજ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં, એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં; પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન હોય તે જ દોષને જણાવી કઢાવી શકે. જેમ દૂરના ક્ષીર સમુદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં, પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે.

(૬) જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો જ્ઞાની પુરૂષના લક્ષમાં હોય છે અને તે પરમ સત્સંગે કરી સમજાય છે...

અહીંયા પણ સાધના માટેનું કારણ પ્રત્યક્ષ જ્ઞાની પુરૂષ જ છે તેમ પ્રતિપાદિત કર્યું છે.

આત્મ કલ્યાણમાં પ્રતિબંધ રૂપ કારણોમાં અજ્ઞાન, વિક્ષેપ અને મળ મુખ્ય કારણો છે. પ.કૃ. દેવે પત્રાંક-૪૪૯માં આ કારણોને દૂર કરવા માટે શું કરવું તેની સમજણ આપેલી છે. તેના પર આપણે વિચાર કરીએ.

"કલ્યાણને વિષે પ્રતિબંધ રૂપ જે જે કારણો છે, તે જીવે વારંવાર વિચારવાં ઘટે છે, તે તે કારણોને વારંવાર વિચારી મટાડવાં ઘટે છે; અને એ માર્ગને અનુસર્યા વિના કલ્યાણની પ્રાપ્તિ ઘટતી નથી. મળ, વિક્ષેપ અને અજ્ઞાન એ જીવના અનાદિના ત્રણ

દોષ છે. (૧) જ્ઞાની પુરૂષોનાં વચનની પ્રાપ્તિ થયે, તેનો યથાયોગ્ય વિચાર થવાથી અજ્ઞાન (દોષ)ની નિવૃત્તિ હોય છે. તે અજ્ઞાનની સંતતિ બળવાન હોવાથી તેનો રોધ થવાને અર્થે અને જ્ઞાની પુરૂષનાં વચનોનો યથાયોગ્ય વિચાર થવાને અર્થે, મળ અને વિક્ષેપ મટાડવાં ઘટે છે. (૨) સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પ પરિગ્રહ એ આદિ મળ મટવાનાં સાધન છે. (૩) જ્ઞાની પુરૂષની અત્યંત ભક્તિ તે વિક્ષેપ મટવાનું સાધન છે...

... એવો નિશ્ચય કરવો ઘટે છે કે, જેને આત્મ સ્વરૂપ પ્રાપ્ત થાય છે, પ્રગટ છે, તે પુરૂષ વિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવા યોગ્ય નથી; અને તે પુરૂષથી આત્મા જાણ્યા વિના બીજો કોઈ કલ્યાણનો ઉપાય નથી. તે પુરૂષથી આત્મા જાણ્યા વિના આત્મા જાણ્યો છે, એવી કલ્પના મુમુક્ષુ જીવે સર્વથા ત્યાગવી ઘટે છે.

વળી શાસ્ત્રો પણ એમ કહે છે કે જ્ઞાની પ્રત્યેનો વિરોધ ભાવ એ આત્માને ભવ ભ્રમણનું કારણ બને છે. તેમજ પ્રત્યક્ષ એવા એક જ્ઞાનીના સમ્યક્ આદરમાં અનંત જ્ઞાનીઓનો આદર છે. નિશ્ચયથી જોઈએ તો કોઈપણ જ્ઞાનીનો અનાદર તે પોતાના આત્મસ્વરૂપનો અનાદર છે. પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા સર્વાર્પણ પણે આરાધતાં સ્વભાવનો આદર થાય છે. જ્ઞાનીની વિરાધના થવામાં દર્શનમોહ મુખ્યપણે કારણભૂત છે અને તેથી પરિણામો પણ મલિન હોય છે. જ્યારે જ્ઞાની પ્રત્યેના આદર ભાવમાં સાધકને દર્શન મોહની મંદતા છે તેમ કહેવાય છે અને આ સ્થિતિ જ બોધ ગ્રહણ કરવા માટે ઉપયોગી છે. જ્ઞાનીના પ્રત્યક્ષ સત્ સમાગમ સમયે, જ્ઞાની પુરૂષ સાથે લૌકિક પ્રશ્નોત્તર અને અપ્રયોજનભૂત વિષયમાં

ખાસ કોઈ કારણ વિના પડવું નહિ, કારણકે તેમ થતાં પારમાર્થિક વિષય અને પ્રયોજન ગૌણ થાય છે. જ્ઞાની પુરૂષના વચનને લૌકિક આશયમાં કદી ઉતારવાં નહીં.

આપણે આત્મ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવું છે, તેની પ્રતીતિ કરવી છે. તેની અનુભૂતિ કરવી છે તો તેના બે નિમિત્ત છે. (૧) સત્ શાસ્ત્ર (૨) પ્રત્યક્ષ સત્ પુરૂષ. આમાં પણ પ્રબળ નિમિત્ત તો સત્ પુરૂષ છે. સત્ શાસ્ત્ર પણ નિમિત્ત રૂપ ત્યારે જ બને છે જ્યારે તેને સત્ પુરૂષની વાણી દ્વારા સમજવાનો પુરૂષાર્થ કરવામાં આવે. કારણ તેમાં ભરેલ રહસ્ય, મર્મ જ્ઞાની દ્વારા જ સમજમાં આવી શકે છે. પ.કૃ. દેવ આ માટે ૭૦૬માં કહે છે કે, "(૩)" ... સત્પુરૂષના વચને આધ્યાત્મિક શાસ્ત્ર પણ આત્મજ્ઞાનનો હેતુ થાય છે, કેમકે પરમાર્થ આત્મા શાસ્ત્રમાં વર્તતો નથી, સત્પુરૂષમાં વર્તે છે. મુમુક્ષુએ, જો કોઈ સત્પુરૂષનો આશ્રય પ્રાપ્ત થયો હોય તો પ્રાયે જ્ઞાનની યાચના કરવી ન ઘટે, માત્ર તથારૂપ વૈરાગ્ય ઉપશમાદિ પ્રાપ્ત કરવાના ઉપાય કરવા ઘટે તે યોગ્ય પ્રકારે સિદ્ધ થયે જ્ઞાનીનો ઉપદેશ સુલભપણે પરિણમે છે અને યથાર્થ વિચાર તથા જ્ઞાનનો હેતુ થાય છે.

પૂર્વે પસાર થયેલા અનંત કાળમાં જીવે ધર્મ પામવાની ઈચ્છાથી અનંત સાધન કર્યા છે પણ હજી સુધી તે સાધનો વડે મોક્ષની પ્રાપ્તિ થઈ નથી. તેનું કારણ વિચારીએ તો તે જે રીતે થવા જોઈએ તે રીતે થયા નથી. તેનો નિર્દેશ પ.કૃ. દેવ વીસ દોહરામાં આપતાં કહે છે કે,

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. - ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક;
પાર ન તેથી પામિયો, ઉગ્યો ન અંશ વિવેક. - ૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય. - ૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય. - ૧૮
અધમા અધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? - ૧૯

અધ્યાત્મનિષ્ઠ યોગી એવા આનંદઘનજી મ.સા. પણ જિનની સ્તુતિ કરતાં કહે છે કે :-

**જિન થઈ જિનને આરાધે, તે સહી જિનવર હોવે રે;**
**ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ૭**

**(૨૧મું નમિનાથ સ્તવન)**

આનો ભાવાર્થ ભરતાં પ.કૃ. દેવ કહે છે કે, "જિન થઈને એટલે સાંસારિક ભાવને વિષેથી આત્મભાવ ત્યાગીને, જે કોઈ જિનને એટલે કૈવલ્ય જ્ઞાનીને - વીતરાગને (પ્રત્યક્ષ જ્ઞાનીને) આરાધે છે તે નિશ્ચયથી જિનવર એટલે કૈવલ્ય પદે યુક્ત હોય છે. તેને ભૃંગી અને ઈયળનું પ્રત્યક્ષ સમજાય તેવું દૃષ્ટાંત આપ્યું છે."

જ્ઞાન તો તે કે જેનાથી બાહ્યવૃત્તિ સંબંધિત રસ રોકાય, સંસારી પ્રસંગોમાંથી ખરેખર પ્રીતિ ન થાય અને જેનાથી આત્મામાં ગુણ પ્રગટે.

# ૫. સમાધિભાવ

જ્યાં સુધી સદ્ગુરુમાં સંપૂર્ણ વિશ્વાસ બેસતો નથી ત્યાં સુધી આત્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી. એટલે કે આત્મ અનુભવ કે આત્મ સાક્ષાત્કાર થતો નથી. સદ્ગુરુના આત્મા સાથે ઓતપ્રોત થવામાં સફળ થનાર જ એમની અલૌકિકતાને અનુભવી શકે છે. બાહ્ય દેખાડો કરવાથી કાંઈ પ્રાપ્ત થતું નથી.

મન વિચારોનું બનેલું છે. વિચાર કરવાનું બંધ કરવામાં આવે તો ચોક્કસ મન સ્થિર થઈ જશે. ભૌતિક જીવનના પ્રવાહ પ્રત્યે આપણે એવી અનોખી રીતે જોવું જોઈએ કે જેથી એ પ્રવાહ પરમાત્માના પરમ પ્રકાશની આપણી શોધમાં વિક્ષેપ ન પહોંચાડે.

એક જ સનાતન સત્યનું દર્શન કરતાં શીખો. જ્યારે કોઈને પણ મળવાનું થાય ત્યારે વિચારો કે એના શરીરમાં પણ મારા આત્મા જેવો જ આત્મા બિરાજી રહ્યો છે.

જીવનમાં સરળતા લાવ્યા વગર તેમજ નિખાલસતા વિના સદ્ગુરુની સાથે કોઈ સીધો આધ્યાત્મિક સંબંધ થઈ શકતો નથી. તમારા પોતાની અંદર રહેલો આત્મા જ સાચો ભગવાન છે. આપણે તેનો જ સાક્ષાત્કાર કરવાનો છે.

સર્વ જીવો મારા સમાન છે. એ ભાવ કેળવ્યા વિના અહંભાવ જશે નહિ. અન્ય જીવો પાસે હું જેવી અપેક્ષા રાખું છું તેવી અપેક્ષા તમામ જીવો મારી પાસે રાખે છે. આવી ભાવના ભાવવી એ જ સર્વાત્મભાવ છે. આત્માનું ભાવન કરવું એટલે આત્માનું તથા તેના ગુણો લક્ષણોનું વારંવાર ચિંતન, મનન, ધ્યાવન તન્મય રૂપે કરવું.

શુભ ક્રિયાઓ સમજ્યા વગર કરવાથી તેનું અજીર્ણ થાય છે અને તે પરનિંદામાં પરિણમે છે, તેમજ જ્ઞાનનું અજીર્ણ અહંકારમાં

તથા તપનું અજીર્ણ ક્રોધમાં પરિણમે છે. આને કાઢવા મુશ્કેલ છે. માટે તે ઊભા જ ન થાય તેનું ધ્યાન રાખો.

જ્યાં સુધી પરમાં રુચિ છે, ત્યાં સુધી પર તરફ જ દૃષ્ટિ જવાની છે. તેથી પરમાં જ વીર્ય ફોરવાશે. માટે રુચિ સ્વમાં ફોરવવાનું કરો.

ધ્યાન કરતાં પહેલાં ધ્યેય પ્રત્યે અનન્ય પ્રેમ જગાડો. તો જ ધ્યાન સિદ્ધ થશે. મૃત્યુ આવી પડે તો પણ ભલે. આ સંકલ્પ કરવાથી જ કાર્યની સિદ્ધિ થશે. જેનું ચિત્ત આસક્તિથી રક્ત થયેલું છે તેને જ્ઞાન-ધ્યાનરૂપી અગ્નિ પ્રગટતો નથી.

શરીરની પ્રત્યેક ક્રિયાનું અને મનના દરેક વિચારનું તલસ્પર્શી અવલોકન કરી દેહાધ્યાસને શોધી કાઢી તેને તોડવાનો પ્રયત્ન દરેક સાધક માટે જરૂરી છે. કોઈપણ પરિસ્થિતિમાં ચાલશે, ફાવશે, ભાવશેનું સૂત્ર યાદ રાખો, તો સમજ સહજ થઈ જશે અને આર્તધ્યાન નહીં થાય.

સ્વ એટલે આત્મા તરફ દૃષ્ટિ રાખવી નહીં અને પરભાવોમાં જ દૃષ્ટિ રાખવી તે દેહાધ્યાસ વધારે છે. જ્યારે દેહાધ્યાસને મંદ કરી પુરૂષાર્થ શરૂ થાય ત્યારે સમ્યક્ દર્શન પ્રાપ્ત થવાનો યોગ બની આવે છે.

આત્મલક્ષી સાધનાનો મૂળ પાયો પ્રત્યક્ષ સદ્ગુરુ છે. તે જ્યાં સુધી આંતરિક રીતે ઓળખાય નહીં ત્યાં સુધી જ્ઞાન પ્રાપ્ત થાય નહીં. આંતરિક ઓળખાણ તો જ શક્ય બને, જો આપણી પાત્રતા, યોગ્યતા યથાર્થ રીતે થાય.

પૂર્વકૃત ઉદયને આક્રોશ કે આર્તધ્યાન વિના ભોગવવું એ જ્ઞાનનું લક્ષણ છે. જ્ઞાનીને દુઃખ અસર કરી શકતું નથી. જે

વર્તમાન સ્થિતિમાં જાગૃત થઈ જાય છે તેને વિપરીત પ્રસંગોમાં સાવધાન થવાની જરૂર રહેતી નથી. જે વર્તમાન જાગૃતિનો અભ્યાસ કરતો નથી અને ભવિષ્યમાં જરૂર પડશે ત્યારે કરીશ, તો તે સાધક ભૂલમાં જ ભટકે છે. જેણે સતત જાગૃત અવસ્થાને પ્રાપ્ત કરી છે, તેને મૃત્યુ આવી જાય તો પણ તે તેને મહોત્સવ રૂપ ગણે છે. જેને પ્રતિકૂળ ઉદયોને સાવધાન થઈને વેદવાની ટેવ પાડી છે તેને કોઈપણ પ્રસંગમાં ભય રહેતો નથી.

અતિ ભયંકર અશાતાના ઉદયમાં પણ આત્મ તત્ત્વને વિસ્મૃત થવા દેવું નહિ. આવા સમયે પરાધીનપણે ભયંકર દુઃખો ભોગવી રહ્યા છે તેવાને યાદ કરવાથી આપણે આપણા આત્મ તત્ત્વને યાદ રાખી શકીશું. જે દુઃખ કે વેદના આવી પડે તે તો પૂર્વકૃત ઉદય છે. માટે તેને વેદવું અને તે પણ સમતા ભાવે વેદવું. તેને જ જ્ઞાનીઓ ધર્મ કહે છે.

પ્રતિકૂળ પ્રસંગોમાં ચળ વિચળતા ન થવા દેવી. પ્રતિકૂળતાને તો જ્ઞાનીઓ હંમેશાં આવકાર આપે છે. તેને મિત્ર ગણે છે. કર્મનો ઉદય ભલે નાનો હોય, પણ જો તેને સમતા ભાવે ભોગવવામાં આવે તો તે અનંતા ભવોની નિર્જરા કરવા માટે સમર્થ છે.

તમે તમારી જાતને ક્ષત્રિય માનો અને જરૂરી સમયે જ સાવધાન બની જઈએ તો આપણું કાર્ય થઈ જાય. સાવધાન થઈ જવાની કળા એ જ્ઞાનીઓની આગવી કળા છે. તેને પ્રાપ્ત કરવી જરૂરી છે.

જ્ઞાનીઓ તો દુઃખ - પ્રતિકૂળતા ભોગવવા માટે હંમેશાં તત્પર હોય છે. જેને આ ભવમાં કઠોર પ્રતિકૂળતા પ્રાપ્ત થાય છે તેવા જ્ઞાનીઓ પોતાને ધન્ય માને છે અને તેવા પ્રસંગોમાં પોતાનું વીર્ય સમતાભાવમાં ફોરવીને પોતાનું કામ કરી જાય છે. તેને ઉલ્લાસ

માને છે.

દુઃખનું વેદન - વિપાકનું વેદન કરવા છતાં જ્ઞાનીઓ તો સમતાભાવમાં મસ્ત રહીને ઝુલે છે અને તેને સમતા જ માને છે. પ.કૃ. દેવે સમ્યક્ દર્શનના પાંચ લક્ષણોનું વર્ણન કરેલ છે. તેમાં સમ વિષે લખતા એક વાક્ય એવું લખેલ છે કે, "વાળી લેવાય તેવી દશા." આ એમ સૂચવે છે કે કોઈપણ પરિસ્થિતિમાં જ્ઞાની સાવધાન થઈ શકે છે. સમ્યક્ત્વના પાંચે લક્ષણો એકી સાથે હોય છે અને તે જ્ઞાનીમાં હોય છે. કોઈ એમ કહે કે એક લક્ષણ મારામાં છે અને બીજા નથી તો, તે જ્ઞાનીની મર્યાદા બહાર છે તેમ કહી શકાય.

જ્યારે વિશેષ વેદનાનો ઉદય આવ્યો હોય ત્યારે જો પોતાના અસ્તિત્વમાંથી બહાર નીકળી જાય અને બહિર્મુખ ઉપયોગ થઈ જઈને જીવ દેહ છોડે તો જેવા પરિણામ હોય તેવી ગતિને તે પામે છે. આ વાત હકીકત હોવા છતાં જ્ઞાનીઓ તેમાં ટકીને પોતાના અસ્તિત્વમાં જાગતા રહે છે. એટલે કે સમભાવે વેદન કરીને નિર્જરા કરે છે. જ્ઞાનીઓ આપણને લાગતાં દુઃખને દુઃખ ગણતાં જ નથી. તેઓ તો મૃત્યુના દુઃખને સહન કરવાની તૈયારી કરીને બેઠા હોય છે. તેથી તેનાથી નીચેના કોઈ દુઃખો તેમની સમાધિનો ભંગ કરી શકતા નથી. જે સાવધાન થઈ ગયો છે તે તો દૃષ્ટા બનેલો છે. એટલે સમાધિનો ભંગ થઈ શકતો નથી.

શારીરિક વિપાક વખતે મરણ આવે તો સારૂં, એમ સાધક વિચારતો નથી પણ તેમાં ટકી રહી સમતા ભાવને દૃઢ કરતો રહે છે. કારણકે તે જાણે છે કે પ્રતિકૂળતા વખતે સમતાભાવમાં ટકી જવું એટલે અનંતા ભવોની નિર્જરા કરી નાખવી. જ્ઞાનીઓ વર્તમાન સમયમાં સમતાને કારણે અનંતી નિર્જરા કરે છે. દુઃખના

ઉદયે જે સમતા રાખે છે, તેના કર્મો દાવાનળથી જેમ જંગલોના જંગલો સાફ થઈ જાય છે, તેમ નાશ પામી જાય છે.

સાધકમાં કાયરતાનો દોષ હોવો જ ન જોઈએ. કાયરતા તો નીચે પછાડે છે. શૂરવીર બનવું જોઈએ. જે સાધકો - મુનિઓ અપ્રમત સુધી પહોંચેલા હોય તેણે પણ તીવ્ર દુઃખના ઉદયમાં સાવધાન રહેવું પડે છે, તેમાં નવાઈ નથી. સાવધાની રાખવી આપણા માટે લાભનું જ કારણ છે. સાવધાની - જાગૃતિ કાંઈ આપણાથી જુદી નથી. આપણી અંદર જ રહેલી છે. દુઃખના વેદનમાંથી ઉપયોગને હઠાવીને આત્માના અનુભવના વેદનમાં જોડવા પુરૂષાર્થ કરવો જોઈએ. સાધકની કસોટી તો અંત સમયમાં થવાની છે. તે કસોટીમાંથી પાર ઉતરવા માટે અત્યારથી જ તૈયારી કરવી જોઈએ. વિપરીત પ્રસંગોમાં - ઉદયોમાં જેનું ખમીર સમભાવમાં ઝળકી ઉઠે તેનો બેડો પાર થઈ જાય.

કર્મના વિપાકના ઉદયના પ્રસંગે મરણ ઈચ્છીશું તો અવસર ચૂકી જવાનો વારો આવશે અને અફસોસ રહેશે. જે કર્મ વિપાક આવ્યો છે તેને ભોગવવાને બદલે આગળ ધકેલવા પુરૂષાર્થ કરવામાં આવે તો તેનાથી ભવ ભ્રમણ જ વધવાનું છે. કર્મ વિપાકના ઉગ્ર પ્રસંગો અને સમતાનો મેળ થઈ જાય તો સંસારનો નાશ થઈ જાય. અત્યારે કર્મના ઉદયને ભોગવવાને બદલે આગળ ધકેલવાનો પુરૂષાર્થ કરીશું તો અનંતાગણા તેને ઈચ્છા અનિચ્છાએ ભોગવવા પડશે. આગળ થઈ ગયેલા જ્ઞાનીઓના જીવનમાં ડોકીયું કરવાનો પ્રયત્ન કરીશું તો તેઓએ કર્મોને ખપાવી નાખવા માટે દુઃખોની ઉદીરણા કરેલી છે. તેના માટે તેઓ જંગલ, સ્મશાન, પર્વત, નિર્જન ભૂમિ અને ભયંકર ઉપદ્રવવાળી જગ્યાને પસંદ કરતા. કારણ તેઓ ઝડપથી ભવોનો અંત કરવા માટે તૈયાર થયા

હતા. તો પછી જેને સહજ રીતે કર્મના વિપાકનો ઉદય હોય તેને માટે તો તે મહામૂલો અવસર ગણવા યોગ્ય છે કે જેનો ભોગવટો સમતાભાવથી કરવાથી ભવોનો અંત થઈ જાય. આવા વિપાકને સાધકે પોતાનો અશુભોદય ગણવાને બદલે શુભોદય ગણવો જોઈએ, પુણ્યોદય ગણવો જોઈએ.

જે કર્મ ઉદયમાં આવ્યા છે તેને તો ભોગવવા જ પડશે. તો પછી તેને રોતાં રોતાં ભોગવવા કરતાં, સમતાભાવમાં રહી ભોગવી લેવા. તે જ અનંતા ભવોની નિર્જરાનું કારણ બનશે.

જેમ ઢોલ વાગે અને નાચવાવાળાને તાન ચઢે છે, રણશિંગુ ફૂંકાય ને ક્ષત્રિયને શૂરાતન ચઢે તેમ અશાતાના ઉદયને જોઈને જ્ઞાનીઓની સમતા વૃદ્ધિ પામે છે અને કર્મનો ભોગવટો સમભાવે કરીને ભવ ભ્રમણની જાળને તોડી નાખે છે.

પૂર્વે અણસમજણપણે ઉપાર્જિત કરેલ કર્મના ઉદયને પીછે હઠ કર્યા વગર પૂરા જોશ સાથે સમભાવમાં ટકી રહીને મારી હઠાવવો જ જોઈએ. કારણ મોહનીય કર્મ ઘણી ઘણી રીતે સાધકને ભૂલાવામાં નાંખવાનો પ્રયત્ન કરે છે. મોહનીયનો સામનો કરવાનું શસ્ત્ર પ્રત્યક્ષ સદ્ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલા માર્ગની આરાધના કરી આપણામાં સહજ સમતા ભાવને ધારણ કરવો એ જ છે. સમતા નામના શસ્ત્ર ઉપર જ્ઞાની ક્યારેય કાટ ચઢવા દેતા નથી. પોતાની પ્રતીતિ - અનુભવ એ જ સમતા છે.

શાસ્ત્રીય અભ્યાસ ન હોય અને બુદ્ધિ પણ મંદ હોય છતાં તેઓ જો દરેક પ્રકારના ઉદયમાં સાવધાન છે - જાગૃત છે, ચળ વિચળતાને પામતા નથી, તો સમભાવમાં ફેરફાર થતો નથી. તે તો જેમનો તેમ રહી શકે છે.

જ્યારે એમ લાગે કે હવે દેહ છુટી જશે, ત્યારે નીચે પ્રમાણે

વર્તવાનો પુરૂષાર્થ કરવો જરૂરી છે.

કર્મના ઉદયને જોયા કરો - આત્મ પ્રદેશોના સ્પંદનનું અવલોકન કરો. આત્મ પ્રદેશો છુટા પડવાની પ્રક્રિયા વિષે વિચારો. જ્ઞાનીને તે સમભાવે જણાય છે. દેહથી આત્મ પ્રદેશો છુટા પડવાની ક્રિયાને બાળ જીવ દુઃખ ગણે છે. આપણે તેને દુઃખ નહીં ગણતા તેને સમભાવે વેદી લેવામાં જ હિત છે એમ ગણવું.

આ બધાનો સાર જોઈએ.

(૧) જાગૃત કોણ કહેવાય ? કે જે અંત સમયે બીજાને સાંભળવાને બદલે બીજાને પોતે સમજાવે.

(૨) જાગૃત તો એ છે કે જેનું નિમિત્ત પામી બીજા બોધ લે.

(૩) જાગૃત એ છે કે જે પરિસ્થિતિ પ્રમાણે વિચારી સમભાવમાં રહેવાનો પુરૂષાર્થ કરે.

(૪) જાગૃત થયેલ તો એ કહેવાય કે જેના રોમે રોમમાં વીતરાગતા ખીલેલી હોય. જે સકળ જગતના જીવોને ક્ષમા આપી શકતો હોય. વીતરાગતા જ જીવોની રક્ષા કરી શકે છે. વીતરાગતા આવ્યા પછી જ ક્ષમા નામનો ગુણ પ્રગટે છે.

(૫) સાવધાન - જાગૃત હોય તે પોતાના આત્મ પ્રદેશોને દેહથી છુટા પડતા જોઈ શકે છે.

(૬) જાગૃત તો એ છે કે જેની સેવા ચાકરી - દવા વિ. કરનાર કોઈ ન હોય તો પણ તેનો વિષાદ ન કરે.

(૭) જે જાગૃત - સહજ પણે થઈ ગયો હોય તેને દેહ ગમે તેવી સ્થિતિમાં છુટી જાય તો પણ રંજ માત્ર ન હોય.

(૮) સહજ જાગૃત તે કહેવાય કે જેને મરણ કે જીવન પ્રત્યે કોઈ ભાવ જ ન હોય.

(૯) જે સહજ રીતે જાગૃત થઈ ગયો છે, તે કોઈ પણ ગતિમાં જાય તો પણ તેને દુઃખ નથી. વિષમતા નથી, તે તો ત્યાં પણ સમભાવમાં જ રહે છે.

(૧૦) સહજ જાગૃત એ છે કે જે ઉદયનો દૃષ્ટા થઈ ગયો છે.

સત્ પુરૂષના સાનિધ્યમાં મન સ્વતઃ તેમના પ્રભાવથી વશ થઈ જાય છે. જ્ઞાનીના સત્સંગની આ મહત્તા છે. મનને એક જગ્યાએ એકાગ્ર કરવાથી વાસનાના નાશની શરૂઆત થશે. જ્યાં સુધી સંપૂર્ણ સફળતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સતત અભ્યાસ કરવો જરૂરી છે. મનને સ્થિર કરવા માટે પોતાની સંકલ્પ શક્તિ તથા ગુરુના ઉપદેશની સત્યતામાં દૃઢ શ્રદ્ધા જરૂરી છે. મનની સ્થિરતા થવાથી (૧) ઈચ્છા શક્તિ ઉપર વિજય - એકાગ્રતાનો વિકાસ થાય છે (૨) વાસના પર વિજય મળે છે (૩) સમત્વ - સમભાવમાં વૃદ્ધિ થાય છે. (૪) સર્વ પ્રત્યે સમાનભાવ ઉત્પન્ન થાય છે.

મનની ચંચળતા દૂર કરવા માટે બહારનું જગત ક્ષણભંગુર છે, તેનું ચિંતન કરો, તેથી વૈરાગ્ય ઉત્પન્ન થશે. તેનાથી આત્મ વિચારણા થશે. આત્મ વિચારણા દ્વારા મનની ચંચળતા દૂર કરી શકાશે અને હું કોણ છું, તેની શોધ થઈ શકશે. જો આમ કરતાં પણ મન સ્થિર ન થાય તો મનને જાપમાં અગર ધ્યાનમાં પરોવી દો. તેનાથી તે એક વિચાર પર સ્થિર થશે. પછી લાંબા સમય સુધી અભ્યાસ કરો.

"હું છું" તે લક્ષ્ય છે. પ્રયાસ સહિત તેના પર ટકવું તે વિચાર છે. જ્યારે તે સ્વતઃ સ્ફૂરિત સ્વાભાવિક બને ત્યારે તે સાક્ષાત્કાર છે. મનને મનથી જોવાથી અથવા આત્મામાં જોડવાથી તે નિયંત્રણમાં આવી જાય છે. જો ધ્યાન કરવાવાળાને તથા ધ્યાનને -

ધ્યેયને એક જાણી લો તો શરીર દર્દ નહીં થાય.

આત્મ સાક્ષાત્કાર માટે ઉપદેશ, પ્રવચન, ધ્યાન અભ્યાસ એ અપેક્ષા છે. પણ તેના માટે ગુરૂકૃપા જ ફળદાયી છે. ગુરૂકૃપા સિવાયના સાધન ગૌણ છે. સાધનામાં સહાયક છે. તીવ્ર લગન હોય તો આત્મ સાક્ષાત્કાર થઈ શકે છે. જેટલો શ્વાસોચ્છ્વાસ સહજ છે, તેટલું ધ્યાન સહજ થઈ જવું જોઈએ. મનની ચિંતા છોડી દો તો મન નષ્ટ થઈ જશે.

સર્વ સંકલ્પોથી મુક્ત થઈ કેવળ એક જ વિચાર પર સ્થિર રહેવું તે ચિત્ત શુદ્ધિ છે, તે જ મનની એકાગ્રતા છે. ધ્યાનના અભ્યાસથી જ ચિત્ત શુદ્ધ થાય છે.

પ્રથમ ઉત્કૃષ્ટ વૈરાગ્ય થાય ત્યારે સ્થિરતા થાય. પછી મન, વચન, કાયાથી ઉદાસીનતા થાય. ઉત્કૃષ્ટ વૈરાગ્ય થવો જોઈએ. પાત્ર થવામાં જ વાર લાગે છે, કાર્ય થવામાં નહીં. જ્યાં સુધી સ્થિરતા ન આવે ત્યાં સુધી આત્માને જાણવા તરફ આગળ વધી શકાતું નથી.

જેનું સ્મરણ, ચિંતન કરવું હોય તેનું માહાત્મ્ય સમજાય તો ખરૂં સ્મરણ ચિંતન થાય. માહાત્મ્ય સમજાયું ન હોય તો અભ્યાસ પૂરો થતા મન પાછું અનાદિ અભ્યાસમાં જાય છે. મનને આત્મામાં ટકાવી રાખવું એનું નામ જ આત્મ વિચાર છે.

સંસારમાં ડગલે ને પગલે લોભાવનારાં અને દુભાવનારાં અસંખ્ય નિમિત્તો આવતા રહે છે. તે વેળાએ સાવધ રહેવું અને પોતાના જ્ઞાનને બગડવા ન દેવું એ જ કરવાનું છે. કોઈપણ પરિસ્થિતિમાં આનંદમાં રહેવું તે જ કરવા જેવું છે.

જે પ્રકારે જીવને મારાપણું વિશેષ થયા કરતું હોય અથવા

વધ્યા કરતું હોય તે પ્રકારથી જેમ બને તેમ સંકોચાતુ રહેવું. આત્મજ્ઞાન માટે વધારે બુદ્ધિની જરૂર નથી, પણ શુદ્ધ બુદ્ધિની જરૂર છે.

વૃત્તિઓનો નિરોધ એ મનનો ઊઘાડ છે. આવા ઉઘડતા મનમાં જ અંતર્પ્રજ્ઞાના કિરણ પ્રગટે છે.

વિશ્વ આખું આલંબનોથી ભરેલું છે. જગતના તમામ પદાર્થો સંયોગો અને દૃષ્ટાંતો આલંબન રૂપ બની શકે છે. રાગી આત્મા પ્રત્યેક પદાર્થ, સંયોગ અને દૃષ્ટાંતને રાગ પુષ્ટિનું અવલંબન બનાવશે.

જ્યારે વિરાગી આત્મા પ્રત્યેક પદાર્થ, સંયોગ અને દૃષ્ટાંતને વિરાગ પુષ્ટિનું આલંબન બનાવશે. પ્રાપ્ત થતા આલંબનને કેવા ઉપયોગમાં લેવું એ નિજ નિજની પરિણતિને આધીન છે.

અજ્ઞાન અને આગ્રહ એ બે ઉપર મિથ્યાત્વ જીવે છે. તીવ્ર વૈરાગ્યની પ્રાપ્તિ થાય પછી મન સૂક્ષ્મ થાય અને આત્મા પ્રતીતિમાં આવે. વૈરાગ્ય સદ્ વિચાર દ્વારા પ્રગટ થાય. વૈરાગ સર્વાંગી અને અખંડ હોવો જોઈએ.

આત્માનું વેદન આવ્યા પછી પણ જીવ કર્મના ઉદયને અનુસાર પરમાં - પરભાવમાં જાય છે, પણ એ અજ્ઞાનપણામાં જે રીતે ત્યાં ટકતો હતો તેવું થતું નથી, તે ત્વરાથી પોતાના ઘરમાં પાછો આવી જાય છે અને તેની સાથે જ પોતાનો વૈરાગ્ય તીવ્ર કે દ્રઢ કરવા તરફ લક્ષ આપે છે. હવે આત્મ વેદન હોવાથી પરમાં એકત્વપણું કરતો નથી. જ્યારે સાધક પોતાના સમજના ઘરમાં આવે છે ત્યારે તેનામાં રહેલ દેહાધ્યાસ, મોહભાવ વિ. તુટવા લાગે છે અને ભેદજ્ઞાન કરતો કરતો સહજ સ્થિતિમાં સરકી જાય છે. કષાયની મંદતા થવી એ સાધનાનું સાધન નથી. કારણ

કષાયની મંદતા બે રીતે થઈ શકે છે. જ્ઞાન વડે અને વિચાર વડે.

અનંતાનુબંધી કષાય એટલે કષાયની પ્રબળતા નહીં, પણ કષાયની સાથે એકત્વપણું કરવું તે. જેને જ્ઞાન પ્રાપ્ત થયું છે તેને પૂર્વ કૃત કર્મના ઉદયને કારણે કષાય થઈ જાય તો પણ તેઓ તેમાં એકત્વપણું કરતાં નથી. જગતના જીવો કષાયની પ્રબળતા અને મંદતા જોવામાં રોકાય છે. તેથી દૃષ્ટિ સમ્યક્ બનતી નથી. અજ્ઞાનીને પૂર્વકૃત કર્મના ઉદયને કારણે મંદ કષાય હોય, વસ્તુ પ્રત્યે મમત્વ ન પણ હોય છતાં તેને અંદરમાં ભેદ પડેલો ન હોવાથી તેને જ્ઞાની કહેવાતા નથી.

જ્ઞાનીને પરમાં એકત્વપણું હોતું નથી. જ્ઞાની જગતના દૃષ્ટા તરીકે રહે છે. સ્વરૂપનું પ્રગટપણું થવું તે સહજ ધારા - જ્ઞાનધારા છે. કર્મના ઉદયને કર્મધારા કહેવામાં આવે છે. કર્મધારામાં ફેરફાર થયા કરે છે. જ્ઞાનધારાનું પ્રગટપણું શુભ ભાવથી થતું નથી.

ભેદજ્ઞાન કરતા સાધકને અનેક પ્રશ્નો ઊઠે છે, ઊગે છે. પણ હવે સમ્યક્ સમજણ આવી હોવાને કારણે પોતે જ તેનું સમાધાન કરતો જાય છે. પૂર્ણ સમાધાનની સ્થિતિ તે જ નિર્વિકલ્પ દશા છે. આમ થાય ત્યારે પરભાવમાંનુ એકત્વ પણું તુટી જાય છે.

સમ્યગ્દર્શન થયા પછી જ્ઞાનીને સમાધાન કરવાનું રહેતું નથી. પણ તેણે જે પોતાના સ્વરૂપનો અનુભવ કર્યો છે તેનો વિસ્તાર સર્વાંગપણે કરતો રહે છે, કેવળજ્ઞાનને પ્રગટાવે ત્યાં સુધી.

જ્યાં સુધી સ્વરૂપ પ્રગટ થયું ન હોય ત્યાં સુધી જીવ અનેક પ્રકારના શુભ ભાવોમાં હોય છે. આ શુભ ભાવનો જ્ઞાની નિષેધ કરતા નથી, પણ એમાં જ ધર્મ છે, તે માન્યતાનો નિષેધ અવશ્ય કરે છે. શુભ ભાવમાં સાધક ગોથાં ન ખાઈ જાય તે માટે જ પ્રત્યક્ષ જ્ઞાનીના સત્સંગની જરૂર રહે છે.

સંપૂર્ણ જ્ઞાની - વીતરાગ અને જ્ઞાનીની સમજમાં ફેર હોતો નથી, પણ તારતમ્યતામાં ફેર હોય છે. શુદ્ધતામાં ફેર હોય છે, શુભ ભાવ વિષે વિચારીએ તો તેમાં બે જાતના જણાય છે. ૧. સાંસારિક શુભ ક્રિયા - દાનાદિ અને ૨. સત્ દેવ, સદ્ગુરુ અને સત્ધર્મ પ્રત્યે અચળ શ્રદ્ધા, બીજા પ્રકારનો શુભ ભાવ યોગ્યતા પ્રગટાવવા માટે ઉપયોગી છે. તેમાંથી વૈરાગ્ય પ્રગટે છે.

જ્ઞાનીને પુણ્યાનુબંધી પુણ્ય તેની ઈચ્છા નહીં હોવા છતાં બંધાય છે. જ્ઞાની પોતાના સ્વરૂપમાં રહેવાનો જ પુરૂષાર્થ કરતા હોય છે. સ્વરૂપના જ વિચારોમાં લીન હોય છે. આથી તેને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. કારણકે તેમાં કોઈપણ જાતના પર પદાર્થો મેળવવા માટેની કામના હોતી નથી. આથી જ્ઞાની આવા પુણ્યના ઉદય વખતે - તેના ભોગવટા વખતે સાધનાના ઉચ્ચ શિખરો સર કરવા તરફ જ દૃષ્ટિ રાખે છે. આ પુણ્ય જીવને નીચે પડવા દેતું નથી. શ્રીમદ્ આનંદઘનજી મ.સા. પણ આમ જ કહે છે શ્રી વાસુપૂજ્યસ્વામીના સ્તવનમાં. જે જીવો નિયાણું કરે છે, તેને સંસાર પરિભ્રમણ કરવા રૂપ ફળ પ્રાપ્ત થાય છે. જ્યારે જ્ઞાની સંસાર પરિભ્રમણ કાપી નાખે છે. પુણ્યાનુબંધી પુણ્યના ઉદય વખતે જ્ઞાની પોતાના સ્વભાવમાં જ રહેવા પ્રયત્ન શીલ હોય છે, તેમાં જ રહી શકે છે તેથી નિર્જરા થઈ જાય છે. નવા કર્મનું ઉપાર્જન થતું નથી.

અંદરમાં જેટલા પ્રમાણ વીતરાગતા પ્રાપ્ત થઈ શકે છે. સ્થિરતા પ્રાપ્ત થઈ છે, તેના પર જ દૃષ્ટિ રાખવાથી અંદરમાં રહેલા કષાયની ઉદીરણા થાય ત્યારે તેનો ક્ષય થઈ જાય છે. કારણ દૃષ્ટિ વીતરાગતા પર હતી.

જ્યારે આત્મ અનુભવ થાય છે ત્યારે કલ્પનાઓનો નાશ થાય

છે. કોઈપણ પ્રકારના શુભ ભાવથી જીવને વૈરાગ આવી શકે છે. વૈરાગ્યની પ્રાપ્તિ સુવિચાર દ્વારા થઈ શકે છે. વૈરાગ્ય વગર દશા પ્રગટ થઈ શકતી નથી. ઈચ્છાથી કોઈપણ વસ્તુ - પરપદાર્થમાં જોડાવાથી પોતાની જ્ઞાનધારા તુટી જાય છે. અંદરમાં વિકલ્પ ઉઠવાથી કર્મબંધ થતો નથી, પણ તેમાં રસ રેડવાથી બંધ થાય છે. જ્ઞાનીને વિકલ્પ હોય છે. પણ તેમાં રસ હોતો નથી. ક્યારેક રસ ઊભો થાય તો રસના પ્રમાણમાં બંધ થાય છે. પણ જ્ઞાનીને તેમાં એકત્વપણું ઉત્પન્ન થતું નહીં હોવાથી બંધ થાય તો તે પણ મંદ રહે છે અને મોટા ભાગે તો નિર્જરા જ થાય છે. જ્ઞાનીના અંતરમાં વૈરાગ્ય અને જ્ઞાન એ બે શક્તિ છે, જે પરમાં એકત્વપણું થવા દેતી જ નથી.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેથી તે સ્વભાવ દશામાં જ્ઞાનનો જ કર્તા છે અને વિભાવ દશામાં અજ્ઞાન - રાગ દ્વેષનો કર્તા છે. જેટલા પ્રમાણમાં પર વસ્તુમાં રાગ તેટલી તન્મયતા તેમાં આવે અને કર્મબંધ થાય.

સત્પુરૂષના ગુણોનું ચિંતન કરીએ ત્યારે સ્વરૂપ ભક્તિ કરી કહેવાય. નિમિત્ત નૈમિત્તિક સંબંધને કર્તા કર્મ સંબંધ માની લેવો તે જ સંસાર છે. જ્ઞાનીમાં રાગ ઉત્પન્ન થાય પણ તે તેના પણ જ્ઞાતા બની રહેતા હોવાથી તેમાં ભળવાપણું થતું નથી. તેમને સ્વપરનો ભેદ પડી ગયો હોવાથી પરભાવમાં - પરવસ્તુમાં સ્વામીત્વ ભાવ આવતો નથી. જેટલા પ્રમાણમાં જ્ઞાનીનું માહાત્મ્ય આપણી અંદર આવે તેટલા પ્રમાણમાં અંતરંગ શુદ્ધિ આપણને પ્રાપ્ત થાય.

સાધકે સતત એ ખ્યાલ રાખવાનો છે કે બને ત્યાં સુધી પરભાવમાં એકત્વપણું ન આવી જાય. જગતના પદાર્થો પ્રત્યે તુચ્છતા અને સ્વદ્રવ્યનો મહિમા આવે તો અંતરંગ વૈરાગ્ય - જ્ઞાન

ગર્ભિત વૈરાગ્ય પ્રગટે. તે જ વૈરાગ્ય આગળ જતાં સ્વરૂપની પ્રાપ્તિ કરાવી દે. સર્વજ્ઞનો સ્વીકાર કરવો એ જ પુરૂષાર્થ છે. જો આ થઈ શકે તો ઉપયોગ અંતર્મુખ થયા વગર રહે નહીં. સર્વજ્ઞનો યથાર્થ વિચાર જ્ઞાની કરી શકે અથવા તેનો આશ્રિત કરી શકે.

જો આપણું સાચું સુખ આપણી અંદરમાં જ છે તેમ નિર્ણય થાય તો મન અંતર્મુખ થવા પ્રયત્ન કરશે અને અંતર્મુખ થઈ જશે. કષાયોને હટાવવાનો એક જ મુખ્ય ઉપાય છે. સતત જાગૃતિ પ્રાપ્ત કરવી તે. જ્યાં સુધી આત્માનો આધાર સાધકને પ્રાપ્ત થાય નહીં ત્યાં સુધી તે દૃષ્ટા રહી શકતો નથી. કષાય તરફ દૃષ્ટિ કરવાથી તે જતા નથી પણ આપણી દૃષ્ટિ સ્વરૂપ સામે કરવાથી કષાય જાય છે. ચિંતન કરવું તે જાગૃતિ છે. સમાધિમાં રહેવું એટલે અત્યંત જાગૃત અવસ્થા પ્રાપ્ત થવી.

તત્ત્વનો વિચાર એ પ્રધાન વસ્તુ છે. જેટલો અકર્તાભાવ દૃઢ થાય તેટલું જલ્દી કામ થાય. આત્મામાં જે સુખ પડેલું છે તેને કષાય પ્રગટ થવા દેતા નથી. કષાયને દૂર કરવામાં આવે તો જ સુખ પ્રગટે.

આ જીવને કયું સાધન ઉપયોગી છે તે જ્ઞાની જાણે છે. સદ્‌ગુરુની આજ્ઞા એ રાજમાર્ગ છે. એમાં બુદ્ધિના વિકલ્પને સ્થાન નથી. સર્વ સમર્પણ દ્વારા આશ્રય ભક્તિ પ્રાપ્ત થવી જોઈએ. ચિત્તની નિર્મળતાની ભૂમિકા તૈયાર થયા પછી છ પદનું ચિંતન-મનન કરવાથી સ્વરૂપ પ્રાપ્તિ થાય છે. આત્મજ્ઞાન વિના મનોનાશ નથી. થોડા વખતને માટે મનનું ચૂપચાપ બેસવું એ મનોલય કહેવાય છે. પણ મનની એ શાંતિ અસ્થાયી હોય છે. તેથી તે મોક્ષ માર્ગમાં સહાયક થતી નથી. સંકલ્પ વિકલ્પ વાસના - ઘોર રાગદ્વેષ વિગેરેના નાશ દ્વારા મનનો સર્વથા નિષેધ કરી

દેવામાં આવે તેને મનોનાશ કહેવામાં આવે છે. આ પ્રકારનું મન મોક્ષમાં સાધક બને છે.

મળ - એટલે કામ, ક્રોધાદિ દોષ તે નિષ્કામ સેવાથી નાશ પામે છે.

વિક્ષેપ - મનની ચળ-ચપળ વૃત્તિ તે. સાધના દ્વારા નાશ પામે છે.

અજ્ઞાન - સત્શ્રુતના શ્રવણ મનન દ્વારા નાશ પામે છે.

સાધનાપથનું પ્રથમ પગથીયું છે - મનનો નિરોધ કરવો તે. યોગાભ્યાસનું લક્ષ્ય છે. મનની ઉપરામતા - શાંત થઈ જવું તે અને ત્યારબાદ જ ધ્યાનનો માર્ગ પ્રશસ્ત થાય છે. વિવેક, આત્માના અનુશીલન અને ધ્યાનના માધ્યમથી મનને શાંતિ પ્રાપ્ત થાય છે. મનના વિકારો શાંત થઈ જાય છે, ત્યારે મન પરમાત્મ સ્વરૂપમાં લીન થઈ જાય છે. જીવાત્મા અને પરમાત્મા વચ્ચે આ મન જ વિભાજક રેખા છે. ઈચ્છાઓથી મનને છુટું પાડવાથી સાધક સર્વ કાંઈ પ્રાપ્ત કરી શકે છે. સુખ-દુઃખમાં સમત્વ બુદ્ધિ રાખવી, મનોજય કરવા માટે અત્યંત આવશ્યક છે, શારીરિક વિપાક અને માનસિક હર્ષ, શોકાદિ અવસ્થામાં સમ રહેવાથી સાધક પરમાત્મ પદને પ્રાપ્ત કરે છે. જપ, કીર્તન, પ્રાર્થના, ગુરૂસેવા તથા શાસ્ત્રોનું અધ્યયન પણ મનોજયમાં સહાયક થાય છે. મનની કુદાકુદના દ્રષ્ટા સાક્ષી બનવાથી મન શાંત થઈ જાય છે. મોહને કેન્દ્ર બનાવીને મન એની ચારે બાજુ ચક્કર લગાવે છે. જો વિવેકથી મનનો નાશ કરી દેવામાં આવે તો પછી તે માયાથી પ્રભાવિત થશે નહીં. એ જ જીવનની - સાધનાની મોટી સફળતા છે. મનની વૃત્તિઓને મહત્વ નહીં આપો તો તે પોતાની મેળે જ અસ્ત થઈ જશે. વૃત્તિનો ઉદય થવા સાથે જો સંકલ્પ વિકલ્પ જોડવામાં આવે તો જંજાળ વધતી જ

રહે છે. વિષયો પ્રત્યે અનુરાગ કે વિરાગ ન રહે ત્યારે મન થાકી જાય છે. વાસના પર વિજય મેળવવો એ મુખ્ય પુરૂષાર્થ છે, મનને યોગ તથા જ્ઞાન દ્વારા નિયંત્રણમાં લઈ શકાય છે. મનનો નાશ થતાં ''અહં''નો નાશ થાય છે. આ અહં-અહંકાર જ જીવ અને ઈશ્વર વચ્ચેનો પડદો છે. ઈન્દ્રિયોના સંમિલિત સ્વરૂપને મન કહી શકાય.

આત્મામાં મનને સ્થિર કરવાનો અભ્યાસ અને સાંસારિક વસ્તુઓ પ્રત્યે વૈરાગ્ય એ મનના નિરોધમાં ઘણા જ મદદગાર છે. મનને બધી જ ઈચ્છાઓથી મુક્ત કરી દેવું તે જ ઉત્તમ છે.

આત્મા જ્યારે સ્વ તરફ પ્રયાણ કરે છે, ત્યારે એને પોતાના ઘરનો આનંદ મળે છે. જગતમાંથી ખોવાઈ જાય ત્યારે જ જગદીશ (આત્મા) મળે છે. મનમાં જે જે પરનાં વિકલ્પો આવે તેને દૂર કરવા તરફ લક્ષ અપાય એટલે તેના પ્રત્યે દષ્ટાભાવ કેળવાય તો આત્મ સાક્ષાત્કાર થાય. વીર્ય જે બાહ્ય ભાવોમાં ફોરવાય છે તેને આત્મ સંયમમાં ફોરવવા પુરૂષાર્થ જોરદાર કરવો પડશે. આંતરિક વૃત્તિઓમાં જે આભ્યંતર પરિગ્રહના જાળા બાઝેલાં છે તેને ખસેડવા પડશે. આ કાર્ય કઠિન છે પણ કરવું જરૂરી છે. અનાદિથી જીવ પરભાવમાં રમણતા કરવા તરફ ઢળેલો છે. તેને પાછો વાળી સ્વભાવમાં સ્થિર કરવા પુરૂષાર્થ કરવાનો છે. આત્મ સમાધિને પ્રાપ્ત કરવા માટે નિમિત્તાધીન દષ્ટિ થઈ જાય છે, તેને તેમાંથી પાછી વાળી નિજાત્મમાં વાળવી પડશે. શરીર કરતાં આત્માને વધારે જાળવવાનો છે, કે જેથી સંસાર પરિભ્રમણમાંથી પાછા વળી શકાય. ત્રણે કાળે જીવ જીવે છે, માટે ચૈતન્ય દષ્ટિ કરી સાધનામાં આગળ વધવા પુરૂષાર્થ કરવો.

સમ્યક્ જ્ઞાન - ચારિત્ર વડે સમ્યગ્ દર્શનની વિશુદ્ધિ થતી રહે

તે ખૂબ જ જરૂરી છે. વિકાસ આત્મ સાધનામાં થતો રહે તે સતત પણે જોતા રહો. ટૂંકી જીંદગીમાં આત્મસંપત્તિ મેળવવાની છે. સંયોગ છે તેનો વિયોગ થવાનો જ છે. માટે સંયોગ આધિન દૃષ્ટિ નહીં કરતાં આત્મલક્ષને મુખ્યતા આપવી. આ મનુષ્ય ભવમાં મળેલી તક નિષ્ફળ ન જાય તેનું સતત ધ્યાન રાખો. પુદ્ગલ ભાવોમાં જે આનંદ મનાય છે તે છોડી આત્માનંદી બનવાનું છે. અત્યાર સુધી જડને જ ઓળખ્યું હતું માટે આત્માને કર્મબંધન થાય છે કે નહીં તેના તરફ લક્ષ ન હતું. હવે તેનું લક્ષ રાખવાનું છે. તેમાં જ જાગૃતિ લાવવાની છે.

મનને બાળીને નહીં પણ મનને વાળીને જે જીવી જાણે તે જ યોગી કહેવાય છે. મનને બાળે નહીં પણ પ્રથમ રોકે પછી વાળે અને અખિલ લોકમાં ચૈતન્યને નિહાળે તે જ સાચો યોગી. જીવનમાંથી ગર અને ગરજને કાઢીએ તો જીવનનો મધુર અંશ પ્રાપ્ત થાય.

શ્વાસોચ્છ્વાસની સાથે સોહમનો જાપ જપવાથી મન બહિર્વૃત્તિમાંથી પાછું વળી જાય છે અને કર્મોને તોડી નાખે છે, તેમજ આત્માનો વિકાસ થાય છે. દરેક કર્મ નિશ્ચિત સ્થિતિવાળાં છે. તેની સાથે સંગ્રામ કરતાં પાછી પાની કરવી નહીં, તો વિજયની વરમાળા તમારા હાથમાં છે. અત્યાર સુધી આ જીવે બહુ સાંભળ્યું છે, વાંચ્યુ છે, તે બધાનું પરિણામ શું આવશે તેનો વિચાર જરૂરી છે. આ અવસર પ્રાપ્ત થયો છે, તેમાં પ્રમાદ કરવા જેવું નથી.

ઉદય રૂપી કૂતરાને વારંવાર કરડવા નહીં દેતા, સમકિત રૂપી સિંહને જગાડીને, તેને ઘરની બહાર કાઢી મૂકો. ઉપયોગની ધારા અખંડ વહેતી હોય ત્યાં ઉદય શું કરે ? તેને નિર્જરી જવું જ પડે

અને તેનું પરિણામ અફળ રૂપે જ આવે. જેથી પછી તે કોઈપણ પરિસ્થિતિમાં શાંત ભાવમાં રહી શકે.

હે જીવ ! તારે તો જો કોઈ કર્મ વિપાક આવી પડે તો વિપાક તરફ દૃષ્ટિ ન આપતાં આત્મદશામાં જ રમણતા કરવી. દેહના ધર્મો દેહ ભજવવાનો છે. હું તો માત્ર તેનો જ્ઞાતા દૃષ્ટા છું. અત્યાર સુધી પોતાના સ્વરૂપમાં રસબસ થઈ રમતો થયો નથી, પરની રુચિ ટાળી નથી, નિકટ સ્નેહીનો વિરહ આંસુડા સરાવે છે, પણ હે ભગવાન ! તારો વિરહ યાદ આવતો નથી.

અશાતાના ઉદય રૂપી પરિષહ આવે ત્યારે તે તમને જીતી લે છે કે તમે તેને જીતી લ્યો છો તે જુઓ. આત્મા તો અવ્યાબાધ અનંત સુખનો ધણી છે. શરીરના એકપણ પરમાણુ પર તારૂં જોર ચાલી શકે તેમ નથી. તો તેને તેના ભાવમાં રહેવા દે, પણ તું તે ભાવમાં જઈ જરા પણ કર્મ બાંધ નહિ. હાલની વેદના કરતાં અનંતગણી વેદના હે જીવ ! તેં નરકમાં વેદી છે, માટે તેમાંથી બહાર નીકળી જવું. વેદનાનું વેદન કરતાં ઉપદેશ રૂપે જે શ્રુત સાંભળવા મળ્યું હોય તેનું ચિંતન મનન કરવું. જેથી કર્મની સકામ નિર્જરા થઈ જાય. જે વેદન થાય છે તે નડતું નથી, નડે છે દેહાદિનો મોહ. આ મોહને નાશ કરવા અપ્રમત્ત થઈ સમભાવમાં ટકવા પુરૂષાર્થ કરવો. તેના માટે આંતરિક બળ મેળવવું. જે દેહ છે તે વિટંબણાનું જ ઘર છે. તેમાં ખેદ કરી આત્મ વિસ્મરણ કરવું તે નુકસાનનો ધંધો છે. દુઃખનું કારણ માત્ર વિષમ આત્મા છે, બાહ્ય સંયોગો નથી. જો આત્મા સમ છે તો સર્વ સુખ જ છે. જેનું હૃદય શુદ્ધ સંતની બતાવેલી વાટે ચાલે છે તેને ધન્ય છે. સરળતા એ ધર્મનું બીજ છે. સ્વરૂપ લક્ષે આ સરળતા હોય તો જીવન ધન્ય બની જાય છે. પુદ્ગલની હાની વૃદ્ધિ પર ખેદ, ખિન્ન કે રાજી થવું

નહીં, મમત્વ એ જ બંધ અને બંધ એજ દુઃખ. પર પદાર્થ પ્રત્યેની આસક્તિ ભાવનો ત્યાગ કરવો. તેમાં લુબ્ધ થવું નહીં. આત્માંમાં જ ઉપયોગ રાખવો તે કર્મથી મુક્ત થવાનો ઉપાય છે. મને બાંધનાર બીજું કોઈ નથી. મારી ભૂલથી જ હું બંધાઉ છું. એક માત્ર પોતાના આત્માને લક્ષમાં રાખશો તો સર્વ શત્રુઓ (કર્મરૂપી)નો નાશ થઈ જશે.

એક અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, દુઃખ, સુખ, ખેદ, આનંદ, રાગ, અણરાગ ઈત્યાદિ યોગ વ્યવસ્થિત કારણોને લઈને રહ્યા છે. માટે વિચાર કરી વસ્તુને ફરી ફરી સમજવા પ્રયત્ન કરવો જરૂરી છે.

જડનો સ્વભાવ આપણાથી ફેરવાય નહીં, પણ ચૈતન્ય જો સ્વભાવમાં પરિણમન કરે તો, અપકર્ષણ થાય, કર્મો ખસી જાય અથવા સંક્રમણ થાય. માટે સાધકને એમ જોવું જોઈએ કે, "હું મારા જાણપણાને જોનાર છું. હું વર્ણ, રસ, ગંધ, સ્પર્શને પણ જાણનાર છું. દુઃખને પણ જાણનાર છું, જ્ઞાન સ્વભાવ જ મારો છે. ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ નહીં કરવી. સઘળાં અનિષ્ટની જનેતા અજ્ઞાનતા છે. જગત ભલે દુઃખનું મહાલય હોય પણ સાધક માટે તો તે શીક્ષાલય સમું છે. માટે નમાલા વિચારોને દૂર કરો. જેનું મન સ્વચ્છ તેનું બધું સ્વસ્થ સદાને માટે હોય છે.

આત્મા તો અનંત શક્તિનો ધણી છે અને શરીરમાં તો શક્તિનો છાંટોય નથી. તેનો સ્વભાવ વર્ણ, રસ, ગંધ, સ્પર્શ છે. જો અન્યને આરામ આપે એવું ન બને તો મારો આત્મારામ ક્યાંથી શાંતિને પામે. ગયો કાળ પાછો આવતો નથી, વર્તમાન ઉપયોગની ધારામાં સાવધાનપણે રહે તેજ જીતી જાય છે.

ખોટી ખુમારી જીવ માટે મોટી બિમારી છે. માટે જ્ઞાનીના

જ્ઞાન પાસે મારૂં જ્ઞાન શું વિસાતમાં છે એમ સમજી જીવનમાં ઉતારવાની જરૂર છે. **સમયં ગોયમં મા પમાયએ.** વાક્ય સતત યાદ રહેવું જોઈએ. સ્વરૂપને વિષે સ્થિત રહેવું તે પરમાર્થ સંયમ છે. તે સંયમના કારણભૂત અન્ય નિમિત્તોના ગ્રહણને વ્યવહાર સંયમ જિનેશ્વરે કહ્યું છે. માટે જેટલી પોતાની શક્તિ હોય તે સર્વ શક્તિથી એક આત્માનું લક્ષ રાખીને લોકેષણાને ટાળીને, અભિમાન મુકીને, સંગનો ત્યાગ કરીને જીવને સમજાવીને જે રીતે રત્નત્રયી-જ્ઞાન દર્શન ચારિત્રને વિષે સતત જાગૃત થાય તે જ કરવામાં વૃત્તિ જોડવી. અહોરાત્ર તેની વિચારણામાં પ્રવર્તવું તે જ કર્તવ્ય છે. જીવને જ્યાં સુધી પોતાનું જ્ઞાન થતું નથી એટલે કે દર્શન થતું નથી ત્યાં સુધી સંસાર પરિભ્રમણમાંથી પાર ઉતરવા માટે આગળ વધી શકતો નથી. અનંતકાળથી જીવ હીન ઉપયોગમાં જ જોડાયેલો રહ્યો છે. તેને અટકાવવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

જ્યારે આત્મા પોતાને અનુભવે છે, ત્યારનો તેનો અનુભવ અવર્ણનીય હોય છે. તે અનુભવી શકાય છે. વ્યક્ત કરી શકાતો નથી. આપણને પ્રાપ્ત થયેલ મનુષ્ય દેહ, સદ્‌ગુરુ અને પરમાર્થ મેળવવા માટેના અનુકૂળ એવા યોગો પ્રાપ્ત થયા છતાં જન્મ મરણના ફેરામાંથી બહાર નીકળવા પુરૂષાર્થ ન કર્યો તો આ આત્માને ધિક્કાર છે. માટે આ માર્ગે પ્રયાણ કરવું જોઈએ. જેથી આત્મા મુક્તિનો આસ્વાદ માણી શકે. મન જેમ જેમ અંતર્મુખ થતું જશે તેમ તેમ આપણી અંદર રહેલા જ્ઞાન સાગરમાંથી અમૂલ્ય રત્નો પ્રાપ્ત થતા રહેશે. પર તરફ જે રાગ દ્વેષ વૃત્તિ છે, તે ટાળવા પ્રયત્નશીલ બનવું જોઈએ. નિમિત્તાધીન દૃષ્ટિથી દૂર થવા પ્રયત્નશીલ બનવું જરૂરી છે. પર પદાર્થ મને દુઃખ કે સુખ આપવા સમર્થ નથી. અશાતા વેદનીય કર્મ ભોગવતી વખતે પર પદાર્થોનું

સેવન કરવાથી દુઃખ નાશ પામતું નથી. કદાચ કર્મ જ એવું હોય અને અનુકૂળ પદાર્થ મળી જવાથી શાંત થતું દેખાય, તેથી પર પદાર્થ દુઃખનો નાશ કરવા સમર્થ છે, તેમ માનવું એ ભૂલ છે. સાચી વાત તો એ છે કે કર્મને કારણે ઊભી થયેલી અશાતાને સમભાવે વેદવાથી કર્મ નિર્જરી જાય છે. એટલે કે નવા કર્મનું બંધન થતું નથી. પર પદાર્થ પ્રત્યેથી મમત્વભાવ છુટી જશે ત્યારે સ્વાનુભૂતિ થશે. જ્યારે જીવ અનુભવને પામશે ત્યારે તેને પોતાનું જીવન સાર્થક થયું ગણાશે.

શારીરિક પરિસ્થિતિ અનુકૂળ રહેવી કે પ્રતિકૂળ રહેવી તે કર્મના ઉદયને આધિન છે. શારીરિક અશાતાના સમયમાં તેની સાથે ઝઝુમવા માટે કમર કસી સમભાવે વેદવા તૈયાર થવું જરૂરી છે.

If you want to be happy in true sense, don't compare yourself with others. But always compare thyself what you are ? What you wish to be ? એટલે કે જો તમે સુખનો આનંદ લેવા માંગતા હો તો તમે અન્યની સાથે તમારી તુલના ન કરો. જો તમને તુલના કરવાનું મન થાય તો તમારી વર્તમાન અવસ્થા સાથે કરો કે તમે શું છો ? અને તમે શું થવા માંગો છો ? આજુબાજુના સંયોગો સાથે જો તુલના કરવા જઈશું તો તેમાં આપણને જ નુકસાન થવાનો સંભવ છે. માટે તે તરફ ઉદાસીન થઈ અંતર્મુખ થઈ પોતાની જાતનું જ અવલોકન કરવું અત્યંત જરૂરી છે અને તે જ લાભદાયક છે કે જેથી પોતાના દોષો, પોતાની ભુલો દેખાય છે, જેને દૂર કરવા પુરૂષાર્થ કરી શકાય. યથાર્થ પુરૂષાર્થ જ મોક્ષ તરફ આગળ લઈ જાય છે. જો તમારે આ જન્મને સફળ બનાવવો જ હોય તો

તમારી સુષુપ્ત ચેતનાને, ગુપ્ત રહેલી શક્તિઓને પ્રગટાવો. આત્મામાં અનંત શક્તિઓ રહેલી છે. તે જ શક્તિઓને પ્રગટાવવાથી જ અનંત અજ્ઞાન રૂપી અંધકારને ભેદીને કેવળજ્ઞાન - કેવળદર્શન તરફ આગળ ધપી શકાશે.

આપણામાં રહેલો ભ્રમ આપણું જ પતન કરે છે. આ ભ્રમ - અજ્ઞાન જ દુઃખ રૂપ છે. એ ન ટળે ત્યાં સુધી જન્મ મરણના ફેરા રૂપી દુઃખ તો ઊભું જ છે. જેણે આ અજ્ઞાન રૂપ ભ્રાંતિને ટાળી છે, તેને ગમે તેટલા પ્રતિકૂળ પ્રસંગો ઊભા થાય તો પણ તેને સાધના માર્ગમાંથી હટાવી શકતા નથી. તે તો આગળ ધપ્યે જ જાય છે. મોહનો મદ ઉતરશે તો જ પાપ ત્યાગનો ભાવ પ્રગટ થશે. હાલમાં ચીજ વસ્તુની અછત કરતાં નિષ્પાપ જીવન વ્યવહારની અછત જામી પડી છે. માટે ચિદાનંદી ચૈતન્ય સ્વભાવ અને વિકાર એ બેનો ભેદ પાડીને સામર્થ્ય વડે સ્વભાવ તરફ ટળવા પુરૂષાર્થ કરીશું તો વિકાર ભાવોનું જોર તુટી જશે.

**કર્તવ્યના સ્વીકારમાં, ભીતિ કદી કરવી નહીં;**
**પાપી તણા સંગાથમાં, નીતિ કદી તજવી નહીં;**
**નિંદા કરે જુઠા જનો, તેથી કદી ડરવું નહીં;**
**ધારેલ સત્ય વિચારથી, પાછા કદી ફરવું નહીં.**

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

✧ ✧ ✧

# ✧ નોંધ ✧